
પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329
arham publications RAJKOT
RAJKOT/639/2022-2024 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

# અબતક
સાંધ્ય દૈનિક

મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા




**સુવિચાર**


જીવનની સૌથી મોટી લડાઈ માણસ પોતાના વિચારો સાથે લડતો હોય છે... સંજોગો સાથે તો બસ સમાધાન જ કરવું પડતું હોય છે...

શહેર આવૃત્તિ પાનાઃ ૧૪
તા. ૬-૮-૨૦૨૪, મંગળવાર
વર્ષઃ ૧૩, અંક : ૧૨૮

Price Rs.:4 ABATAK-RAJKOT 0281- 2461234, 2460999 94266 72303 abataknews@gmail.com @abtakmedia




**ઓલિમ્પિક્સઃ હોકી સેમિ ફાઈનલમાં રાતે ભારત-જર્મની વચ્ચે ટક્કર**



**જંગલ ખાતાનો જંગલીયાત જેવો 'ફતવો', ૯૦ અગરીયાઓને મીઠું પકવાથી વંચિત રખાશે તો 'મીઠાંની તાણ' ઉભી થશે**



**૨૦ વર્ષ પહેલા મૃત્યુ પામેલા ગુનેગારને સાધુના વેશમાં ઝડપી લેતી સીબીઆઈ**



**અનામતની ટકાવારીના ફેરફાર 'દલિત પોલિટિક્સ'માં ઉથલપાથલ લઈ આવશે**

## ક્યાં કારણસર વિશ્વ આખાના શેરબજારમાં કડાકા બોલ્યા?

# જાપાને પા ટકા વ્યાજદર લગાવતા વિશ્વ આખાના બજારોમાં ઉથલપાથલ

## અત્યાર સુધી વિશ્વ આખામાં ૦% વ્યાજે ફન્ડિંગ કરતા જાપાને હવે વ્યાજ લેવાનું શરૂ કરવાનો નિર્ણય લેતા યેનને મળી મજબૂતાઈ, વિશ્વ આખાના માર્કેટ નીચે પટકાયા

**અબતક, નવી દિલ્હી**

સમગ્ર વિશ્વના બ્લેક મંડે પાછળ કયા કારણ હતા. તેને લઈને અનેક ચર્ચાઓ ચાલી રહી છે. મોટાભાગના લોકોને લાગતું હતું કે ઈઝરાયેલ અને ઈરાનના ઘર્ષણને લઈને માર્કેટ પટકાયા હતા. પણ આની પાછળનું કારણ જાપાનનો વ્યાજદર છે. અત્યાર સુધી વિશ્વ આખામાં 0 ટકા વ્યાજે ફન્ડિંગ કરતા જાપાને હવે ૦.૨૫ ટકા વ્યાજ લેવાનું શરૂ કરવાનો નિર્ણય લેતા વિશ્વ આખાના માર્કેટ નીચે પટકાયા છે.

જેમ વિકાસશીલ દેશોના પ્રશ્નો છે તેમ જ વિકસિત દેશોના પણ અલગ પ્રશ્નો છે. જાપાન તેના દેશમાં ડેવલપમેન્ટની ચરમસીમાએ પહોંચી ગયું છે. જેથી તે વગર વ્યાજે વિશ્વને પૈસા આપીને પોતાના ચલણને મજબૂત બનાવી રહ્યું છે. બે અઠવાડિયા પહેલા, જાપાનીઝ યેનનો ભાવ ૧ ડોલર સામે ૧૬૫ પર ટ્રેડ થઈ રહ્યો હતો. જાપાનમાં છેલ્લા ૩૦ વર્ષથી વ્યાજ દરો શૂન્ય છે, પરિણામે લોન પર પણ બિલકુલ શૂન્ય વ્યાજ મળે છે.ઘણી સંસ્થાઓ, ફંડ્સ અને હેજ ફંડોએ જાપાન પાસેથી મોટી રકમ ઉધાર લઈને અને યુએસ બજારોમાં તે ભંડોળનું રોકાણ કરીને આ પરિસ્થિતિનો લાભ લીધો. તેમને શૂન્ય-વ્યાજ લોનથી ફાયદો થયો, અને યેન સામે ડોલર સતત વધી રહ્યો હતો. કારણ કે આ રોકાણો નોંધપાત્ર હતા, મોટાભાગના હેજ ફંડ્સે યેન ટૂંકાવીને તેમની સ્થિતિ સુરક્ષિત કરી હતી. બધું એકદમ સારું થઈ રહ્યું હતું. લોકો વર્ષોથી આસાનીથી નાણાં કમાઈ રહ્યા હતા, તેથી

(અનુ. આઠમા પાને)

### ફેડરેટ ઘટાડવો અમેરિકા માટે ફરજીયાત!

બજારમાં ઉથલપાથલ ચાલુ હોવાથી ફેડ પર વ્યાજદરમાં ઘટાડો કરવાનું દબાણ હોવાનું જણાય રહ્યું છે. સીએમઈ ગ્રુપ ડેટા સૂચવે છે કે હવે અડધા પોઈન્ટનો ઘટાડો થઈ શકે છે. વૈશ્વિક સ્તરે શેરબજારોમાં વેચવાલીથી યુએસ ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજ દરોમાં ઝડપથી અને નિર્ણાયક ઘટાડો કરવા માટેના કોલને વેગ મળ્યો છે, કેટલાક વિશ્લેષકો હવે સપ્ટેમ્બરમાં વ્યાજ દરો અંગેના નિર્ણય પહેલાં કટોકટી ઘટાડવાની હાકલ કરી રહ્યા છે. ફ્યુચર્સ માર્કેટ્સ, જે ગયા સપ્તાહ સુધી યુએસ સેન્ટ્રલ બેંકના સપ્ટેમ્બરમાં આગામી વ્યાજ દરના નિર્ણય પર ક્વાર્ટર ટકા પોઈન્ટ કટની અપેક્ષા રાખતા હતા, હવે સીએમઈ ગ્રુપના ડેટા અનુસાર અડધા પોઈન્ટનો ઘટાડો થવાની શક્યતા વધુ છે. દરો પરના વલણમાં તીવ્ર ફેરફાર થયો છે, બેંક ઓફ અમેરિકાના અર્થશાસ્ત્રીઓએ ગ્રાહકોને તાજેતરમાં લખેલી નોંધમાં ઉમેર્યું હતું કે તેઓ હવે સપ્ટેમ્બરમાં દરમાં ઘટાડો ''વર્ચ્યુઅલ લોક'' તરીકે જુએ છે. યુએસ સેન્ટ્રલ બેંકે ગયા (અનુ. આઠમા પાને)

# પૂર્વ પાકિસ્તાનમાંથી બનેલું બાંગ્લાદેશ ભારત માટે વધુ એક ખતરો લાવી શકે છે?

## ભારત સાથેનો વેપાર અટક્યો, હવે અશાંતિને કારણે ભારતના સરહદી વિસ્તારો પણ જોખમમાંઃ નવી વચગાળાની સરકાર પાકિસ્તાન અને ચીન સાથે હાથ મિલાવે તેવી પણ શકયતા

**અબતક, નવી દિલ્હી**

બાંગ્લાદેશ પહેલા પાકિસ્તાનનો ભાગ હતો. તેને પૂર્વ પાકિસ્તાન કહેવામાં આવતું હતું. પરંતુ ભારત સાથે ૧૯૭૧ના યુદ્ધ બાદ પાકિસ્તાને આ વિસ્તાર છોડવો પડ્યો હતો. ભૂતપૂર્વ વડા પ્રધાન ઈન્દિરા ગાંધીના શાસનકાળમાં એક નવો દેશ અસ્તિત્વમાં આવ્યો. જેને સૌપ્રથમ ભારતે સ્વતંત્ર રાષ્ટ્ર તરીકે માન્યતા આપી હતી. પરંતુ ત્યારથી આ દેશમાં હિંસાનો યુગ ચાલુ છે. ઘણી વખત હિંસા બળવા તરફ દોરી ગઈ છે. તાજેતરનો મામલો પૂર્વ (અનુ. આઠમા પાને)



### બાંગ્લાદેશમાં દરરોજની રૂ.૧૫૦ કરોડની આયાત-નિકાસને અસર

બાંગ્લાદેશમાં બગડતી પરિસ્થિતિ વચ્ચે કારોબાર અટકી જવાને કારણે લાખો લોકો આજીવિકા સંકટનો સામનો કરી રહ્યા છે. ભારતના પરિપ્રેક્ષ્યમાં જોવામાં આવે તો દરરોજ રૂ. ૧૫૦ કરોડથી વધુની આયાત-નિકાસને અસર થઈ રહી છે. હવે તેમાં વધુ વધારો થવાની સંભાવના છે. જો આ સ્થિતિ લાંબા સમય સુધી ચાલુ રહે છે, તો ભારતમાં કપડા, કેટલીક દવાઓ, જૂતા, બેગ અને પર્સ સહિત અન્ય ઉત્પાદનોની કિંમતો વધી શકે છે, જે બાંગ્લાદેશના મીરપુરમાં કપડાની ફેક્ટરી ચલાવે છે અમે વર્ષોથી કામ કરી રહ્યા છીએ, પરંતુ પરિસ્થિતિ એટલી (અનુ. આઠમા પાને)

### કેન્દ્ર જે નિર્ણય લેશે તેને સમર્થન આપીશું: મમતા બેનરજી

બાંગ્લાદેશની અશાંતિએ પશ્ચિમ બંગાળ ઉપર જોખમ વધાર્યું છે. મમતા બેનર્જીએ જણાવ્યું કે આ બે દેશો વચ્ચેનો મામલો છે. કેન્દ્ર આ મુદ્દે જે પણ નિર્ણય લેશે, અમે તેને સમર્થન આપીશું અને તેની સૂચનાઓનું પાલન કરીશું. મમતાએ તમામ રાજકીય પક્ષોના નેતાઓને ઉશ્કેરણીજનક ટિપ્પણી કરવાનું ટાળવાની પણ અપીલ કરી હતી. આ પહેલા બાંગ્લાદેશમાં હાલમાં જ સરકારી નોકરીઓમાં આરક્ષણ પ્રણાલીમાં સુધારાની માંગને (અનુ. આઠમા પાને)

### ચીન- પાકિસ્તાનની સમર્થક એવી વિપક્ષી નેતા ખાલિદા ઝિયાની જેલમુક્તિ

બાંગ્લાદેશમાં શેખ હસીનાને હટાવ્યા બાદ રાષ્ટ્રપતિ મોહમ્મદ શહાબુદ્દીને પૂર્વ પીએમ અને અગ્રણી વિપક્ષી નેતા ખાલિદા ઝિયાને જેલમાંથી મુક્ત કરવાનો આદેશ આપ્યો છે. રાષ્ટ્રપતિએ તેમને જેલમાંથી તાત્કાલિક મુક્ત કરવાનો આદેશ જારી કર્યો હતો. જો કે કોઈએ વિચાર્યું પણ નહોતું કે ૧૭ વર્ષની સજા ભોગવી રહેલી ખાલિદા થોડા જ વર્ષોમાં જેલમાંથી મુક્ત થઈ શકે છે. પરંતુ હવે તેનું નસીબ ખરેખર ચમકવા જઈ રહ્યું છે. ચીન-પાકિસ્તાનની સમર્થક ગણાતી ખાલિદા ઝિયા ટૂંક સમયમાં જ મુક્ત થવા જઈ રહી છે.

### સંસદમાં લૂંટફાટઃ વડાપ્રધાનની સાડી સહિતની અંગત વસ્તુઓ પણ લૂંટી લેવાય

બાંગ્લાદેશમાં માત્ર એક જ દિવસમાં વડાપ્રધાન કાર્યાલયની સુરત ફરી ગઈ છે. પ્રદર્શનકારીઓએ ૨૧૫ એકરમાં ફેલાયેલી બાંગ્લાદેશ સંસદની ઈમારતને પણ ઘેરી લીધી હતી. હસીનાએ આ સંસદમાં ૬ મહિના પહેલા જ પાંચમી વખત વડાપ્રધાન તરીકે શપથ લીધા હતા. તેમાં ગેટ કૂદીને પ્રદર્શનકારી ઘૂસી ગયા. ત્યાં લૂટ મચાવી, ભોજન કર્યું અને સૂઈ પણ ગયા. આ ઉપરાંત વડાપ્રધાનની સાડી સહિતની અનેક અંગત વસ્તુઓની પણ પ્રદર્શનકારીઓએ લૂંટ ચલાવી હતી.

# વૈશ્વિક સરહદ ઉપરની અને રાજકીય ઉથલપાથલ સોનાનો ચળકાટ વધારી દેશે

## ભાવ વધવાની શકયતાને પગલે સોનાની ખરીદી પાછળ લોકોની દોટ, ખરીદીમાં ધરખમ વધારો

**અબતક, નવી દિલ્હી**

રશિયા- યુક્રેન બાદ ઈઝરાયેલ- હમાસ અને હવે ઈઝરાયેલ- ઈરાન વચ્ચે ઘર્ષણ વધ્યું છે. આ દરમિયાન બાંગ્લાદેશમાં પણ ગૃહયુદ્ધ છેડાયું છે. આમ વિશ્વભરમાં સરહદ ઉપરના તણાવ વધ્યા છે અને રાજકીય ઉથલપાથલ પણ વધી છે. જેને કારણે સોનાના ભાવ ભડકે બળે તેવા એંધાણ મળી રહ્યા છે.

જ્વેલર્સ અને વેપારીઓએ જણાવ્યું હતું કે ગ્રાહકો સોનું ખરીદવા માટે દોડી રહ્યા છે, કેટલાક તો એડવાન્સ ઓર્ડર પણ આપી રહ્યા છે, કારણ કે તેમને ડર છે કે તાજેતરના ઘટાડા પછી ભાવ ફરી વધી શકે છે. બજેટમાં કસ્ટમ ડ્યૂટીમાં ઘટાડા બાદ પીળી ધાતુના ભાવમાં ઘટાડો થયો હતો, પરંતુ વિશ્વના બીજા સૌથી મોટા બુલિયન માર્કેટમાં ખરીદદારોના ધસારાને કારણે ભાવમાં ઉછાળો આવ્યો છે.



જ્વેલર્સે અહેવાલ આપ્યો હતો કે ઓગસ્ટના પ્રથમ સપ્તાહમાં અગાઉના સપ્તાહના કરતાં ૧૫% વધુ ગ્રાહકો જોવા મળ્યા હતા, કારણ કે ગ્રાહકોએ નીચા ભાવનો લાભ લેવાનો પ્રયાસ કર્યો હતો. જો કે, યુએસ ફેડરલ રિઝર્વ વ્યાજ દરોમાં ઘટાડો કરે તેવી ધારણા હતી અને મધ્ય પૂર્વ સંઘર્ષ ભડક્યો હોવાથી માંગમાં વધારાને કારણે ડ્યુટી કટના પખવાડિયાની અંદર ભાવમાં ૨%નો ઉછાળો આવ્યો હતો. ૨૩મી જુલાઈએ રજૂ કરાયેલા નાણાકીય વર્ષ ૨૦૨૫ના બજેટમાં સોના પરની આયાત ડ્યૂટી ૧૫%થી ઘટાડીને ૬% (અનુ. આઠમા પાને)

# ટૂંક સમયમાં 100% ઈથેનોલથી વાહનો દોડતા થઈ જશે

## ભારતીય કંપનીઓ ઈથેનોલથી ચાલતી કાર અને ટુ-વ્હીલરનું ઉત્પાદન કરવા પ્લાન્ટ સ્થાપી રહી છેઃ નીતિન ગડકરી

**અબતક, નવી દિલ્હી**

ઘણી ભારતીય કંપનીઓ ૧૦૦ ટકા ઈથેનોલથી ચાલતી કાર અને ટુ-વ્હીલરનું ઉત્પાદન કરવા ભારતમાં પ્લાન્ટ સ્થાપી રહી છે. તેમ કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ જણાવ્યું હતું. એટલે હવે ટૂંક સમયમાં ભારતના રોડ રસ્તા ઉપર ૧૦૦ ટકા ઈથેનોલથી ચાલતા વાહનો દોડવા લાગશે.

ટોયોટા દ્વારા ઉત્પાદિત ગુડ્ઝ વાહનમાં ગડકરી સંસદમાં આવ્યા હતા અને મીડિયા સાથે વાત કરતાં કહ્યું હતું કે, ''આ વિશ્વનું પ્રથમ વાહન છે જેમાં ફ્લેક્સ એન્જિન છે અને તે પુરો ૬ ઉત્સર્જન ધોરણોનું પાલન કરે છે. તે ચોખ્ખી શૂન્ય ઉત્સર્જન આપે છે. ઈથેનોલ પર ચાલે છે. રસ, દાળ અને મકાઈમાંથી ઉત્પન્ન થાય છે.'' તાજેતરમાં, ટોયોટાએ ૨૦,૦૦૦ કરોડના રોકાણ સાથે મહારાષ્ટ્રના ઔરંગાબાદમાં ફ્લેક્સ કાર બનાવવા માટે પ્લાન્ટ સ્થાપવાની જાહેરાત કરી છે. ગડકરી કહે છે કે ટાટા (અનુ. આઠમા પાને)

# ગેરકાયદેસર ક્રેડિટ લેતી ૧૦ વિદેશી એરલાઈન્સને રૂ.૧૦ હજાર કરોડનો દંડ

## જુલાઈ ૨૦૧૭ થી માર્ચ ૨૦૨૪ સુધી કર ન ચુકાવનાર કંપનીઓ સામે ગાળિયો કસતુ ડીજીજીઆઈ

**અબતક, નવી દિલ્હી**

ડિરેક્ટોરેટ જનરલ ઓફ ગૂડ્સ એન્ડ સર્વિસ ટેક્સ ઈન્ટેલિજન્સ એ દેશમાં કાર્યરત ૧૦ વિદેશી એરલાઈન્સને રૂ. ૧૦,૦૦૦ કરોડના ટેક્સની કથિત ચુકવણી ન કરવા બદલ કારણ દર્શાવો નોટિસ મોકલી છે, એમ અધિકારીઓએ જણાવ્યું હતું.

તેમણે કહ્યું કે તેમાં બ્રિટિશ એરવેઝ, લુફ્થાંસા, ઓમાન એર, અમીરાત અને સિંગાપોર એરલાઈન્સનો સમાવેશ થાય છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે છેલ્લા ત્રણ દિવસમાં મોકલવામાં આવેલી નોટિસ હેડક્વાર્ટરમાંથી ભારતીય શાખાઓ દ્વારા સેવાઓની આયાત પર બાકી ટેક્સ સંબંધિત છે. એક અધિકારીએ જણાવ્યું હતું કે એરલાઈન્સ સંબંધિત વ્યક્તિ દ્વારા આયાતી સેવાઓના પુરવઠાના મૂલ્યાંકન પર ૨૬ જૂને જારી કરાયેલ પરિપત્ર દ્વારા આવરી લેવામાં આવતી નથી જ્યાં (અનુ. આઠમા પાને)

### સૌથી મોટા ક્રિપ્ટો એક્સચેન્જ બીનાન્સને રૂ ૭૨૨ કરોડનો જીએસટી ચૂકવવા નોટિસ

ડિરેક્ટોરેટ જનરલ ઓફ જીએસટી ઈન્ટેલિજન્સના અમદાવાદ પ્રાદેશિક એકમે અગ્રણી ક્રિપ્ટોકરન્સી એક્સચેન્જ બીનાન્સને રૂ. ૭૨૨ કરોડની ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ ચૂકવણી કરવા માટે કારણ બતાવો નોટિસ જારી કરી છે. આ પ્રથમ વખત છે જ્યારે ડિજીજીઆઈ એ ક્રિપ્ટોકરન્સી ફર્મને આવી નોટિસ જારી કરી છે, જે ઝડપથી વિકસતા વર્ચ્યુઅલ કરન્સી માર્કેટને નિયંત્રિત કરવાના ભારતના પ્રયાસોમાં એક મિસાલ સ્થાપિત કરે છે. (અનુ. આઠમા પાને)

# હવે તાંત્રિક વિધિ અને અંધશ્રદ્ધા ઉભી કરનારાઓનું આવી બનશે

## વિધાનસભાના આગામી સત્રમાં જ બિલ રજૂ કરી દેવાય તેવી પ્રબળ શક્યતા

## પીઆઈએલની સુનાવણી બાદ રાજ્ય સરકારને કાયદો ઘડવા હાઈકોર્ટનો આદેશ

**અબતક, રાજકોટ**

અંધશ્રદ્ધા અનેક પરિવારનો માળો વિખેરી નાખતો હોય, અનેક નિર્દોષ લોકોના ભોગ લેતો હોય તેવા અહેવાલ છાસવારે સામે આવતા હોય છે ત્યારે હવે અંધશ્રદ્ધા અને તાંત્રિક વિધિ કરનારાઓનું આવી બનશે. રાજ્ય સરકાર ટૂંક સમયમાં જ અંધશ્રદ્ધા વિરુદ્ધ એક કાયદો અમલમાં લઈ આવનાર છે. હાઈકોર્ટના આદેશ બાદ આગામી વિધાનસભા સત્રમાં જ આ બિલ રજૂ કરી દેવામાં આવે તેવી પ્રબળ શકયતાઓ છે. ગુજરાતમાં આવનારા વિધાનસભા સત્રમાં રાજ્ય સરકાર એક મહત્વપૂર્ણ બિલ લાવવા જઈ રહી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની સરકાર રાજ્યમાં અંધશ્રદ્ધા સામે કાયદો બનાવવા વિધાનસભામાં બિલ લાવશે. બિલ પાસ થતા રાજ્યમાં કાળા જાદુ, અઘોરી પ્રવૃત્તિ અને અમાનવીય પ્રવૃત્તિઓ સામે કડક કાયદો બનશે.



(અનુ. આઠમા પાને)

### માથા ફરેલા માનવીની એક ભૂલે ઈતિહાસ બદલી નાખ્યો !

# આજે હિરોશિમા દિવસ: દુનિયા ક્યારેય નહીં ભૂલી શકે 'મોતનો વરસાદ'

## જાપાનના બંને સુંદર શહેરો સ્મશાન બની ગયા હતા : વિસ્ફોટ અને ગરમીને કારણે લોકોની શરીર પરની ચામડી પીગળી ગઈ હતી અને વૃક્ષોના પાન ખરી ગયા હતા : ૧૩ ચોરસ કિલોમીટરમાં ભયંકર તબાહી મચાવી હતી, લોકો રેડિયો એક્ટિવ (રાખનો વરસાદ) ના સકંજામાં આવી ગયા હતા : ૪ હજાર કિલોના 'લિટલ બોય' અણુ બોમ્બે આખા શહેરને બાળી નાખ્યું હતું

આજે છે ૬ ઓગસ્ટ, આજના દિવસે ૧૯૪૫માં જાપાનનાં હિરોશિમા પર પરમાણુ હુમલો થયો હતો. આ હુમલા ના માત્ર બે દિવસ બાદ ૯ મી ઓગસ્ટે જાપાનના અન્ય શહેર નાગાસાકી ઉપર પણ અણુ બોમ્બ ફેંકવામાં આવ્યો હતો.

એ ઘટનાને આજે ૭૯ વર્ષ પુરા થઈ ચૂકયા છે. આ એક એવી ઘટના હતી કે જેનાથી આજે પણ વિશ્વ આખું થરથરે છે. ૧૯૪૫ માં ૬ ઑગસ્ટની સવારે, બી - ૨૯ બૉમ્બર એનોલા ગેની મદદથી હિરોશિમા શહેર પર લિટલ બોય નામનો અણુ બોમ્બ ફેંકવામાં આવ્યો. આ ગોઝારી ઘટનામાં આશરે ૮૦ હજાર લોકો માર્યા ગયા હતા, ઘટના અહી પૂરી નથી થતી પરંતુ ત્રણ દિવસ પછી નાગાસાકી ઉપર ફેટ મેન નામનો બીજો અણુ બોમ્બ ફેંકવામાં આવ્યો જેમાં ૪૦ હજારથી વધુ લોકો માર્યા ગયા. અને જે હજારો લોકો બચી ગયા તે રેડીએશનની અસરના કારણે જીવન અને મરણ વચ્ચે તરફડવા લાગ્યા હતા.

**નોલેજ કોર્નર**



**ડો.અરૂણ દવે**
મો.૯૮૨૫૦૭૮૦૦૦

આ ઘટનાને કાળો વરસાદ પણ કહેવામા આવે છે.

૧૯૪૫ માં બીજા વિશ્વયુદ્ધની સમાપ્તિ પછી જાપાન અને યુએસ વચ્ચેના સંબંધો વધુ વણસી ગયા, ખાસ કરીને જાપાન આર્મી પૂર્વ ઈન્ડિઝના તેલ-સમૃદ્ધ વિસ્તારોને કબજે કરવાના ઉદ્દેશ્યથી ઈન્ડોચિના પર કબ્જો કરવાનું નક્કી કર્યું. તેથી યુ.એસ.ના પ્રમુખ હેરી ટ્રુમેને બીજા વિશ્વયુદ્ધમાં જાપાન આત્મસમર્પણ કરે તે માટે પરમાણુ બોમ્બનો ઉપયોગ કરવાની સત્તા આપી હતી, અને તેને પરમાણુ બોમ્બનો ઉપયોગ કર્યો પણ ખરો. તે સમયના અમેરિકી રાષ્ટ્રપતિ હેરી એસ. ટ્રુમેને ચેતવણી આપી હતી કે હવે અમે વધુ ઝડપથી અને સંપૂર્ણપણે જાપાનીઓનાં કોઈપણ ઉત્પાદન સાહસોને જમીન ઉપરથી કાઢી નાખવા તૈયાર છીએ.

જાપાની જનતાને સંપૂર્ણ વિનાશથી બચાવવા માટે પોટ્સડેમમાં ૨૬ જુલાઈએ છેલ્લું અલ્ટિમેટમ આપવામાં આવ્યું હતું. જો તેઓ હવે અમારી શરતોને સ્વીકારશે નહીં તો તેઓ હવામાંથી વિનાશના વરસાદની અપેક્ષા રાખી શકે છે.

ટ્રુમેને નક્કી કર્યું છે કે ફક્ત શહેર પર બોમ્બમારો કરવામાં આવશે



તો દેશ પર તેની મોટી ઇંપ્રેશન પડશે અને તેથી ટાર્ગેટ શહેરને લશ્કરી ઉત્પાદનને ધ્યાનમાં રાખીને પસંદ કરવામાં આવ્યા હતા. આ શહેર ક્યોટોની જેમ જાપાન માટે સાંસ્કૃતિક મહત્વ ધરાવતા ન હોવાની પણ ખાતરી કરવામાં આવી હતી.

આ તમામ વસ્તુઓનું લક્ષ્ય માત્ર જાપાનની યુદ્ધો લડવાની ક્ષમતાનો નાશ કરવાનું હતું.હિરોશિમા મિલિટરીનો પહેલો ટાર્ગેટ હતો જેની વસ્તી આશરે ૩,૧૮,૦૦૦ લોકોની હતી. હિરોશિમા તે સમયે જાપાનનું સાતમા ક્રમનું સૌથી મોટું શહેર પણ હતું. હિરોશીમાં જાપાનના સૌથી મહત્વપૂર્ણ લશ્કરી કમાન્ડનું સ્ટેશન હતું અને ચૂગોકુ પ્રાદેશિક સૈન્યના વડામથક તરીકે પણ કાર્યરત હતું. તે સૈન્ય પુરવઠાના સૌથી મોટા ડેપો માંનું એક સ્થળ અને પુરવઠા માટેના અગ્રણી લશ્કરી શિપિંગ પોઈન્ટનું સ્થળ પણ હતું.

અણુ બોમ્બ બ્રિટીશ અને અમેરિકાના વૈજ્ઞાનિક જ્ઞાનનું પરિણામ હતું અને આ બોમ્બ યુ.એસ. માં બે પ્લાન્ટ્સ પર બનાવવામાં આવ્યો હતો. આ બોમ્બ કોડનેમ મેનહટન પ્રોજેકટના નામે બનાવવામાં આવ્યો હતો. બે-બે પરમાણુ હુમલાનો ભોગ બનેલા જાપાને ભલે અમેરિકાની શરણાગતિ સ્વીકારી પરંતુ ત્યારબાદ જાપાનના લોકો અને સરકારે જે રીતે વિકાસ માટેના પારાવાર પ્રયત્નો કર્યા તેને આખા વિશ્વની આંખ ઉઘાડી નાખી. પરમાણુ હુમલાના



માત્ર ગણતરીના વર્ષોમાં જ જાપાન આર્થિક સામ્રાજ્ય ઉભુ કરવા લાગ્યું. જાપાની લોકોની કર્મનિષ્ઠા વિશ્વમાં કોઈ પણ ખુણે જોવા ન મળે તેવી છે. એન્જીનીયરીંગ, વિજ્ઞાન, ગણીત અને ટેકનોલોજી સહિતના સેકટરમાં જાપાને લાવેલી ક્રાંતિ કોઈ ભુલી શકે તેમ નથી. માત્ર નાનકડા દેશનું અર્થતંત્ર ભારત કરતા પણ વિશાળ છે. અમેરિકાને પણ હંફાવે છે. પરમાણુ હુમલાની રાખમાંથી બેઠુ થયેલુ જાપાન આજે શાંતિ ઈચ્છે છે.

જાપાનના નાગરિકોની સરેરાશ ઉંમર ૧૦૦ વર્ષ જેટલી છે અને જીવન ધોરણ પણ અન્ય દેશોની સરખામણીએ ઘણું ઉંચુ છે.

હુમલાને કારણે બન્ને શહેરોમાં કશુ જ બચ્ચું ન હતું. બોંબ ધડાકામાં વપરાયેલ પ્લૂટો નિયમને કારણે આ શહેરોમાં હજી ખોડખાપણવાળા બાળકો જન્મે છે. ભયાનકતા એટલી ભયંકર હતી કે જો જાપાને ૧૪ ઓગસ્ટે હાર ન સ્વીકાર હોત તો અમેરીકા ૧૯ ઓગસ્ટે ફરી હુમલો કરવાનું હતું. બન્ને ધડાકામાં અમેરિકાએ ૬.૪ કિલોગ્રામના પ્લૂટોનિયમ બોંબનો ઉપયોગ કર્યો હતો. આ પરમાણું બોંબ ધડાકાની યોજનામાં પહેલા જાપાનના કોકુરા શહેરને નિશાન બનાવવાનું હતું પણ વાદળો અને ધુમાડાના કારણે પાયલટ નિશાન ચુકી ગયો હતો, તેણે બોંબ ફેંકવાની ત્રણવાર કોશીશ કરી હતી પણ સફળતા મળી ન હતી.

છેલ્લે બીજા લક્ષ્ય નાગાસાકી તરફ એટેક કર્યો હતો. આ પરમાણું બોંબની અસરને કારણે વાતાવરણમાં ૩૯૦૦ ડિગ્રી સેલ્સિયસ તાપમાન ગર્મી અને કલાકે ૧૦૦૫ કિમીની ઝડપે બન્ને શહેરોમાં ભયાનક આંધી આવી હતી જેને કારણે પણ હજારો લોકો મૃત્યું પામ્યા હતા. પ્રથમ હિરોશિમા શહેર ઉપર અને તેના ત્રણ દિવસ બાદ જાપાનના જ શહેર નાગાસાકી શહેર ઉપર બોંબમારો થયો હતો, જેમાં પહેલા ધડાકામાં ૭૦ હજાર સાથે બન્ને બોંબ બ્લાસ્ટમાં બે લાખથી વધુ લોકો મૃત્યું પામ્યા હતા.આવી ભયંકર સ્થિતી બાદ જાપાન આજે ૭૯ વર્ષે દુનિયામાં તમામ સ્તરે ટોચ ઉપર છે, જેનો યશ જાપાની પ્રજાને આપવો જ પડે છે. દરેક નાગરીકે પોતાના દેશને બેઠો કરવા તનતોડ મહેનત કરીને સમગ્ર વિશ્વનો શ્રેષ્ઠ ઉદાહરણ પુરૂ પાડેલ છે.

### જાપાનના ૬૭ શહેરો ઉપર સતત છ મહિના સુધી અગન ગોળાનો વરસાદ !!

૧૯૪૫ માં બીજા વિશ્વ યુધ્ધના અંતિમ તબક્કા દરમ્યાન અમેરિકાએ હિરોશિમા અને નાગાસાકી શહેરો ઉપર બે અણુ બોમ્બ ફેકાયા હતા. જાપાનનાં કુલ ૬૭ શહેરો ઉપર સતત છ મહિનાઓ સુધી સતત અગન ગોળાઓનો વરસાદ કર્યો હતો. હિરોશિમામાં ૯૦ હજારથી દોઢ લાખ અને નાગાસાકીમાં ૬૦ હજારથી ૮૦ હજાર લોકો મૃત્યું પામ્યા હતા. ભયાનકતાઓમાં ૬૦ ટકા લોકો આગને કારણે, ૩૦ ટકા કાટમાળ નીચે દટાઇ જવાથી અને ૧૦ ટકા લોકો અન્ય કારણોથી મર્યા હતા. બોમ્બ બ્લાસ્ટ બાદ કિરણોત્સર્ગથી પ્રેરિત માંદગીને કારણે પણ મૃત્યું પામતા હતા. ૪૬૫૦ કિલો વજન ધરાવતો અણુ બોંબ ૩૧ હજાર ફૂટની ઉંચાઇએથી શહેરો ઉપર ફેકાયો હતો, જેની ઝડપે કલાકે ૫૦૦ થી ૧૦૦૦ માઇલની હતી.

# નવદૂર્ગા એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા શ્રેષ્ઠ શિક્ષકોને શિક્ષક રત્ન એવોર્ડથી નવાજાશે

**અબતક, રાજકોટ**

નવદુર્ગા એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ, રાજકોટ હાલની તકે રાજકોટ/મોરબી જિલ્લામાં સરકારી / પ્રાઈવેટ શાળામાં સેવારત એવાં પ્રાથમિક / માધ્યમિક શાળાના શિક્ષકો / આચાર્યોને શિક્ષક રત્ન'' એવોર્ડ દ્વારા સન્માનિત કરવા માટે જઈ રહ્યું છે.જેમાં સહભાગી થવા માટે તા:૧/૦૮/૨૦૧૪ ના રોજ અથવા તે પહેલાં જોડાયેલા શિક્ષક એટલે કે ઓછામાં ઓછો ૧૦ વર્ષનો સરકારી / પ્રાઈવેટ, પ્રાથમિક/માધ્યમિક શાળાનો અનુભવ ધરાવતાં હોવાં જોઈએ. આ એવોર્ડ માટે નામાંકિત થવા માંગતા શિક્ષકે ફાઈલમાં રજૂ કરવાના થવા ડોક્યુમેન્ટસ અંગેની વિગતો જાણવા માટે પોતાના બીઆરસીસીનો સંપર્ક કરવો અથવા મો.નં.૯૦૯૯૬૬૪૬૭ પર સંપર્ક કરવા જણાવ્યું છે.

રામદેવ વંદના ૩૧૭-૧૮, ગોકુલધામ સોસાયટી-૫, કૃષ્ણનગર મેઈન રોડ, એચ.જે.દોશી હોસ્પિટલ તથા ઉમિયા ચોક પાસે, રાજકોટ - ૪ ખાતે તા. ૨૭/૦૮/૨૦૨૪ સુધીમાં કુરીયર/ પોસ્ટ દ્વારા પહોંચાડવાની રહેશે.

# કોર્પોરેશનની લાયબ્રેરીમાં નવા ૬૩૨ સભ્યો જોડાયા

## જુલાઈ માસમાં ૪૫૦૬૧ નાગરિકોએ લાયબ્રેરીની સુવિધાનો લાભ લીધો

**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા સંચાલિત શ્રીમતી પ્રભાદેવી જે. નારાયણ પુસ્તકાલય શિક્ષણ સમિતિ કેમ્પસ, કરણપરા ચોક, શ્રી દત્તોપંત ઠેંગડી પુસ્તકાલય, વોર્ડ નંબર-૨ની વોર્ડ ઓફિસની બાજુમાં શ્રોફ રોડ, શ્રી બાબુભાઈ વૈદ્ય લાયબ્રેરી, બાપા સીતારામ ચોકની બાજુમાં, પેરેડાઇઝ હોલ સામે, ડો. બાબા સાહેબ આંબેડકર ભવન લાઈબ્રેરી, જીલ્લા ગાર્ડન, બહેનો અને બાળકો માટેની મોબાઈલ લાઈબ્રેરી યુનિટ-૧ તથા ૨, મહિલા વાચનાલય, મહિલા એક્ટીવિટી સેન્ટર, નાના માવા, ચાણક્ય લાઈબ્રેરી, ગોવિંદ બાગ શાકમાર્કેટ સામે, ઈસ્ટ ઝોનમાં એક માસ દરમ્યાન કુલ ૪૫,૦૬૧ મુલાકાતીઓએ લાભ લીધેલ હતો. આ એક માસ દરમ્યાન ૬૩૨ નવા સભ્યો



લાઈબ્રેરી સાથે જોડાયા હતા. સભ્યોની માંગણી અને નવ પ્રકાશિત વિવિધ વિષયોનાં પુસ્તકો, બાળ સાહિત્ય, ગુજરાતી સાહિત્ય, નવલકથા, નવલિકાની સાથે સાથે વિદ્યાર્થીઓ માટે વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાલક્ષી પુસ્તકો મળી કુલ ૯૦૦ પુસ્તકો તથા બાળકો માટે વિવિધ પ્રકારના ૨૦૦ જેવા રમકડા, પઝલ્સ, ગેઈમ્સ વગેરે ઈશ્યુમાં મુકવામાં આવેલા છે. જુલાઈ માસ દરમ્યાન ૧,૧૮૩ પુસ્તકો અને મેગેઝીનની વાંચકો માટે ખરીદી કરવામાં આવી હતી.

### ૨૧ વર્ષથી સેવા કાર્યરત

# કરૂણા ફાઉન્ડેશનની એનીમલ હેલ્પલાઈનને અનુદાન આપવા અનુરોધ

**અબતક, રાજકોટ**

રાજકોટમાં છેલ્લા૨૧ વર્ષથી એનીમલ હેલ્પલાઈન કાર્યરત છે. રસ્તે રઝળતા,નીરાધાર,બિમાર પશુઓ,રેલવે ટ્રેકમાં ઘવાયેલી ગાયો,રોડ અકસ્માતમાં ઘવાયેલા નાનામોટા પશુ-પંખીઓને વિનામુલ્યે ઓપરેશન સહિતની સારવાર આપવામાં આવી છે. કરૂણા ફાઉન્ડેશનની એનીમલ હેલ્પલાઈનની સેવા કરતા સ્ટાફને જાણવા મળ્યું કે,આ નિરાધાર અને રસ્તે રઝળતા પશુઓને ખાવા-પીવાનો પણ અભાવ છે,આ જાણી સંસ્થા દ્વારા સૌરાષ્ટ્રનું પશુ-પક્ષીઓનું હરતુ-ફરતુ અન્નક્ષેત્ર શરૂ કરવામાં આવ્યું. આ અન્નક્ષેત્ર શરૂ કર્યા બાદ સંસ્થાએ આ પ્રકારના બીજા અનેકો અન્નક્ષેત્રો ચાલુ કરવાની અન્ય સંસ્થાઓને પ્રેરણા આપવામાં સફળ બન્યા.





અત્યાર સુધીમાં ૧૨લાખજેટલા બિનવારસી પશુ-પક્ષીઓની સ્થળ ઉપર જ,વિનામૂલ્યે,નિષ્ણાંત ડોકટરોની ટીમ દ્વારા,અગિયાર એમ્બ્યુલન્સ તેમજ ત્રણ બાઈક એમ્બયુલન્સ થકી ઓપરેશન સહિતની સારવાર થઈ છે,થતી રહે છે. દર માસે લગભગ૧૨,૦૦૦જેટલા બિનવારસી પશુ-પક્ષીઓની નિષ્ણાંત પશુચિકીત્સકોની ટીમ દ્વારા,સ્થળ પર જ,વિના મૂલ્યે તેઓ સાજા થાય ત્યાં સુધીની સઘન-સારવાર કરવામાં આવે છે. બીમાર અને અશકત,અકસ્માતથી ઘવાયેલ પશુ-પક્ષીઓને ગૌશાળા/પાંજરાપોળ સંસ્થાની જ નિ:શૂલ્ક વેટરનરી હોસ્પિટલ માં દાખલ કરવા માટેની વ્યવસ્થા કરવામાં આવે છે. કુતરીઓના૬૫૦જેટલા સીઝરીયન ઓપરેશન,૬૭૩થી વધારે ગૌ માતાના હોર્ન કેન્સરના (શીંગડાનું કેન્સર) ઓપરેશન કરવામાં આવ્યા છે. આસપાસના ગ્રામ્ય વિસ્તારો તેમજ ગૌશાળામાર૬૦જેટલા પશુ રોગ નિદાન-સારવાર કેમ્પ કરવામાં આવ્યા છે. ઉપરાંત,ભારતનો સર્વ પ્રથમ એવો પશુ-પક્ષીઓના અંધત્વ નિવારણ માટેનો કેમ્પનું પણ આયોજન કરવામાં આવ્યું હતું,

કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ'ના નામનો બનાવવો.શ્રાવણ માસ એ હિંદુ ધર્મનો અતિ પવિત્ર મહિનો માનવામાં આવે છે.આ મહિનામાં કરવામાં આવેલું દાન સો ગણું વળતર આપે છે.જીવદયા એ હિંદુ/જૈન ધર્મની કુળદેવી છે.શ્રાવણ માસ નિમિત્તેઅનુદાનઆપી અબોલ જીવોના પ્રાણદાનમાં ઉપયોગી થવા કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ એનીમલ હેલ્પલાઈનના મિતલ ખેતાણી,પ્રતિકભાઈ સંઘાણી,ઘનશ્યામભાઈ ઠકકર,ધિરેન્દ્રભાઈ કાનાબાર,રમેશભાઈ ઠકકર,એડવોકેટ કમલેશભાઈ શાહ,રજનીભાઈ પટેલ,વિષ્ણુભાઈ ભરાડ,ગૌરાંગભાઈ ઠક્કર,પારસભાઈ ભરતભાઈ મહેતા સહિતનાઓએ અપીલ કરી છે.

## કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૦૬-૦૮-૨૦૨૪ મંગળવાર**

૧૧:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (હેપી ફેમીલીય)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (કાજલ ઓઝા)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (રસ મલાઈ)
૦૩:૩૦ થી ૦૪:૦૦ હેલ્થ વેલ્થ (સુજોગ થેરાપી નું મહત્વ)
૦૪:૦૦ થી ૦૪:૩૦ ચાય પે ચર્ચા (ડીપફેક સામે જગુતા જ બચાવ નું સૌથી મોટું રક્ષણ)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સ્પે.સ્ટોરી મનુ મોજીલો
૦૫:૦૦ થી ૦૭:૦૦ ગુજરાતી નાટક (ગુક્ષુભાઈએ ગામ ગજાવ્યું)
૦૭:૦૦ થી ૦૭:૩૦ સ્ટેન્ડઅપ કોમેડી
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૦૭-૦૮-૨૦૨૪ બુધવાર**

૦૭:૦૦ થી ૦૯:૦૦ ભાગવતકથા (પૂ.દિપાલી દીદી)
૦૯:૦૦ થી ૦૯:૩૦ શ્રાવણ મહિનો સ્ટોરી
૦૯:૩૦ થી ૧૦:૩૦ મોટિવેશનલ સ્પીચ
૧૦:૩૦ થી ૧૧:૦૦ રસથાળ
૧૧:૦૦ થી ૧૨:૦૦ ગીત ગુંજાવલી

## અબતક પંચાગ

### તા.૭-૮-૨૦૨૪ બુધવાર

| | |
|---|---|
| **વિક્રમ સંવત** | ૨૦૮૦ **શાલીવાહન શકિ**: ૧૯૪૬ |
| **ખ્રિસ્તી સંવત** | ૨૦૨૪ |
| **તિથી** | શ્રાવણ શુદ્ધ કુલકાજળી |
| **નક્ષત્ર** | પૂર્વાફાલ્ગુની |
| **યોગ** | પરિધ **કરણ**: તેતિલ |
| **સુર્યોદય** | ૬.૨૨ **સુર્યાસ્ત**: ૭.૨૩ |
| **ચંદ્ર રાશી** | સિંહ બુધવારે રાત્રે ૩.૧૬ થી કન્યા |
| **રાશિ અક્ષર** | મ.ટ/પ.ઠ.ણ |
| **દિશાશૂળ** | ઉત્તર દિશાતરફ |
| **રાહુકાળ** | બપોરે ૧૨ થી ૧.૩૦ |
| **દિવસનાચોઘડીયા** | લાભ,અમૃત,કાળ,શુભ,રોગ,ઉદવેગ,ચલ,લાભ |
| **રાત્રીનાચોઘડીયા** | ઉદવેગ,શુભ,અમૃત,ચલ,રોગ,કાળ,લાભ,ઉદવેગ |
| **અભિજીત મુહૂર્ત** | બપોરે ૧૨.૨૬ થી ૧.૧૮ |

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

## સૂડોકુ -૭૯

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | | ૮ | ૧ | | | | | |
| ૯ | ૧ | | | | ૪ | ૩ | | ૭ |
| | ૨ | ૬ | | | | ૯ | | ૮ |
| | ૬ | | ૪ | ૩ | | ૧ | | ૫ |
| ૫ | | ૯ | | ૧ | ૭ | | ૬ | |
| | | | | | | | | |
| | ૪ | | | | ૧ | | | |
| | | ૩ | ૭ | ૬ | ૯ | | ૮ | |
| | ૯ | | | | | | ૭ | |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોકસમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

### સૂડોકુ-૭૮ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | ૮ | ૨ | ૫ | ૧ | ૭ | ૬ | ૪ | ૩ |
| ૪ | ૭ | ૧ | ૬ | ૮ | ૩ | ૫ | ૯ | ૨ |
| ૫ | ૩ | ૬ | ૪ | ૨ | ૯ | ૮ | ૧ | ૭ |
| ૨ | ૫ | ૮ | ૭ | ૪ | ૧ | ૩ | ૬ | ૯ |
| ૩ | ૪ | ૯ | ૨ | ૬ | ૫ | ૧ | ૭ | ૮ |
| ૬ | ૧ | ૭ | ૩ | ૯ | ૮ | ૨ | ૫ | ૪ |
| ૮ | ૬ | ૩ | ૧ | ૭ | ૪ | ૯ | ૨ | ૫ |
| ૧ | ૯ | ૪ | ૮ | ૫ | ૨ | ૭ | ૩ | ૬ |
| ૭ | ૨ | ૫ | ૯ | ૩ | ૬ | ૪ | ૮ | ૧ |

## આજનું રાશિફળ

### તા.૬.૮.૨૦૨૪ મંગળવાર, સંવંત ૨૦૮૦ શ્રાવણ સુદ બીજ, મઘા નક્ષત્ર, પરિઘ યોગ, કૌલવ કરણ આજે બપોરે ૩.૨૧ સુધી જન્મેલાંની ચંદ્રરાશિ સિંહ (મ,ટ) રહેશે



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

**મેષ (અ,લ,ઈ)** : ભાગ્યની દેવી રીઝતી જણાય, નવીન તક હાથમાં આવે, મહત્વના કાર્ય સ્વર બાજુ કરવા.

**વૃષભ (બ,વ,ઉ)** : ધીમે ધીમે પરિસ્થિતિ તરફેણમાં આવે,અટકેલા કાર્ય પૂર્ણ કરી શકો, દિવસ મધ્યમ રહે.

**મિથુન (ક,છ,ઘ)** : ભાગીદારીમાં કામ હોય તો લાભ મેળવી શકો, દામ્પત્યજીવનમાં સારૂં રહે, પરિવાર સાથે આનંદ માણી શકો.

**કર્ક (ડ,હ)** : શત્રુઓ થી સાવધાન રહેવું, વધુ વિશ્વાસે ના ચાલવા સલાહ છે, અંગત લોકોમાં મતભેદ રહી શકે .

**સિંહ (મ,ટ)** : સંતાન અંગે સારૂં રહે, અંગત સંબંધો સુધારી શકો, મનની વાત વ્યક્ત કરી શકો, શુભ દિન.

**કન્યા (પ,ઠ,ણ)** : જમીન મકાન વાહન સુખ સારૂં રહે, પ્રોપર્ટી બાબતે નિર્ણય કરી શકો, આગળ વધવાની તક મળે.

**તુલા (ર,ત)** : નોકરિયાતવર્ગને સારૂં રહે, સ્ત્રી વર્ગ માટે ઉત્સાહજનક, નવા કાર્યમાં લાભ મેળવી શકો.

**વૃશ્ચિક (ન,ય)** : આર્થિક બાબતોમાં સારૂં રહે, બેન્ક બેલેન્સ વધારી શકો, ધાર્યા કામ પાર પાડી શકો.

**ધન (ધ,ભ,ફ,ઢ)**: મિત્રોની મદદ મળી રહે, કામકાજમાં સફળતા મળે, દિવસ પ્રગતિકારક રહે.

**મકર (ખ,જ)** : ખર્ચ પર અંકુશ રાખવો જરૂરી, બજાર બાબતનું ગણિત સંભાળીને કરવું, વધુ વિશ્વાસે ના ચાલવું.

**કુંભ (ગ,સ,શ )** : સગા સ્નેહી મિત્રોથી સારૂં રહે, કાર્યમાં પ્રગતિ કરી શકો, નવી દિશા ખુલતી જણાય.

**મીન (દ,ચ,ઝ,થ)**: નવા કાર્ય અંગે ઠોસ કદમ ઉઠાવી શકો, આશાનું કિરણ જોવા મળે, પ્રગતિકારક દિવસ.

# ગાંધીનગરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં સનાતન ધર્મની યોજાઇ બેઠક

## સંસ્થાન રાષ્ટ્રીય અધ્યક્ષ મુકતાનંદ બાપુ સાથે હોદેદારો તથા સંતોએ ધર્મસંસ્કૃતિ વિષયક કર્યો સંવાદ





### ગુજરાતમાં સંસ્કૃત યુનિવર્સિટીની સ્થાપના કરવા માટે યોગ્ય જમીન ફાળવવા સહિતના વિવિધ મુદ્દા બાબતે ચર્ચા કરવામાં આવી



**અબતક, ગીજુભાઈ વિકમા, વિસાવદર**

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાથે ગાંધીનગરમાં સનાતન ધર્મ સંદર્ભે બેઠક બેઠક મળી ગઈ, જેમાં સનાતન ધર્મ સંસ્થાનનો હોદ્દેદાર સંતો દ્વારા સાંપ્રત ચર્ચા થઈ છે. સનાતન ધર્મ સેવા સંસ્થાન ભારત અંતર્ગત મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાથે મહત્વની બેઠક મળી ગઈ. આ બેઠકમાં સંસ્થાન રાષ્ટ્રિય અધ્યક્ષ મૂક્તાનંદબાપુ સાથે હોદ્દેદાર સંતો દ્વારા ધર્મ સંસ્કૃતિ બાબત સંવાદ થયો. આ બેઠકમાં સ્વામી બ્રહ્મચારીજી દ્વારકા, ગુજરાત એકમ અધ્યક્ષ શેરનાથબાપુ, મહામંત્રી લલિતકિશોબાપુ લીંબડી, ખજાનચી રામેશ્વરબાપુ હરિયાણી અને સભ્યો સત્યપ્રકાશ સ્વામી ગઢડા, વિજયબાપુ સતાધાર, નિર્મળાબા પાળિયાદ, ભાગવતઋષીજી, નિજાનંદ સ્વામી. વાસુદેવ મહારાજ

(અનુ. આઠમા પાને)

# મેયર-સ્ટે.ચેરમેન વિનાનો લોક દરબાર: સાચા ફરિયાદીઓને બહાર રખાતા કોંગ્રેસનો હંગામો

## લોક દરબારમાં પણ ભાજપના શાસકો અગાઉથી જ કાર્યકરોને બેસાડી દેતા હોવાનો કોંગ્રેસના પૂર્વ કોર્પોરેટરનો આક્ષેપ: ફરિયાદો ફિક્સ આંકડે પહોંચતા અરજદારોને સાંભળવાનું બંધ કરી દેવાયું





**અબતક, રાજકોટ**

મેયર નયનાબેન પેઢડિયા અને સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન જયમીનભાઈ ઠાકર ગાંધીનગર ગયા હોવાના કારણે આજે વોર્ડ નં.૧૩માં મેયર તથા ચેરમેન વિનાનો લોક દરબાર યોજાયો હતો. જેમાં લોક દરબાર શરૂ થાય તે પૂર્વે જ ભાજપના શાસકોએ કાર્યકરોને અગાઉથી જ ખુરશી પર બેસાડી દીધા હતા. જેના કારણે સાચા ફરિયાદીઓને વિજીલન્સ શાખાએ બહાર રોકી લીધા હતા. આ મુદ્દે કોંગ્રેસના અગ્રણીઓએ હંગામો મચાવ્યો હતો.

સામાન્ય રીતે લોક દરબારમાં તમામ નાગરિકોની ફરિયાદ સાંભળી તેનો નિકાલ કરવો તે શાસકોની સાચી ફરજ છે. દરમિયાન વોર્ડ નં.૧૧ અને ૧૨માં લોક દરબારમાં હંગામો મચ્યા બાદ આજે વોર્ડ

(અનુ. આઠમા પાને)

# સૌરાષ્ટ્ર યુનિ. આયોજીત આંતર કોલેજ ચેસ સ્પર્ધામાં ૧૦૦ થી વધુ ખેલાડીઓ જોડાયા

## ભાઈઓમાં પ્રથમ ક્રમે ઓમ બાદીયાની જયારે બહેનોમાં મહિમા પરમારે મેદાન માર્યું

## ભાગ લેનાર તમામ ખેલાડીઓને શુભેચ્છા પાઠવતા કુલપતિ ડો. કમલ ડોડીયા







**અબતક, રાજકોટ**

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા આયોજિત અને રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી વિનયન કોલેજ ચોટીલા દ્વારા સંચાલિત આંતર કોલેજ ચેસ સ્પર્ધા (ભાઈઓ-બહેનો) ૨૦૨૪-૨૫ નું આયોજન કરવામાં આવેલ હતું.

આ કાર્યક્રમની શરૂઆત પ્રાર્થનાથી અને સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડો.નિયતિ અંતાણી દ્વારા કરવામાં આવ્યું હતું. કોલેજના આચાર્ય ડો. હાર્દિક એમ. ગોહિલ દ્વારા મહેમાનોનું શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ પ્રોફે. ડો. કમલસિંહ ડોડીયા ઉપસ્થિત રહ્યા હતા.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ પ્રોફે. ડો. કમલસિંહ ડોડીયાએ દીપ પ્રાગટ્ય કરી આંતર કોલેજ ચેસ સ્પર્ધાની શરુઆત કરાવી હતી. કુલપતિએ ચેસ સ્પર્ધામાં ભાગ લેનાર વિદ્યાર્થીઓને માર્ગદર્શીત અને પ્રોત્સાહિત કર્યા હતા.

શા.શિ. નિયામક ડો. હરીશભાઈ રાબાએ સમગ્ર દિવસ દરમ્યાન હાજર રહી અને સ્પર્ધામાં સ્પર્ધકોને ઉત્સાહ વધાર્યો હતો.

આ સ્પર્ધામાં ચીફ રેફરી તરીકે જયભાઈ ડોડીયાએ તેમની સેવા આપી હતી. ચેસ સ્પર્ધાનાં ઓબ્ઝર્વર તરીકે શ્વેતાબેન દવે ઉપસ્થિત રહ્યા હતા.

ઉદઘાટન સમારોહમાં એસબીઆઇ સુરેન્દ્રનગરના ચીફ મેનજર દીપકકુમાર અને ચોટીલાના બ્રાંચ મેનેજર કેતન કુમાર કાછડિયા ઉપસ્થિત રહ્યા હતા.

એસબીઆઇ બેંક દ્વારા દરેક સ્પર્ધકને પ્રોત્સાહન રૂપે ગીફ્ટ આપવામાં આવી હતી. સમગ્ર સ્પર્ધાનું સંચાલન આચાર્ય ડો. હાર્દિક એમ.ગોહિલ નાં માર્ગદર્શન હેઠળ શારીરિક શિક્ષણ વિભાગના અધ્યક્ષ ડો. સંદીપકુમાર વી. વાળા દ્વારા કરવામાં આવ્યું હતું.

ભાઈઓની સ્પર્ધામાં પ્રથમ સ્થાને ઓમ હિતેશભાઈ બાદીયાની બીજા સ્થાને નૈતિક પી. સુતરીયા ત્રીજા સ્થાને વિકાસ કુમાર કે. ગુપ્તા જયારે બહેનોની સ્પર્ધામાં પ્રથમ સ્થાને મહિમા સુરેશભાઈ પરમાર, બીજા સ્થાને અમીબેન આર. કટોડીયા, ત્રીજા સ્થાને સાહિસ્તા એસ.વાલોરાએ મેદાન માર્યું હતુ.

વિજેતા થયેલ વિદ્યાર્થીઓ આંતર યુનિવર્સિટી સ્પર્ધા માટે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનું પ્રતિનિધિત્વ કરશે.

# આકાશ ઈન્સ્ટિટયૂટ દ્વારા એન્થે-૨૦૨૪ની શરૂઆત સાથે ૧૫ ગૌરવશાળી વર્ષની ઉજવણી

## નેશનલ સ્કોલરશિપ પરીક્ષા ૧૯ થી ૨૭ ઓકટોબર દરમિયાન ઓનલાઈન–ઓફલાઈન મોડમાં લેવાશે: ટોચના ૫૦ વિદ્યાર્થીઓને ૧૦૦ ટકા સુધી સ્કોલરશીપ તેમજ રોકડ પુરસ્કાર મળશે: ગત વર્ષે ૧૧.૮ લાખ જેટલા વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી રેકોર્ડ સર્જયો હતો





તસવીર: શૈલેષ વાડોલિયા

**અબતક, રાજકોટ**

ફ્લેગશિપ શિષ્યવૃત્તિ પરીક્ષા એન્થેના ૧૫ ગૌરવપૂર્ણ વર્ષોને ચિહ્નિત કરીને આકાશ એજ્યુકેશનલ સર્વિસીસ લિમિટેડ ટેસ્ટ પ્રિપેરેટરી સેવાઓમાં નેશનલ લીડર અત્યંત અપેક્ષિત આકાશ નેશનલ ટેલેન્ટ હન્ટ પરીક્ષા એન્થે ૨૦૨૪ની લેટેસ્ટ એડિશનના પ્રારંભની ગર્વ સાથે જાહેરાત કરે છે એન્થે ૨૦૨૪ ની શરૂઆત વિજ્ઞાન અને ટેકનોલોજીમાં આગામી સ્વપન દ્રષ્ટાઓ માટે શોધ શરૂ થાય છે.

જગદીશ ચંદ્ર બોઝ જેવા મહાન વૈજ્ઞાનિકો જેમણે વનસ્પતિ વિજ્ઞાનને આગળ ધપાવ્યું. ડો. એમ. એસ. સ્વામીનાથન ભારતની હરિત ક્રાંતિના પિતા ડો. હર ગોવિંદ ખોરાના જેમની બાયોકેમિસ્ટ્રીમાં શોધોએ જીનેટિક્સને પુનઃઆકાર આપ્યો. અને ડો. એ. પી. જે. અબ્દુલ કલામ જેમના એરોસ્પેસ અને મિસાઈલ ટેક્નોલોજીમાં દૂરદર્શી કાર્યથી દેશને પ્રેરણા મળી આકાશ તેના વિદ્યાર્થીઓને સમર્પણ અને નવીનતા સાથે સમાન શ્રેષ્ઠતા પ્રાપ્ત કરવા માટે માર્ગદર્શન આપવાનો પ્રયત્ન કરે છે.

આ વર્ષે એક રોમાંચક કાર્યક્રમમાં પાંચ ઉત્કૃષ્ટ વિદ્યાર્થીઓ માટે ફ્લોરિડા યુએસએમાં કેનેડી સ્પેસ સેન્ટરની ૫ દિવસની જર્નીનો સમાવેશ કરવામાં આવ્યો છે જેમાં તમામ ખર્ચનો પણ સમાવેશ કરી લેવામાં આવ્યો છે. ફ્લોરિડામાં સ્થિત જ્હોન એફ કેનેડી સ્પેસ સેન્ટર એયુનાઈટેડ સ્ટેટ્સમાં નેશનલ એરોનોટિક્સ એન્ડ સ્પેસ એડમિનિસ્ટ્રેશન (નાસા,ના ૧૦ફિલ્ડ સેન્ટરમાંનું એક છે.

એન્થે સ્કોલરશિપ મેળવનારા વિદ્યાર્થીઓને આકાશના વ્યાપક કોચિંગ પ્રોગ્રામનો લાભ મળશે જે વિદ્યાર્થીઓને નીટ, જેઈઈ, સીઈટી અને ઓલિમ્પિયાડ્સ જેવી સ્કોલરશીપ પરીક્ષાઓ માટે તૈયાર કરે છે.

આકાશ એજ્યુકેશનલ સર્વિસીસ લિમિટેડના સીઈઓ અને એમડી દીપક મેહરોત્રાએ કહ્યું કે, કે એન્થે એ અસંખ્ય વિદ્યાર્થીઓની આકાંક્ષાઓ અને ક્ષમતાઓ વચ્ચેના અંતરને દૂર કરવામાં નિર્ણાયક ભૂમિકા ભજવી છે. એન્થે ૨૦૨૪ સાથે અને ભવિષ્યના ડોકટરો અને એન્જિનિયરોને ઉછેરવા અને આગામી એપીજે અબ્દુલ કલામ એચજી ખોરાના એમએસ સ્વામીનાથન અને જેસી બોસવની શોધ કરવા માટે રાષ્ટ્રીય પ્રતિભા શોધ શરૂ કરી રહ્યા છીએ જેઓ અગ્રણી કાર્ય કરશે અને વિજ્ઞાન ટેકનોલોજી, એન્જિનિયરિંગ અને ગણિત ક્ષેત્રે ભારતને ગૌરવ અપાવશે

પોતાના ૧૫મા સફળ વર્ષનું સેલિબ્રેશન કરતા એન્થે પાસે ટોચની ઉપલબ્ધિઓને હાસિલ કરનારને તૈયાર કરવાનો પણ એક વિશિષ્ટ રેકોર્ડ છે.

એન્થે ૨૦૨૪નું આયોજન ૧૯-૨૭ ઓકટોબર, ૨૦૨૪ દરમિયાન ભારતના ૨૬ રાજ્યો

(અનુ. આઠમા પાને)

### એન્થે મિશન

યોગ્ય વિદ્યાર્થીઓને પોતાની સંભવિત અને પોતાની ક્ષમતઓ વચ્ચેના અંતરને દૂર કરવામાં મદદ કરીને તેમને નાણકીય સહાય પૂરી - પાડવાનો વારસો ચાલુ રાખવાનો છે વિદ્યાર્થીઓને ઉચ્ચ સ્તરીય સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી માટે એક મંચ પ્રદાન કરવું તેઓની તૈયારીનું મૂલ્યાંકન કરવામાં મદદ કરવા માટે રાજ્ય રેન્કની સાથે સાથે ઓલ ઈન્ડિયા રેક પણ પ્રદાન કરવા.


# સાહિત્ય સેતુ કવિ સંમેલનમાં 'ભાવેણા'ના કવિઓ 'ખીલી' ઉઠ્યા

## ભાવનગર બુધસભાના ૧૮ કવિઓના સંમેલનમાં રાજકોટના સાહિત્ય પ્રેમીઓ ઝુમી ઉઠ્યા





તસ્વીરઃ દિપેશ ગણોદરા



અબતક,રાજકોટ

દેશ-વિદેશમાં જાણીતા 'દીકરાનું ઘર' વૃદ્ધાશ્રમ - ઢોલરા પ્રેરિત સાહિત્યિક પ્રવૃત્તિ કરતી સંસ્થા સાહિત્ય સેતુ- રાજકોટ દ્વારા ભાવનગરની સુપ્રસિદ્ધ સેવા સંસ્થા શિશુવિહાર સંચાલિત બુધસભાના ૧૮ કવિઓનું કવિ સંમેલન સૌરાષ્ટ્ર હાઈસ્કુલમાં સાહિત્ય સેતુના પ્રમુખ વસંતભાઈ ગાદેશાના અધ્યક્ષ સ્થાને તેમજ કલા-સાહિત્યપ્રેમી વિનુભાઈ ઝગડા, જાણીતા વક્તા ડો. ભદ્રાયુભાઈ વછરાજાની, દીકરાનું ઘર વૃદ્ધાશ્રમના ટ્રસ્ટી પ્રતાપભાઈ પટેલ, જાણીતા ઉદ્યોગપતિ ગીરીશભાઈ કડવાણીના મુખ્ય મહેમાન પદે યોજવામાં આવેલ જેનું શિશુવિહાર ભાવનગરના માનદમંત્રી ડો. નાનકભાઈ ભટ્ટે દીપ પ્રાગટ્ય કરીને કવિ સંમેલન ખુલું મુક્યું. આ પ્રસંગે આકાશવાણી રાજકોટના હિતેષભાઈ માવાણી, મોઢવણિક સમાજના અગ્રણી હરેનભાઈ મહેતા, કવિ સંજુ વાળા, કવિ ડો. લલિત ત્રિવેદી, સાહિત્ય મર્મી આર.પી. જોષી અતિથી વિશેષ તરીકે ઉપસ્થિત રહેલ.

કાર્યક્રમના પ્રારંભે પ્રકાશ હાથીએ શિવસ્તુતિનું ગાન કરેલ, સમારંભના અતિથીઓનો પરિચય તથા સાહિત્ય સેતુ સંસ્થાની પ્રવૃત્તિની માહિતી અનુપમ દોશીએ આપેલ મહેમાનોનું ખેસ પહેરાવી પુસ્તક આપી સ્વાગત કરેલ.

રાજકોટ નગરમાં સૌ પ્રથમવાર કોઈ એક જ શહેરના ૧૮ કવિઓ કવયિત્રીઓના યોજાયેલ કવિ સંમેલનને માણવા

(અનું. આઠમાં પાને)



સાહિત્ય સેતુ આયોજીત કવિ સંમેલન નિહાળો
અબ તક CHANNEL
YouTube Live
f LIVE
@abtakmedia
'અબતક' ચેનલ અને ડિજિટલ પ્લેટફોર્મ પર સાહિત્ય સેતુ આયોજીત કવિ સંમેલન નિહાળો

### સ્વ. નાગરદાસ મનજી શાહ વર્ધમાન સાર્વજનિક ટ્રસ્ટના

# સર્વેશ્વર ચોક સ્થિત નૂતનીકરણ ભોજનાલયનો ૧૦માં વર્ષના મંગલપ્રવેશ નિમિતે વિવિધ કાર્યક્રમો સરવાણી

## જરૂરીયાતમંદ જૈનોને માસિક માત્ર રૂ. ૬૦ ના ટોકન દરથી દરરોજ બે ટાઈમ શુધ્ધ ભોજન પીરસી અને ટીફીન આપનાર આશિર્વાદ રૂપ સંસ્થા એટલે 'જૈન ભોજનાલય'



દાતાઓના સન્માન તેમજ વિવિધ સેવાકાર્ય

અબતક, રાજકોટ

સ્વ. નાગરદાસ મનજી શાહ વર્ધમાન સાર્વજનીક ટ્રસ્ટના ૧૫ જુલાઈ ૨૦૧૫ એ નૂતનીકરણ કરવામાં આવ્યું હતું. દસમાં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે ૧૫ જુલાઈ થી ૨ ઓકટોબર સુધી ઉજવણી કરવામાં આવી રહી છે.

ટ્રસ્ટ સાથે જોડાયેલા દાતાઓને આમંત્રિત કરવામાં આવ્યા હતા. તેઓને ટ્રસ્ટ દ્વારા કરવામાં આવતા સેવાકીય પ્રવૃતિથી વાકેફ કરવામાં આવ્યા હતા. એ તમામ દાતાનું સન્માન કરવામાં આવ્યું હતું.

નૂતનીકરણ ભોજનાલય દ્વારા ૧ રૂપિયામાં ૯૨ લોકો અને માત્ર દસ રૂપિયામાં ૧૧૦ લોકો અને ૬૦ રૂપિયામાં અનેક લોકો સાધર્મીકનો લાભ લઈ રહ્યા છે. ભોજનાલય તમામ વસ્તુ શુધ્ધ અને સાત્વીક વાપરીને ભોજન બનાવવામાં આવે છે. આશ્ચર્ય સાથે આનંદ અનુભવેલ રસોડાની વ્યવસ્થા સ્ટોરની વ્યવસ્થા તથા જમવા માટેની વ્યવસ્થા જોઈને ઘણા લોકો પ્રભાવિત થયા હતા.

# સરસ્વતી શિશુમંદિરમાં યોજાયું માતૃ સંમેલન

## માતાઓને સંતાનો પ્રત્યેની ફરજ શાળાકીય વ્યવસ્થાપન સહિતની બાબતે સમજણ અપાઈ




અબતક,રાજકોટ

વિદ્યાભારતી ગુજરાત પ્રદેશ સંલગ્ન તેમજ સૌરાષ્ટ્ર શિક્ષણ અને સેવા સમાજ ટ્રસ્ટ રાજકોટ સંચાલિત સરસ્વતી શિશુમંદિરમાં માતૃ સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. શહેરના રણછોડનગર ખાતે આવેલા સરસ્વતી શિશુમંદિરમાં ડો. કર્તવીબેન ભટ્ટ દ્વારા શાળાના વિદ્યાર્થીઓની માતાઓને ચાઈલ્સ સાઈકોલોજી પર વકતવ્ય આપીને વર્તમાન શિક્ષણ વ્યવસ્થાની ધ્યાનમાં રાખવા જેવી બાબતો વિશે માહિતગાર કરાયા હતા. આ માતૃ સંમેલનમાં શાળાના શિક્ષકો અને વિદ્યાર્થીઓ વચ્ચે માતાઓની ભૂમિકા, માતાઓની પોતાના સંતાનો પ્રત્યેની ફરજ, શાળાકીય વ્યવસ્થાપન તથા સુવિધાઓ, શૈક્ષણિક આયોજનો અને તેના કાર્યક્રમો અંગે વિશદ સમજણ આપવામાં આવી હતી. સરસ્વતી શિશુમંદિરના ચેરમેન અપૂર્વભાઈ મણીઆરે માતૃ સંમેલનના વક્તા ડો. કર્તવીબેન ભટ્ટ અને તેમના પ્રયત્નોને બિરદાવ્યા હતા.

# જિલ્લા કક્ષાની શાળાકીય એથ્લેટીકસની સ્પર્ધામાં ૧૧૧ બાળાઓ બની વિજેતા





વિવિધ સ્પર્ધાઓમાં બાળકોએ કર્યુ શાનદાર પ્રદર્શન

અબતક,રાજકોટ

રાજકોટમાં રેસકોર્સ ખાતે આવેલા એથ્લેટિક્સ ગ્રાઉન્ડ ખાતે આજે સવારથી જ રમતોની રસાકસી જામી હતી. ૬૮મી અખિલ ભારતીય શાળાકીય રમતોની સ્પર્ધા અંતર્ગત સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાત, જિલ્લા રમતગમત અધિકારીની કચેરી દ્વારા અહીં ઝોન/જિલ્લા કક્ષાની એથ્લેટિક્સ સ્પર્ધાઓનું આયોજન કરાયું છે.

જેમાં એથ્લેટિક્સ ગ્રાઉન્ડમાં આજે કન્યાઓ માટેની ૧૦૦-૨૦૦-૪૦૦-૮૦૦-૧૫૦૦ મીટર સહિતની દોડની વિવિધ ઈવેન્ટ્સ, લોંગ જમ્પ, હાઈ જમ્પ, ટ્રિપલ જમ્પ તેમજ ગોળા ફેંક, ડિસ્ક થ્રો તથા બરછી ફેંકની સ્પર્ધાઓમાં રમતવીર બાલિકાઓએ જોમ- જુસ્સાભેર ભાગ લીધો હતો. બીજી તરફ વાલીઓ, શિક્ષકો તેમજ દર્શકોએ પણ પૂરા જોશથી તેમને બિદરાવી હતી.

બીજી તરફ ફુટબોલ ગ્રાઉન્ડમાં પણ ફુટબોલની સ્પર્ધામાં ભાઈઓની વિવિધ ટીમો વચ્ચે રોમાંચક જંગ ખેલાયો હતો. જ્યારે યુનિવર્સિટી પાસેના ઈનડોર સ્ટેડિયમમાં અંડર-૧૪ કરાટે તેમજ અંડર-૧૪ વોલીબોલની સ્પર્ધામાં નાના બાળકોએ હેરતઅંગેઝ પ્રદર્શન કરીને જોનારાઓએ સાનંદાશ્ચર્યમાં મુકી દીધા હતા.

જેમાં અંડર-૧૪, ૧૭ તથા ૧૯ની વિવિધ ૩૩ ઈવેન્ટ્સમાં કુલ મળીને ૧૧૧ છાત્રાઓ વિજેતા બની હતી.

સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાત, જિલ્લા રમતગમત અધિકારીની કચેરી દ્વારા આજે અંડર-૧૪, ૧૭ તથા ૧૯ વયજૂથની ૩૩ સ્પર્ધાઓની

(અનું. આઠમાં પાને)

# ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી દ્વારા નાટ્ય તાલીમ શિબિરમાં 30 કોલેજના વિદ્યાર્થીએ લીધો લાભ

## અભિનય, નાટકમાં સંગીતનું મહત્વ, અભિનયના નવરસ વગેરરે વિષયોનો થયો સમાવેશ




અબતક,રાજકોટ

ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી દ્વારા વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે હાથ ધરાતા વિવિધ કાર્યક્રમોનાં ભાગરૂપે એક ''નાટ્ય તાલીમ શિબિર''નું આયોજન શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી,વેરાવળનાં કેમ્પસમાં કુલપતિ ડો રાજુલ કે.ગજ્જર અને કુલસચિવ ડો.કે.એન.ખેર ના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

આ શિબિરમાં જોડાયેલા જુદીજુદી 30 કોલેજના ૪૧ વિદ્યાર્થીઓને નાટ્યના વિવિધ પ્રકારોની તાલીમ આપવામાં આવી હતી જેમાં અભિનય,નાટકમાં સંગીતનું મહત્ત્વ અવાજનો આરોહ-અવરોહ,અભિનયનાં નવ રસ :-નાટકનો ઈતિહાસ વગેરે વિષયોનો સમાવેશ થતો હતો.

તજજ્ઞો દ્વારા શીખવવામાં આવેલ આ તમામ વિષયોની અપાયેલ વ્યવહારૂ તાલિમના નિર્દેશનનો કાર્યક્રમ તથા પૂર્ણાહુતિ સમારંભ શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીના કુલસચિવ પ્રા.ડો.લલિત પટેલ, વેરાવળનાં અગ્રણી લોકસેવક વિક્રમ તન્ના અને અગ્રણી કેળવણીકાર ગિરીશ કારિયાની ઉપસ્થિતિમાં તથા વેરાવળની કે.એમ.એન્ડ કે.કે.સવજાણી કોલેજના વિદ્યાર્થીઓ અને પ્રાધ્યાપકોની ઉપસ્થિતિમાં યોજાયો હતો.જેમાં :-રામધારીસિંહ દીનકર લિખિત 'કર્ણ ઔર અશ્વસેન સંવાદ' :- કપિલદેવ શુકલ લિખિત 'જસમા ઓડણ' :- કમલ જોષી લિખિત 'ભાગ ભોલા ભાગ' અને :- 'હેડંબાવન' કૃતિઓ પ્રસ્તુત કરાઈ હતી.આ આયોજનને સફળ બનાવવામાં સવજાણી કોલેજના પ્રા.મયૂર ગઢિયા અને પ્રા. હિમાંશુ ઝણકારનો સહયોગ પ્રાપ્ત થયો

(અનું. આઠમાં પાને)

# મોદી સ્કુલમાં વિદ્યાર્થીઓની ચૂંટણી પદવી ધારકોએ સંભાળી "જવાબદારી"

## પી.આઈ. જાડેજાએ વિદ્યાર્થીઓને શિસ્ત અને જવાબદારીનું મહત્વ સમજાવ્યું



અબતક, રાજકોટ

શિક્ષણ એટલે માત્ર પુસ્તકોનો જ અભ્યાસ નહી, પરંતુ વિવિધ સહઅભ્યાસિક પ્રવૃતિઓ દ્વારા બાળકનો સર્વાંગી વિકાસ થાય અને સમાજના જવાબદાર નાગરિક બને તે દિશામાં પણ હંમેશા અગ્રેસર રહેતી મોદી સ્કૂલ-અંબિકા દ્વારા ગુજરાતી માધ્યમ તેમજ અંગ્રેજી માધ્યમના કાઉન્સિલની ચૂંટણીમાં પસંદ થયેલ વિદ્યાર્થીઓ માટે ભવ્ય પદવીદાન સમારોહનું આયોજન કરી જવાબદારીઓ સોંપવામાં આવી હતી.

વિદ્યાર્થી જીવનમાં શરૂઆતથી જ જાગૃતતા કેળવાય અને ભવિષ્યમાં જવાબદાર નાગરિક તરીકે પોતાના મતાધિકારનો ઉપયોગ કરી યોગ્ય નેતાની પસંદગી કરે તે માટે સંપૂર્ણ ચૂંટણી પ્રક્રિયાની સમજ અને નિયમોના પાલન દ્વારા વિદ્યાર્થીઓની પસંદગી કરવામાં આવી હતી. જેમાં ધોરણ-૧ થી ૧૨ ના દરેક વિદ્યાર્થીઓએ પોતાના મતાધિકારનો ઉપયોગ કરેલો હતો. જેમાં અંગ્રેજી માધ્યમમાં હેડ બોય તરીકે લિંબાસીયા વિજય ભવાનભાઈ અને હેડ ગર્લ તરીકે પોશીયા વિશ્વા આશીષભાઈ તેમજ

(અનું. આઠમાં પાને)

### નારી વંદન સપ્તાહ અંતર્ગત

# સખી વન સ્ટોપ સેન્ટર ખાતે કરાયું વૃક્ષારોપણ



આસોપાલવ, લીંબુ સહિતના ફુલ છોડના રોપાનું કરાયું વાવેતર

અબતક,રાજકોટ

ગુજરાત સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા મહિલાઓને સશક્ત અને શિક્ષિત બનાવવાના હેતુસર હાલમાં 'નારી વંદન ઉત્સવ' સપ્તાહની ઉજવણી કરવામાં આવી રહી છે. જેના ભાગરૂપે રાજકોટ જિલ્લામાં નારી વંદન સપ્તાહના પાંચમાં દિવસે 'મહિલા નેતૃત્વ દિવસ' ઉજવવામાં આવ્યો હતો. જે અન્વયે રાજકોટ જિલ્લા મહિલા

(અનું. આઠમાં પાને)

## મહિલા ખેડુતોને કૃષિ અને પશુપાલન વિષયે આપ્યું માર્ગદર્શન



મહિલા ખેડૂતોને ફળ અને શાકભાજીના પાકોમાં પ્રાકૃતિક કૃષિ અંગે માર્ગદર્શન અપાયું હતું. ઉપરાંત ખેડૂતોને પોષણક્ષમ ભાવો મળી રહે અને ફળ અને શાકભાજીનો બગાડ અટકે તે માટે બાગાયત વિભાગની કેનીંગ અને કિચન ગાર્ડનની યોજના કેનિંગ વર્ગોની તાલીમ અંગે જાણકારી આપી હતી. પશુપાલન વિભાગના અધિકારી દ્વારા પશુપાલનના રખ-રખાવ તેમજ તેના ઉછેર બાબતે આવતી સમસ્યાઓ, પશુઓમાં આવતા રોગો વગેરે વિશે વિસ્તૃત જાણકારી અપાઈ હતી.આત્મા કચેરીના અધિકારી દ્વારા પ્રાકૃતિક કૃષિ શુ છે? શા માટે કરવી જોઈએ તેમજ તેના ફાયદાઓ વિશે અવગત કરવામાં આવ્યા હતા. જિલ્લા ખેતીવાડી અધિકારીએ રાજ્યની કૃષિ લક્ષી જુદી-જુદી યોજનાઓની જાણકારી આપી હતી. કાર્યક્રમમાં નાયબ બાગાયત નિયામક, પશુપાલનના અધિકારી, આત્મા કચેરીના નાયબ ખેતી નિયામક, જિલ્લા ખેતીવાડી અધિકારી તથા ૬૦ જેટલા મહિલા ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.

## કુવાડવા રોડ પર વધુ એક ગમખ્વાર અકસ્માત

# મેંગો માર્કેટ નજીક બેકાબુ કન્ટેનરે બાઈકને ઠોકર મારતા પતિ-પત્નીનું કમકમાટીભર્યું મોત

### ગુંદા ગામે માતાજીના દર્શન કરી પરત ફરતા નડ્યો અકસ્માત : બે સંતાનોએ માતા-પિતાની છત્રછાયા ગુમાવી

**અબતક, રાજકોટ**

શહેરમાં કુવાડવા રોડ પર ગ્રીનલેન્ડ ચોકડી પાસે કુવાડવા પોલીસ ચોકી પાસે બેકાબૂ કન્ટેનરે બાઈકને ઠોકરે લેતા કોઠારિયા રોડ પર રહેતા વેપારી અને તેના પત્નીનું મોત નીપજતા તેના પરિવારમાં શોક છવાયો છે. બનાવને પગલે બી ડિવિઝન પોલીસે ઘટનાસ્થળે પહોંચી તપાસ કરતા કોઠારિયા રોડ પર કપડાનો શો-રૂમ ચલાવતા વેપારી તેના પત્ની સાથે ગુંદા ગામે માતાજીના દર્શન કરી ઘેર આવતા હતા ત્યારે અકસ્માતની ઘટના બની હતી. પોલીસે ચાલકની ધરપકડ કરવાની કાર્યવાહી કરી હતી.

રાજકોટમાં જીવલેણ અકસ્માતના બનાવો અટકાવવા પોલીસ અથાગ પ્રયત્નો કરે છે પરંતુ તેમ છતાં આવા બનાવો અટકવાનું નામ જ લેતા નથી. તાજેતરમાં સાયલા પંથકના યુવકનું દોઢસો ફૂટ રીંગ રોડ પર અકસ્માતમાં મોત થયાની ઘટના બાદ શહેરની ભાગોળે સમી સાંજે ગુંદા ગામથી પરત આવતા વેપારી દંપતિના બાઈકને ટ્રકચાલકે ઠોકરે લેતા ગંભીર ઈજા થતા બંનેના ઘટનાસ્થળે જ મોત નીપજ્યા હતા. કાપડના વેપારી પ્રૌઢ અને તેમના પત્નીના મૃત્યુથી બે બાળકોએ માતા-પિતાનું છત્ર ગુમાવ્યું છે. કુવાડવા રોડ પોલીસે દોડી જઈ ટ્રકચાલકને સકંજામાં લઈ જરૂરી



કાર્યવાહી કરી હતી.

શહેરની ભાગોળે મેંગો માર્કેટ પાસે ગત સમી સાંજે અકસ્માતનો બનાવ બન્યો હતો. જેમાં બે લોકોના ઘટનાસ્થળે જ મોત નીપજ્ય હતા. બનાવની જાણ થતા બી ડીવીઝન પોલીસ મથકના પીઆઈ એસ એમ જાડેજા સહિતનો સ્ટાફ દોડી ગયો હતો. પોલીસની પ્રાથમિક તપાસમાં મૃતકો શહેરના કોઠારિયા રોડ ઉપર બોલબાલા માર્ગ શ્રધ્ધા પાર્કમાં રહેતા અને શ્યામ હોલ પાસે કૈલાસ સિલેકશન નામે કપડાની દુકાન ધરાવતા લાલજીભાઈ ભગવાનજીભાઈ રૈયાણી ઉ.વ.૫૧ તેના પત્ની ભાવનાબેન ઉ.વ.૫૦ બાઈક લઈને ગુંદા ગામે દર્શન કરવા ગયા હતા. ત્યાંથી સાંજે પરત બાઈક લઈને ઘરે જતા હતા ત્યારે જીજે-૧૮-એઝેડ-૧૧૯૫ નંબરના ટ્રકના ચાલકે પાછળથી ઠોકર મારતા બંને ફંગોળાઈ ગયા હતા અને બાઈક ટ્રક નીચે ફસાઈ ગયું હતું. જયારે આ અકસ્માતમાં ઘવાયેલા દંપતિનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. પોલીસે દંપતીના મૃતદેહને પીએમ અર્થે સિવિલ હોસ્પીટલે ખસેડયા હતા અને અકસ્માત સર્જનાર ટ્રકચાલકને સકંજામાં લઈ ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી. મૃતક લાલજીભાઈ બે ભાઈ બે બહેનમાં મોટા હોવાનું જાણવા મળ્યું છે. એક પુત્ર અને એક પુત્રીએ માતા-પિતાની છત્રછાયા ગુમાવતા ભાઈ-બહેન સહિતનો પરિવાર શોકમાં ગરકાવ થઈ ગયો છે.

### ટ્રકચાલકે પાછળથી બાઈકને હડફેટે લેતા આધેડ પતિ-પત્ની મોતને ભેંટ્યા

પ્રાપ્ત વિગત મુજબ લાલજીભાઈ ભગવાનજીભાઈ રૈયાણી અને તેમના પત્ની ભાવનાબેન પોતાના બાઈક પર પસાર થઈ રહ્યા હતા. આ દરમિયાન અમદાવાદ હાઈ-વે પર મેંગો માર્કેટ પાસે પૂર ઝડપે આવતા એક ટ્રક ચાલકે તેની આગળ જતા બાઈકને અડફેટે લેતા તેના પર સવાર લાલજીભાઈ રૈયાણી અને તેમના પત્ની ભાવનાબેન લાલજીભાઈ રૈયાણી પટકાઈને રોડ ઉપર પડ્યા હતા અને ગંભીર ઈજાને પગલે ઘટનાસ્થળે જ બંનેનું મોત નિપજ્યું હતું.

### કન્ટેનર ચાલક પૃથ્વીરાજ ઝાલાની અટકાયત

ઘટનાને પગલે બી ડિવિઝન પોલીસ મથકના પીઆઈ એસ એમ જાડેજા સહિતનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો. જ્યાં મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડી પોલીસે કન્ટેનર ચાલક પૃથ્વીરાજ સામંતસિંહ ઝાલા (ઉ.વ.૪૫) રહે ગુંઝાલા ગામ, દેત્રોજ, અમદાવાદવાળાની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# અન્નનો કોળિયો શ્વાસનળીમાં ફસાઈ જતા યુવકનું મોત

### સારવારમાં દમ તોડ્યો,પતિના મોતથી સગર્ભા પત્ની સહિત પરિવારમાં કલ્પાંત

**અબતક,રાજકોટ**

લોકોની લાઈફ સ્ટાઈલ તકલાદી થવા પામી છે,ત્યારે અને હાર્ટ એટેકથી મોતની સંખ્યામાં પણ નોંધપાત્ર વધારો થયો છે, ખાસ કરીને યુવાવસ્થામાં હૃદય થંભી જવાની ઘટના વધુ એક વખત જોવા મળી છે, રાજકોટના રેલનગરમાં રાત્રીના યુવકનું જમતી વેળાએ કોળિયો શ્વાસનળીમાં ફસાઈ જતા વધુ તકલીફ થતા બેભાન થઈ જતા સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો પરંતુ સારવાર કારગત નીવડે તે પૂર્વે જ મોત નીપજ્યું હતું.



પ્રાપ્ત માહિતી અનુસાર શહેરના મહર્ષિ અરવિંદ ટાઉનશીપમાં રહેતા રોહિત દિનેશભાઈ ત્રિવેદી (ઉ.વ.૨૩) નામનો યુવક રાત્રીના જમતી વેળાએ ખોરાક શ્વાસનળીમાં ફસાઈ જતા યુવકનો શ્વાસ રુંધાયા બાદ યુવકને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.પત્ની સહિતના પરિવારજનો જાગી ગયા હતા અને તાકીદે સિવિલ હોસ્પિટલએ ખસેડવામાં આવતા ફરજ પરના તબીબે નિષ્પ્રાણ જાહેર કરતા પરિવારમાં આક્રંદ સર્જાયો હતો.બનાવ અંગે હોસ્પિટલ ચોકીના સ્ટાફે પ્રદ્યુમન નગર પોલીસને જાણ કરતા પોલીસ સ્ટાફે હોસ્પિટલ પહોંચી જરૂરી કાગળો કર્યા હતા. મૃત્યુ પામનાર યુવક બે ભાઈ એક બહેનમાં નાનો હતો અને રિક્ષા હંકારી પરિવારને મદદરૂપ થતો હતો. પત્ની ધારાબેન સગર્ભા છે. પરિવારજનોએ હાર્ટ અટેક આવ્યાનું જણાવ્યું હતું.

## કોઠારીયા રોડ પર અર્જુન પાર્કનો બનાવ

# ગેરેજ સંચાલક યુવાનના ઘરે પ્રસંગમાં આવેલા કૌટુંબિક ભાઈ રૂ.૧.૯૫ લાખના દાગીના ઉઠાવી ગયો

### પુત્રની મૂંડનવિધિમાં આવેલા નવદીપ ડોબરીયા સીસીટીવીમાં ઉઠાંતરીને અંજામ આપતાં ઝડપાયો

**અબતક, રાજકોટ**

તસ્કરોને કોઈ સંબંધ કે મિત્રતા આડે આવતી નથી તેવો એક અહેવાલ રાજકોટ શહેરમાંથી સામે આવ્યો છે. શહેરના કોઠારીયા રોડ વિસ્તારમાં રહેતા ગેરેજ સંચાલક યુવાનના પુત્રની મૂંડનવિધીમાં આમંત્રિત મહેમાનોમાં કૌટુંબિક ભાઈએ જ યુવાનના ગળામાંથી સોનાનો ચેઈન, રૂમમાં રાખેલો સોનાનો હાર અને કબાટમાંથી વીટીની ઉઠાંતરીને અંજામ આપી ફરાર થઈ ગયાનો બનાવ ભકિતનગર પોલીસ મથકમાં નોંધાયો છે. કોઠારીયા રોડ પર નંદાહોલ પાછળ અર્જુન પાર્ક સામે રહેતાં ગેરેજ સંચાલક યુવાનના ઘરે તેમના પુત્રની મુંડનવિધિના કાર્યક્રમમાં ૧૦૦ થી વધું મહેમાનો મહેમાન ગતિ મણિ રહ્યાં હતાં.ત્યારે જ તસ્કરના રૂપમાં આવેલ કૌટુંબિક ભાઈએ યુવાનના ગળામાં તેને પહેરેલ સોનાનો ચેઈન તેમજ રૂમમાં સેટી પર રાખેલ સોનાનો હાર અને સોનાની વિંટી મળી કુલ રૂ.૧.૯૦ લાખના દાગીના ચોરી ફરાર થઈ જતાં પ્રસંગમાં સોંપો પડી ગયો હતો. બનાવ અંગે પોલીસને જાણ થતાં ભક્તિનગર પોલીસ દોડી આવી હતી અને ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

પ્રાપ્ત વિગત મુજબ, રાજકોટમાં નંદાહોલ પાછળ ખોડિયાર નગર મેઈન રોડ પર અર્જુન પાર્કની સામે રહેતા પાર્થ નરેન્દ્રભાઈ ડોબરીયા (ઉ.વ.૨૬) એ નોંધાવેલ ફરિયાદમાં આરોપીમાં શકમંદ તરીકે નવદીપ રાજેશ ડોબરીયા અથવા અજાણ્યાં શખ્સનું નામ આપતાં ભક્તિનગર પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.વધુમાં ફરિયાદીએ જણાવ્યું હતું કે, તેઓ ગેરેજ ચલાવી પરીવારનું ગુજરાન ચલાવે છે.તેમના ઘરે ગઈ તા.૨૮-૦૭ ના તેમના પુત્રના બાલ મોવાળાની વિધિ રાખી હોય જેથી પરીવાર તેમજ સગા સબંધીઓને આમંત્રિત કર્યા હતાં. પ્રસંગમાં ૧૦૦ થી વધું મહેમાનો આવ્યાં હતાં અને ખુશીનો માહોલ ઘરમાં હતો.

તેઓએ પોતાના ગળામાં સોનાનો ચેઈન પહેર્યો હતો અને મહેમાનો આવતાં હતાં. દરમિયાન તેમની પત્ની ધર્મિષ્ઠાબેન પણ સોનાનો હાર અને વિંટી પહેરવા માટે દાગીના કબાટમાંથી કાઢી સેટી પર રાખ્યાં હતાં.દરમિયાન બપોરના ત્રણ વાગ્યાથી સાત વાગ્યા સુધીના સમયગાળામાં ફરિયાદીના ગળામાંથી સોનાનો ચેઈન રૂ.૫૦ હજારનો અચાનક ગાયબ થતાં દોડધામ મચી ગઈ હતી. બાદમાં તેઓએ તપાસ કરતાં તેમની પત્નીએ સેટી પર રાખેલ સોનાનો હાર રૂ.૧.૨૦ લાખ અને સોનાની વિંટી રૂ.૨૫ હજારની પણ ગાયબ હતી.જેથી યુવાન સહિત સગા સબંધીઓ પણ દાગીના શોધવા લાગ્યાં હતાં. ત્યારે સીસીટીવી ફૂટેજ ચેક કરતાં તેમાં ફરિયાદીના કાકાનો પુત્ર નવદીપ ડોબરીયા તેમના ગળામાંથી અને સેટી પરથી દાગીના લઈ જતો જોવા મળતાં તાત્કાલિક પોલીસને જાણ કરી હતી. દોડી આવેલ ભક્તિનગર પોલીસે કુલ રૂ.૧.૯૦ લાખના દાગીનાની ચોરીની ફરીયાદ નોંધી સીસીટીવી ફુટેજના આધારે તપાસ કરતાં શકમંદ તરીકે નવદીપ ડોબરીયા નામનો શખ્સ દેખાતા તેની શોધખોળ હાથ ધરી સકંજામાં લઈ પૂછતાછ હાથ ધરી હતી.

# ટ્રસ્ટમાં દાન અને અકસ્માતનું નાટક કરી કાકા, ભત્રીજાએ રૂ.૨૮ હજારની છેતરપિંડી આંચરી

### મવડીના રમેશ રૈયાણી અને સુરતના ભૌમિક રૈયાણીની ભક્તિનગર પોલીસ દ્વારા ધરપકડ : આર્થિક રીતે તૂટી જતાં છેતરપિંડીને અંજામ આપ્યાનું રટણ

**અબતક, રાજકોટ**

શહેરના હરી ધવા રોડ પર રહેતા અને સમસ્ત કાકડિયા પરિવાર સંચાલિત ટ્રસ્ટના ટ્રસ્ટી સાથે ટ્રસ્ટમાં દાન આપવાના અને અકસ્માતનું નાટક રચી મવડી અને સુરતના કાકા-ભત્રીજાએ રૂ. ૨૮ હજારની છેતરપિંડી આચરી લીધાનો બનાવ ભકિતનગર પોલીસ ચોપડે નોંધાયો છે. પોલીસે બંનેને ઝડપી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી વિગતો મુજબ હરિ ધવા રોડ પરની રેમ્બો રેસીડેન્સી શેરી નં. ૧માં રહેતા અને રાજકોટ ખાતે આવેલ સમસ્ત કાકડિયા પરિવાર સંચાલિત વિકાસ વર્તુળ ટ્રસ્ટમાં છેલ્લા પાંચ વર્ષથી ટ્રસ્ટી ભરતભાઈ રણછોડભાઈ કાકડિયા (ઉ.વ.૫૨)એ નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે રાજકોટના રમેશ અને તેના ભત્રીજા ભૌમિકનું નામ આપ્યું હતું. ભકિતનગર પોલીસે ગુનો નોંધી બન્નેની ધરપકડ કરી છે. ભરતભાઈએ પોલીસને જણાવ્યું કે તે, એકાઉન્ટનું કામકાજ કરે છે. ગઈ તા. ૧૫ માર્ચના રોજ તેને કોલ આવ્યો હતો.

જેમાં સામાવાળાએ કહ્યું કે હું સુરતથી રમેશભાઈ વાત કરું છું. આપણે તા. ૨૦-૩-૨૦૨૪ના રોજ સુરાપુરા દાદાનો જે પ્રસંગ છે તેમાં મારે અનુદાન આપવું છે. જે હું ચેકથી આપવા માગુ છું. પ્રસંગના દિવસે મારો પુત્ર ત્યાં આવશે, ત્યાં આવી તમને ચેક આપશે, જે તમે સ્વીકારી લેજો. જેથી તેણે હા પાડી હતી. ત્યારપછી તા. ૨૦-૩-૨૦૨૪ના રોજ ફરીથી રમેશભાઈ નામ આપનારે કોલ કરી કહ્યું કે મારો પુત્ર ત્યાં પ્રસંગમાં આવવા નીકળ્યો હતો. પરંતુ તેને લીંબડી પાસે અકસ્માત નડ્યો છે. જેથી તમે તેને બનતી મદદ કરજો. જેની સામે તેણે કહ્યું કે તમારા પુત્રને કહો કે મને ફોન કરે. થોડીવાર બાદ રમેશભાઈના પુત્રનો સ્વાંગ ધારણ કરનારા ભૌમિકે વોટ્સએપ કોલ કરી કહ્યું કે અમારો અકસ્માત થયો છે. જેમાં દવાખાનાના ફોટા મોકલુ છું.

થોડીવાર પછી એક વ્યક્તિ દવાખાનાના બેડ પર સૂતી હોય તેવો ફોટો મોકલી વિશ્વાસ અપાવ્યો હતો. જેથી તેણે રમેશભાઈના કહેવાતા પુત્ર ભૌમિકને કોલ કરી હું શું મદદ કરી શકું તમ પૂછતા તેણે કહ્યું કે મારા મિત્રને લીંબડીથી રાજકોટ હોસ્પિટલમાં રિફર કરવાનો છે, તો તમે હોસ્પિટલના બીલની ચૂકવણીમાં મદદ કરો. થોડીવાર બાદ રૂ. ૨૭૯૦૦નું બીલ મોકલ્યું હતું. ત્યાર પછી ભૌમિકે પોતાને ઓનલાઈન પૈસા ટ્રાન્સફર કરતાં આવડતું ન હોવાથી મિત્રના મોબાઈલમાંથી તે રકમ ટ્રાન્સફર કરાવી હતી. બાદમાં રમેશભાઈના કહેવાતા પુત્ર ભૌમિકનો કોઈ કોલ આવ્યો ન હતો. તપાસ કરતાં રમેશભાઈ કાકડિયા નામની કોઈ વ્યક્તિ નહીં હોવાની માહિતી મળી હતી.

આખરે પોતે છેતરાઈ ગયાનો અહેસાસ થતાં સાયબર ક્રાઈમ હેલ્પલાઈન નંબર ઉપર ફરિયાદ નોંધાવી હતી.આ મામલે ભક્તિનગર પોલીસે ભરતભાઈ રણછોડભાઈ કાકડિયાની ફરિયાદને આધારે ગુનો નોંધી તપાસ કરી સ્પીડવેલ પાર્ટી પ્લોટ પાછળ પંડિત દિનદયાળ આવાસ યોજનાના કવાર્ટર, બ્લોક નં. ૨૦૪માં રહેતા રમેશ મોહનભાઈ રૈયાણી (ઉ.વ.૪૮) અને તેના ભત્રીજા મૂળ ગોવિંદરત્ન એપાર્ટમેન્ટ, મવડી બાયપાસ રાજકોટ અને હાલ રાધે રેસીડેન્સી એપાર્ટમેન્ટ, ડી-૧૦૧, ભક્તિનંદન ચોક, મોટા વરાછા સુરત રહેતા ભૌમિક રસિકભાઈ રૈયાણી (ઉ.વ.૨૩) ની ધરપકડ કરી હતી.

પોલીસની પ્રાથમિક પુછપરછમાં જાણવા મળ્યું કે, કાકડિયા પરિવારના સૂરાપૂરા દાદાનો મઢ બનાવવાનો હોય જે માટેની પત્રિકા છપાવી હોય તેમાંથી ભરતભાઈનો નંબર મેળવી આર્થિક રીતે તૂટી ગયેલા રમેશે છેતરપિંડીનો પ્લાન બનાવ્યો જેમાં તેના ભત્રીજા ભૌમિકે પણ ભૂમિકા ભજવી હતી.

# પુત્રીના લગ્ન બાદ આર્થિક ભીંસથી પિતાનો વતનમાં આપઘાત

### ખીરસરામાં માતાજીના મંદિરમાં રાજકોટના સામા કાંઠાના આધેડે ફાંસો ખાઈ જીવન ટુંકાવ્યું

**અબતક, રાજકોટ**

રાજકોટ શહેરના સામા કાંઠા વિસ્તારમાં પેડક રોડ નજીક રહેતા આધેડે લોધિકાના ખીરસરા ગામે નવા પ્લોટ પાસે આવેલા માતાજીના મઢમાં ગળાફાંસો ખાઈ લેતા ગામમાં અરેરાટી વ્યાપી છે.પુત્રીના લગ્ન કરાવ્યા બાદ ઘરમાં આર્થિક ભીંસ વધતા પિતાએ પગલું ભર્યું છે. બનાવ અંગે પોલીસે વધુ તપાસ હાથધરી છે.

રાજકોટ શહેરના સામા કાંઠા વિસ્તારમાં પેડક રોડ નજીક રહેતા દિલીપભાઈ કેશવજીભાઈ ચૌહાણ (ઉં.વ.૫૪) નામના આધેડે ગઈ કાલે સાંજે સાતેક વાગ્યાના અરસામાં ખીરસરા ગામે નવા પ્લોટ પાસે માતાજીના મંદિરમાં ગળાફાંસો ખાઈ લેતા મોત નિપજ્યું છે.બનાવથી ખીરસરા ગામે અરેરાટી મચી જવા પામી છે.પોલીસની પ્રાથમિક તપાસમાં આધેડની પુત્રીના થોડા સમય પૂર્વે લગ્ન થયા હોય,પુત્રીના લગ્ન કરાવ્યા બાદ ઘરમાં આર્થિક ભીંસ અનુભવાતા આધેડે ખીરસરા ગામે આવેલા માતાજીના મઢના પ્રાંગણમાં ફાંસો ખાઈ લેતા ગામમાં અરેરાટી વ્યાપી છે.બનાવની જાણ થતાં મેટોડા પોલીસના હેડ કોન્સ્ટેબલ યુવરાજસિંહ સહિતના સ્ટાફે સ્થળે પહોંચી જરૂરી તપાસ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.વધુમાં પ્રાપ્ત માહિતી અનુસાર મૃતક આધેડ દરજી કામ કરે છે.અને મૃતકને સંતાનમાં એક પુત્ર અને પુત્રી છે.બનાવથી પરિવારમાં શોકનું મોજુ ફરી વળ્યુ છે.

# સિવિલ હોસ્પિટલમાં ગઠિયા ગેંગ ફરી સક્રિયઃબાઈકની ઉઠાંતરી

### રેસકોર્સ અને કોઠારીયા રોડ પરથી વધુ બે વાહન ચોરાયાઃપોલીસ તંત્રમાં દોડધામ

**અબતક,રાજકોટ**

શહેરમાં અલગ અલગ ત્રણ જગ્યાએ થી બાઈક ચોરી તસ્કરો હવામાં ઓગળી ગયા હતા.બાઈક ચોરીની ફરિયાદ પોલીસ મથકમાં નોંધાતા પોલીસે ચોરોને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે.

બનાવની પ્રાપ્ત વિગતો મુજબ શહેરના કોઠારીયા મેઈન રોડ પરથી ગત તા.૨૦ના રોજ ધવલભાઈ પરષોત્તમભાઈ નસીત ઉવ ૩૧ વાળાનું ૩૧ હજારની કિંમતનું બાઈક ચોરાઈ ગયું હતું જેની ભક્તિનગર પોલીસળફ ફરિયાદ નોંધાઈ હતી. જયારે બીજા બનાવમાં સિવિલહોસ્પિટલ માંથી વિશાલભાઈ બાબુભાઈ પરમાર ઉવ ૨૫ વાળાનું ૨૫ હજારની કિંમતનું બાઈક ચોરી થતા પ્રદ્યુમ્ન નગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ હતી. અને ત્રીજા બનાવમાં રેસકોર્સની અંદર આવેલ ફૂટબોલ ગ્રાઉન્ડ માંથી આદિલભાઈ અબ્દુલભાઈ બાબાવાણી ઉવ ૨૨ વાળાનું આશરે ૧૫ હજારની કિંમતનું બાઈક ચોરી થઈ જતા પ્રદ્યુમ્ન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે.ત્રણ અલગ જગ્યાએ થી બાઈક ચોરીની ફરિયાદ પોલીસ મથકમાં નોંધાતા પોલીસે તસ્કરોને પકડવા પોલીસે ચક્રો ગતિમાન કર્યા છે.

# ઠક્કરબાપા હરિજનવાસમાં જુગાર રમતા ત્રણની ધરપકડ, ૧ ફરાર

### કોઠારીયા રોડ દેવપરા પાસે વરલી ફીચર નો જુગાર રમતો આંકડાશાસ્ત્રી ઝડપાયો

**અબતક ,રાજકોટ**

શહેર પોલીસ દ્વારા બે સ્થળે જુગારના દરોડા પાડ યા છે. જેમાં સદર વિસ્તારમાં આવેલા હરીજન વાસ ઠક્કરબાપા માં અને કોઠારીયા રોડ પર આવેલા દેવપરા પાસે જુગાર રમતા ચાર શખ્સોની ધરપકડ કરી ૨૪૦૦ નું મુદ્દામાલ કબજે કર્યો છે. જયારે નાસી છૂટેલા એક શખ્સની શોધખોળ હાથ ધરી છે.

વધુ વિગત મુજબશહેરના સદર બજાર વિસ્તારમાં આવેલા ઠક્કરબાપા હરીજનવાસ શેરી નંબર આઠમાં જાહેરમાં જુગાર રમતો હોવાની પ્ર.નગર પોલીસને મળેલી બાતમીના આધારે પીએસઆઈ પી.કે.પઢિયાર અને કોન્સ્ટેબલ સહદેવસિંહ જાડેજા સહિતના સ્ટાફે પાડી જુગાર રમતા સની કરસનભાઈ ખાવરી રાહુલ જગદીશ વાઘેલા અર્જુન અરવિંદ પરમાર ની ધરપકડ કરી જુગારના પટમાંથી ૧૩૯૦ કબજે કરી નાસી છૂટેલા વિકાસ પરમાર ની શોધખોળ હાથ કરી છે. જ્યારે શહેરના કોઠારીયા રોડ પર આવેલ દેવપરા ચોક પાસે જાહેરમાં વલ્લી પીચર ના આંકડા લખતો હોવાની ભકિતનગર પોલીસને મળેલી બાતમીના આધારે હેડ કોન્સ્ટેબલ હિતેન્દ્રસિંહ ઝાલા અને પુષ્પરાજસિંહ ગોહિલે દરોડો પાડી જંગલેશ્વર ના તવકકલ ચોક શેરી નંબર ૨૮ માં રહેતો ઈરફાન ઉકેલ સુમરા ની ધરપકડ કરી તેના કબજા માંથી એક હજાર રૂપિયા નો મુદ્દામાલ કબજે કર્યો છે

# મવડીમાં કાર પાર્ક કરવા મામલે કડુ મારી "નાક" ભાંગી નાખ્યું

### વેપારીને મારનાર ત્રણ સામે નોંધાતો ગુનો

**અબતક, રાજકોટ**

મવડી બાયપાસ રોડ પર સાગર રેસીડેન્સીમા રહેતા વેપારીને ત્રણ શખ્સોએ ભેગા મળીને હાથમા પહેરેલું કડુ મારીને નાકે તથા છાતીના ભાગે ઈજ કરી હતી. પોલીસે ત્રણ સામે નોંધ્યો ગુનો.

બનાવની પ્રાપ્ત વિગતો મુજબ સાગર રેસીડેન્સી એપાર્ટમેન્ટમા રહેતા શૈલેષગીરી કાંતિગીરી ગોસાઈ ઉવ ૪૫ વાળાએ રાજકોટ તાલુકા પોલીસમાં ફરિયાદ નોંધાવી હતીકે થોડા સમય પહેલા આરોપી પરમિત પટેલે ફરિયાદીની પાર્ક કરેલી કર મુદ્દે પોલીસમા ફરિયાદ નોંધાવી હતી જે બાબતે શૈલેષગીરી પરમિતને સમજાવા જતા પરમિતે ઉશ્કેરાઈ જઈ રવી પટેલ અને તુષાર પરમારને બોલાવી ફરિયાદી સાથે ઉધતાઈ ભરેલું વર્તન કરી શૈલેષગીરીને કહેવા લાગેલકે "તું અહીંયા કેમ આવ્યો" કહી હાથમા પહેરેલા કડા થી શૈલેષગીરીનું નાક ભાંગી નાખ્યું હતું અને ઢીંકા પાટુનો માર મારી મૂંઢ ઈજાઓ પહોંચાડી હતી. ઈજ ગ્રસ્ત હાલતમાં શૈલેષગીરીએ પોલીસમાં ફરિયાદ કરતા પોલીસે ત્રણે શખ્સોને પકડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# પડધરીના હડમતીયા ગામે કુવામાં અકસ્માતે પડી જતાં વૃદ્ધનું મોત

### પાણી સિંચતી વેળાએ ખેડૂતનો પગ લપસતા દુર્ઘટના સર્જાઈ,પરિવારમાં કલ્પાંત

**અબતક,રાજકોટ**

રાજકોટ શહેરના પડધરી તાલુકાના હડમતીયા ગામે રહેતા વૃદ્ધનું કૂવામાંથી પાણી સીંચતા પગ લપસી જવાથી મોત નિપજ્યું છે.બનાવ અંગે પોલીસ વધુ તપાસ હાથધરી છે.રાજકોટ શહેરના પડધરી તાલુકાના હડમતીયા ગામે રહેતા ભાડાભાઈ કમાભાઈ મુંગરા (ઉં.વ.૭૦) નામના વૃદ્ધનું વાડીમાં કૂવામાંથી પાણી સિંચતી વેળાએ પગ લપ્ટી જતા મોત નિપજ્યું છે.પોલીસની પ્રાથમિક તપાસમાં ભાડાભાઈ ગત રાત્રીના અગિયારેક વાગ્યાના અરસામાં કૂવામાંથી પાણી ભરી રહ્યા હતા, ત્યારે પગ લપ્ટી જતાં કુવામાં પટકાવાથી વૃદ્ધનું મોત નિપજ્યું છે.બનાવ અંગે પડધરી પોલીસને જાણ થતાં એએસઆઈ કે.કે.ગઢવી સહિતના સ્ટાફે સ્થળે પહોંચી જરૂરી કાગળો કરી મૃતદેહને પીએમ અર્થે ખસેડી વધુ તપાસ હાથધરી છે.બનાવ અંગે વધુ તપાસ એએસઆઈ કે.કે.ગઢવી ચલાવી રહ્યા છે.બનાવથી પરિવારમાં શોકનું મોજુ ફરી વળ્યુ છે.

B.Ed. પ્રવેશ ૨૦૨૪-૨૫
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી,રાજકોટ
Accredited with Grade B by NAAC
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન ગ્રાન્ટ ઇન એઇડ અને સ્વનિર્ભર સંસ્થાઓમાં બી.એડ.અભ્યાસક્રમ માટે શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ માં ખાલી જગ્યાઓ પર પ્રવેશ માટે GCAS માં ફોર્મ ભરેલ ન હોય તેવા વિદ્યાર્થીઓને ફોર્મ ભરવા માટે સૌરાષ્ટ્ર યુનીવર્સીટીની વેબસાઈટ https://bed.saurashtrauniversity.edu પર માહિતી તા.૦૬-૦૮-૨૦૨૪ ના રોજ ઉપલબ્ધ થશે.
માહિતી/રાજ/ ૪૪૧/૨૦૨૪/ ચેરમેન

તંત્રી લેખ

# બાંગ્લાદેશમાં સેનાની કરણી અને કથણીમાં ઘણો ફેર!

જ્યારે અંગ્રેજોએ ભારત છોડવાનું શરૂ કર્યું, ત્યારે તેઓએ પાકિસ્તાનનો જન્મ કરાવ્યો. આ દેશે ભારતના પૂર્વ અને પશ્ચિમ બંને ભાગો પર કબજો જમાવ્યો હતો. પરંતુ અલગતાની વિચારધારા હંમેશા અલગતા ઈચ્છશે. ૨૫ વર્ષ પણ નથી થયા કે પાકિસ્તાન પણ તૂટી ગયું. પૂર્વ પાકિસ્તાન બાંગ્લાદેશ બન્યું. શેખ મુજીબુર રહેમાન બાંગ્લાદેશની આઝાદીના હીરો હતા. આજે બાંગ્લાદેશમાં સ્થિતિ એવી છે કે શેખ મુજીબની પુત્રી અને બાંગ્લાદેશના પૂર્વ વડાપ્રધાન શેખ હસીનાને દેશ છોડીને ભાગી જવું પડ્યું છે. ૧૫ વર્ષ સુધી સત્તામાં રહેલા શેખ હસીનાને તેમની જ સેનાએ ૪૫ મિનિટમાં જ ભગાડી મૂક્યા. કહેવા માટે કે શેખ હસીનાએ વિદ્યાર્થીઓના આંદોલનને કારણે સત્તા ગુમાવી છે. પરંતુ આ પણ એક પ્રશ્ન છે કે શું ખુદ સેનાએ વિદ્યાર્થીઓના ગુસ્સાનો ફાયદો ઉઠાવીને રમત રમી છે.

જે રીતે સેના પાકિસ્તાનમાં દરેક વસ્તુને નિયંત્રિત કરે છે, તે બાંગ્લાદેશમાં નથી થતું. પણ એક યા બીજા સમયે બંને એક જ ભાગ હતા, જેની અસર રહે છે. બાંગ્લાદેશમાં અગાઉ પણ બળવાના પ્રયાસો થયા છે. પ્રથમ બળવો ૧૯૭૫ માં થયો હતો, જ્યારે શેખ મુજીબુર રહેમાનની તેમના પરિવારના સભ્યો સાથે હત્યા કરવામાં આવી હતી. આ પછી લાંબો સૈન્ય શાસન રહ્યું. તે જ વર્ષે, વધુ બે બળવા થયા અને જનરલ ઝિયાઉર રહેમાને સત્તા કબજે કરી. પરંતુ ઝિયાઉર રહેમાનનો પણ ૧૯૮૧માં તખ્તાપલટના પ્રયાસ સાથે અંત આવ્યો હતો. ન્યૂઝ એજન્સી રોઈટર્સના રિપોર્ટ અનુસાર, ચટગાંવ શહેરના એક સરકારી ગેસ્ટ હાઉસમાં તેની હત્યા કરવામાં આવી હતી. જો કે, સેના વફાદાર હતી અને બળવા ન થવા દીધો. પરંતુ તે પછીના વર્ષે સેનાએ બળવો કર્યો અને ઝિયાઉર રહેમાનના અનુગામી અબ્દુસ સત્તારને લોહી વગરના બળવા દ્વારા હાંકી કાઢવામાં આવ્યો.

૨૦૦૯માં બાંગ્લાદેશમાં લશ્કરી બળવો થયો હતો. સૈન્ય વડાએ સંભાળ રાખનાર સરકારને ટેકો આપ્યો હતો જે ૨૦૦૯ સુધી સત્તામાં રહી હતી. આ પછી હસીના સત્તામાં આવી. ૨૫ અને ૨૬ ફેબ્રુઆરી ૨૦૦૯ ના રોજ, બાંગ્લાદેશ રાઈફલ્સના એક વિભાગે બળવાનો પ્રયાસ કર્યો. આ સૈન્યનો બળવો ન હતો પરંતુ સરહદની રક્ષા કરતા અર્ધલશ્કરી દળનો હતો. બળવાખોર સૈનિકોએ બીડીઆર હેડક્વાર્ટર પર કબજો કર્યો અને ડિરેક્ટરને મારી નાખ્યા. આ સિવાય ૫૬ આર્મી ઓફિસર અને ૧૭ લોકો માર્યા ગયા હતા. એક ડઝન શહેરોમાં ફેલાયેલો બળવો છ દિવસ પછી વાટાઘાટો દ્વારા સમાપ્ત થયો. ૨૦૧૨ માં, બાંગ્લાદેશ આર્મીએ કહ્યું કે તેણે નિવૃત્ત અને સેવા આપતા અધિકારીઓ દ્વારા બળવાના પ્રયાસને નિષ્ફળ બનાવ્યો હતો, જે સમગ્ર દેશમાં શરિયા કાયદો લાદવાની ઝુંબેશથી પ્રેરિત હતો.

બાંગ્લાદેશમાં જુલાઈ ૨૦૨૪માં આરક્ષણ સામે શરૂ થયેલો વિરોધ શેખ હસીનાના રાજીનામા સાથે સમાપ્ત થયો હતો. જુલાઈમાં, યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ માંગ કરી રહ્યા હતા કે ૧૯૭૧ સ્વાતંત્ર્ય સેનાનીઓના પરિવારોને જે 30 ટકા અનામત હેઠળ નોકરીઓ આપવામાં આવી હતી તેને દૂર કરવામાં આવે. હિંસક વિરોધ પ્રદર્શનમાં ૨૦૦ લોકોના મોત બાદ સુપ્રીમ કોર્ટે આ અંગે ઐતિહાસિક નિર્ણય આપ્યો હતો. સુપ્રીમ કોર્ટે ૯૦ ટકાથી વધુ નોકરીઓમાંથી અનામત નાબૂદ કરી છે. પરંતુ હિંસા દરમિયાન થયેલા મૃત્યુ અને કર્ફ્યુને લઈને વિદ્યાર્થીઓ ગુસ્સે હતા. શેખ હસીનાને સત્તા પરથી હટાવવા માટે આ વખતે તેઓએ ફરીથી પ્રદર્શન કર્યું. પ્રદર્શન ફરી હિંસક બન્યું. આ વખતે ટોળું એક પોલીસ સ્ટેશનમાં ઘૂસી ગયું અને ૧૪ પોલીસકર્મીઓને મારી નાખ્યા. એક જ દિવસમાં ૧૦૦ લોકોના મોત થયા છે.

વિશ્વ હિન્દુ પ્રેરીત

# જન્માષ્ટમી મહોત્સવ સમિતિ દ્વારા પ્રથમવાર 'મૈં ભી યશોદા' નામની સ્પર્ધા યોજાશે

## ૧૮ વર્ષથી ઉપરની ઉંમરની બહેનો સ્પર્ધામાં ભાગ લઈ શકશે: ૧૪મી સુધીમાં ફોર્મ ભરી પરત કરવાના રહેશે

**અબતક,રાજકોટ**

વિશ્વ હિન્દુ પરિષદ પ્રેરીત જન્માષ્ટમી મહોત્સવ સમિતિ દ્વારા દર વર્ષની માફક આ વર્ષે પણ ભગવાન શ્રીકૃષ્ણના જન્મને વધાવવા માટે અનેકવિધ કાર્યક્રમોનું અદકેરૂ આયોજન કરવામાં આવ્યું છે. વર્ષો વર્ષ યોજાતી આ ગોપી-કિશન સ્પર્ધાને ખૂબ સુંદર પ્રતિસાદ મળી રહયો છે અને દર વર્ષે વધુને વધુ સ્પર્ધકો આ સ્પર્ધામાં ભાગ લઈ રહયાં છે. બાળકો માટેની આયોજીત આ સ્પર્ધાને અભૂતપૂર્વ સફળતા પ્રાપ્ત થતા તેનાથી પ્રેરાઈને આ વર્ષે મહિલાઓ માટે મે ભી યશોદા નામક સ્પર્ધાનું પ્રથમવાર આયોજન થવા જઈ રહયું છે. આ સ્પર્ધાને લઈને પણ મહિલા સ્પર્ધકોમાં ખૂબ ઉત્સાહ વર્તાય રહયો છે.

મે ભી યશોદા નામે યોજાવા જઈ રહેલ આ સ્પર્ધામાં ૧૮ વર્ષથી ઉપરની ઉંમરના કોઈપણ લેડીસ સ્પર્ધક ભાગ લઈ શકશે. આ સ્પર્ધામાં સ્પર્ધક પોતે ભાગ લઈ શકશે ઉપરાંત પોતાની સાથે જો ઈચ્છે તો વધુમાં વધુ ૧૨ વર્ષની ઉંમરના કોઈ બાળ સ્પર્ધકને પણ પોતાની સાથે જોડી શકશે.

આ સ્પર્ધામાં ભાગ લેવા માટે કોઈપણ પ્રકારની ફી આપવાની થશે નહિ. તા. ૧૮ ને રવિવારના રોજ પેડક રોડ ખાતે આવેલ અટલ બિહારી બાજપાઈ ઓડીટોરીયમ ખાતે સવારે ૯-૦૦ થી ૧૨-૦૦ દરમ્યાન આયોજીત આ મે ભી યશોદા સ્પર્ધા અંગે વિશેષ માહિતી માટે ઈન્ચાર્જ સુશીલભાઈ પાંભર : મો. નં. ૯૮૭૯૨૧૬૭૪૭ નો સંપર્ક કરવો. મે ભી યશોદા સ્પર્ધા-૨૦૨૪ માં ભાગ લેવા માટેના ફોર્મ મેળવવા તથા પરત કરવા માટે વિઝન ઈંગ્લીશ મીડીયમ સ્કૂલ, ડી-માર્ટની બાજુમાં, કુવાડવા રોડ, મો. નં. ૯૧૪૨૯ ૭૯૯૯૯, સેન્ટ ગાર્ગી સ્કૂલ, ૨-સુભાષનગર, આમ્રપાલી ફાટક પાસે, મો. નં. ૯૮૨૫૫ ૯૦૨૧૩, તથા વિ.હિ.પ. જન્માષ્ટમી મહોત્સવ સમિતિ કાર્યાલય, નાગર બોર્ડીંગ, વિરાણી હાઈસ્કૂલ સામે, ટાગોર રોડ, ચાણક્ય વિદ્યાલય, નયનાબેન પેઢડીયા, ૯-બ્રાહ્મણીયાપરા, પાણીના ટાંકા પાસે, રાજકોટ. મો. નં. ૯૪૨૬૮ ૪૪૦૭૪ ઉપરાંત શ્રીજી ટાઈપીંગ એન્ડ ઝેરોક્ષ, રવિભાઈ સોમૈયા, હેડ પોસ્ટ ઓફીસની બાજુમાં, અંબિકા માર્બલ સામે, હરીહર ચોક, મો. નં. ૯૬૦૧૮ ૦૯૯૯૦ પર સંપર્ક કરવો

ઉપરોક્ત સરનામેથી ફોર્મ મેળવી આ ફોર્મમાં સ્પર્ધકનો ઉંમરનો પુરાવો, ફોટા સહિતની વિગતો જોડીને તા. ૧૪ સુધીમાં પરત આપવાનું રહેશે.

આ પ્રથમવાર યોજાવા જઈ રહેલ સ્પર્ધામાં મોટી સંખ્યામાં હિન્દુ સમાજની બહેનોને ખાસ અપીલ કરવામાં આવી છે.


ઉપરાંત આગામી તા. ૧૦ ના રોજ રાજકોટની અનેકવિધ સંસ્થા, ગ્રુપ, મંડળના હોદેદારો, કાર્યકરોની વિશાળ હાજરીમાં ગત વર્ષે શોભાયાત્રામાં પોતાના એક થી એક ચડીયાતો શણગાર કરીને જોડાયેલા ફલોટ ધારકો પૈકી ફલોટ સુશોભન સ્પર્ધામાં વિજેતા થયેલા ગ્રુપ, સંસ્થા, મંડળને શીલ્ડ વિતરણ કરી નવાજવામાં આવશે. કાર્યક્રમના અંતે સૌ ભક્તો માટે તાવા પ્રસાદનું આયોજન કરવામાં આવ્યું છે.

પૂ. ધીરગુરૂદેવના અનુગ્રહથી

# ૬૦ વર્ષ જુની વિરાણી બહેરા-મુંગા શાળાના નવનિર્માણની કામગીરી પૂરજોશમાં ચાલુ

## ૧૧ લાખ પ્લેટીનમ દાતા, ૫ લાખ ગોલ્ડન દાતા ૨.૫૧ લાખ ડાયમંડ દાતા, ૧.૫૧લાખ સિલ્વર દાતા રૂ. ૧ લાખ પ્રેરક દાતા શ્રેણિનું આયોજન

**અબતક, રાજકોટ**



રાજકોટમાં ઢેબરભાઈ રોડ ખાતે ૬૦ વર્ષ જુની શ્રી છગનલાલ શામજી વિરાણી બહેરા-મુંગા શાળા ટ્રસ્ટના ઉપક્રમે ધીરગુરુદેવની અસીમ કૃપાથી નવનિર્માણ કાર્યુ જાણીતા દાતા જીતુભાઈ બેનાણીના નેતૃત્વમાં પૂરજોશમાં ચાલુ છે.

ગામ બહારગામના ૨૫૦ જેટલા દિકરા-દિકરીઓ અભ્યાસ કરી રહેલ છે. સંપૂર્ણ નવનિર્માણ શશીકાંત જી. બદાણી, પ્રાથમિક શાળા, બીનાબેન અજયભાઈ શેઠ, કન્યા છાત્રાલય છગનલાલ શામજી વિરાણી કુમાર છાત્રાલય સહિત ભોજનાલય, વોકેશનલ સેન્ટલ, ઓડિટોરીયમ, ૬૦ જેટલા રુમ વગેરેનું નિર્માણ કરવામાં આવેલ છે.પ્રમુખ રજનીભાઈ બાવીસીના જણાવ્યાનુસાર ૫૧ લાખ હોસ્ટેલ ફરનીચર દાતા, ૫૧ લાખ અન્નપૂર્ણા ગૃહ ફરર્નીચર દાતા, ૫૧ લાખ સ્કુલ ફનીચર દાતા, ૨૫ લાખ સોલાર સિસ્ટમ દાતા, ૧૧ લાખ કોર્ટ યાર્ડ દાતા, ૧૧ લાખ સ્પોર્ટસ સાધન દાતા તેમજ કાયમી ભોજનાલય યોજનામાં ૨૫ લાખ આધાર સ્તંભ દાતા, ૧૧ લાખ પ્લેટીનમ દાતા શ્રેણી, ૫ લાખ ગોલ્ડન દાતા શ્રેણી, ૨.૫૧ લાખ ડાયમંડ દાતા શ્રેણી, ૧.૫૧ લાખ સિલ્વર દાતા શ્રેણી, ૧ લાખ પ્રેકર દાતા શ્રેણીનું આયોજન છે. ૨૦૨૫ માં ઉદ્દઘાટનની સંભાવના છે. વધુ વિગત માટે રજનીભાઈ બાવીસી, પ્રશાંતભાઈ વોરા, હરેશભાઈ વોરા, ડો. નરેન્દ્રભાઈ દવેનો સંપર્ક કરવા જણાવાયું છે.

જે.એસ.જી.આઇ ડોનેશનના સહયોગથી

# પ્રભુદાસ ખખ્ખરનું અવસાન થતાં પરિવારજનો દ્વારા કરાયું ચક્ષુદાન

**અબતક, રાજકોટ**

રાજકોટ નિવાસી રઘુવંશી સમાજના પ્રભૂદાસભાઈ ખખ્ખરનું અવસાન થતા અમીતભાઈ વખારિયાની પ્રેરણાથી સદગતના પુત્રો વિજયભાઈ અને ગુણવંતભાઈએ ચક્ષુદાનનો પ્રેરણાદાયી નિર્ણય લઈને બે દ્રષ્ટિહીન બાંધવોને દ્રષ્ટિ આપવાનું પુણ્યનું કાર્ય કરીને સમાજને નવો રાહ ચીંધેલ છે

વિવેકાનંદ યુથ કલબનાં માર્ગદર્શક મુકેશભાઈ દોશી અને કન્વીનર અનુપમભાઈ દોશી અને જૈન સોશિયલ ગ્રુપની આશ્રય કમિટી ચેરમેન, આઇ ડોનેશન ડ્રાઈવ નાં ઉપેનભાઈ મોદી દ્વારા ચક્ષુદાન કરાવવામાં આવેલ ખખ્ખર.પરિવારે માનવતા નું ઉમદા ઉદાહરણ પૂરું પાડેલ છે. ડો.ધર્મેશ શાહ દ્વારા ચક્ષુનો સ્વીકાર કરેલ. બન્ને સંસ્થાઓનું ૧૧૪ મુ ચક્ષુદાન છે.

શહેરીજનોને પોતાની આસપાસ પડોશમાં પરિવારમાં કે અન્ય કોઈના અવસાન વેળાએ ચક્ષુદાન માટે પ્રેરણા આપવા અને માનવતાના ઉમદા કાર્યમાં સહભાગી બનવા અપીલ સહ વિનંતી છે ચક્ષુદાન માટે કોઈ પણ સમયે સમિતિના અનુપમ દોશી મો.નં. ૯૪૨૮૨ ૩૩૭૯૬ અથવા ઉપેનભાઈ મોદી મો.નં. ૯૮૨૪૦ ૪૩૧૪૩ નો સંપર્ક સાધવા અનુરોધ કરેલ છે.

# જલારામ ભકિતધામ ટ્રસ્ટ દ્વારા અંધ કલ્યાણ મંડળને અન્નદાન

**અબતક, રાજકોટ**

શ્રી જલારામ ભકિતધામ ટ્રસ્ટ દ્વારા શ્રાવણ માસ નીમીતે અંધ કલ્યાણ મંડળમા ૩૫ કિલો ચોખા, ૩૫ કિલો ઘંઉની સહાય મોકલવામાં આવી હતી. તેમ ટ્રસ્ટના કર્મચારી સુભાષ રાજાણી દ્વારા જણાવાયું છે.

# સી.જે. ગ્રુપ દ્વારા કાલે નિઃશુલ્ક સર્વરોગ નિદાન કેમ્પ યોજાશે

**અબતક, રાજકોટ**

રાજકોટ હોમિયોપેથીક હોસ્પિટલ, આદિત્ય સ્કુલ અને સી.જે. ગ્રુપ રાજકોટ દ્વારા આવતીકાલે સર્વરોગ નિદાન કેમ્પનું નિઃશુલ્ક આયોજન સવારે ૯ થી ૧૨ વાગ્યા દરમિયાન આદિત્ય સ્કુલ ખાતે રૈયા રોડ ખાતે કરવામાં આવ્યું છે. કેમ્પમાં રાજકોટ હોમીયોપેથીક મેડીકલ કોલેજ પારૂલ યુનિ. સંચાલીત સાંઇનાથ હોમીયોપેથીક હોસ્પિટલ ના તજજ્ઞ ડો. હિતાર્થ મહેતા, ડો. નિરવ ગણાત્રા, ડો. માધવી વાગડીયા, ડો. રોમલ પદસુંબિયા, ડો. અલ્ફેઝ કુરેશી (જનરલ ચેકઅપ) તેમજ દાંતના ડો. નીતાબેન ટાંક (ફીઝીયોથેરાપીસ્ટ), ડો. વૈશાલીબેન મકવાણા (લેબોરેટરી ચેકઅપ) માં દયાબેન હિરપરા અને તેમની ટીમ હઠીલા રોગોનું નિદાન કરી ફ્રી દવાઓ આપશે.

ઉપરોકત મેડીકલ કેમ્પનો જાહેર જનતાએ લાભ લેવા સંસ્થા દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

# જનકલ્યાણ ટ્રસ્ટને ૫૫૧મું ચક્ષુદાન મળ્યું

**અબતક, રાજકોટ**



શાંતુબેન ઉકાભાઈ સોરઠીયાનું અવસાન થતાં તેમના પરિવારની ઈચ્છા અનુસાર તથા જનકલ્યાણ ટ્રસ્ટની પ્રેરણાથી ચક્ષુદાન કરેલ છે. તે ખુબ જ અનુકરણી ઉદાહરણ પુરુ પાડયું છે.

જનકલ્યાણ ટ્રસ્ટની પ્રેરણાથી આ અંગદાન, ત્વચાદાન, ચક્ષુદાન, દેહદાન જાગૃતિ અભિયાનમાં કુલ ૫૫૧મું ચક્ષુદાન થયેલ છે. આ જુલાઈ-૨૪ મહીનામાં સોળમું ચક્ષુદાન થયેલ છે. આ ચક્ષુદાન રોનકભાઈ બડા બજરંગ ગ્રુપના સહયોગથી થયેલ છે.

સમગ્ર ગુજરાતમાં ચક્ષુદાન, સ્કીન ડોનેશન, દેહદાન માટે જનકલ્યાણ ટ્રસ્ટના ચેરમેન ઉમેશભાઈ મહેતા મો. નં. ૯૪૨૮૫ ૦૬૦૧૧ પર સંપર્ક કરવા અનુરોધ કરાયો છે.

# એએસઆઈ જયેશભાઇ છૈયાનો આજે જન્મદિવસ



શહેર ગાંધીગ્રામ પોલીસ મથક માં એ.એસ.આઈ તરીકે ફરજ બજાવતા જયેશભાઈ છૈયા નો આજે જન્મદિવસ છે. મૂળ મોરબી જિલ્લાના વાધારવા ગામના વતની અને હાલ રાજકોટ શહેર પોલીસ બેડામાં ફરજ બજાવતા જયેશભાઈ છૈયા વર્ષ ૧૯૯૬માં પોલીસ વિભાગમાં ભરતી થયા હતા. બાદ એ. ડિવિઝન,તાલુકા પોલીસ,ભક્તિનગર અને આઠ વર્ષ ટ્રાફિક પોલીસમાં ફરજ બજાવી હતી. હાલ ગાંધીગ્રામ એએસઆઈ તરીકે જયેશભાઈ છૈયા ફરજ બજાવે છે. મળતાવડા સ્વભાવના કારણે ઉચ્ચ અધિકારી અને પોલીસ બેડામા મોટુ મિત્ર વર્તુળ ધરાવે છે.આજે જયેશભાઈ છૈયાના જન્મદિવસે સગા સંબંધી મિત્ર વર્તુળ દ્વારા મોબાઈલ નંબર ૯૩૧૩૬ ૪૧૧૩૯ પર શુભેચ્છાઓ પાઠવવામાં આવી રહી છે.

# સમસ્ત મહાજનની ટીમનું ગૌ-સેવાનું રાષ્ટ્રીય અભિયાન મધ્યપ્રદેશ સુધી પહોંચ્યું

## સમસ્ત મહાજનની ટીમ દ્વારા મધ્યપ્રદેશમાં ગૌ સેવા, શાકાહાર અને જીવદયાની ચલાવાય ઝુંબેશ

**અબતક, રાજકોટ**

ભારત સરકારનાં એનિમલ વેલ્ફેર બોર્ડના સભ્યો સમસ્ત મહાજનના મેનેજીંગ ટ્રસ્ટી ડો.ગીરીશભાઈ શાહ અને મિતલ ખેતાણીના માર્ગદર્શન હેઠળ સમસ્ત મહાજન અને કરૂણા ફાઉન્ડેશન, એનિમલ હેલ્પલાઈનની ટીમે જીવદયા, ગૌ રક્ષાનાં કાર્યો માટે ભોપાલ, મધ્યપ્રદેશની મુલાકાત કરી. વૈદિક વિશ્વ વિદ્યાલય ભોપાલનાં કુલપતિ બ્રહ્મચારી ડો. ગિરીશ વર્મા, મધ્યપ્રદેશનાં પશુપાલન અને ડેરી વિભાગનાં મંત્રી લખનલાલ પટેલ, મધ્યપ્રદેશ આયુષ વિભાગનાં અનુજ્ઞા પાલન અધિકારી ડો. પી. સી શર્મા, ગૌ સેવા આયોગ, મધ્યપ્રદેશનાં પૂર્વ અધ્યક્ષ અને પૂર્વ રાજ્યસભા સાંસદ મેઘરાજજી જૈન સહિતનાઓને રૂબરૂ મળી જીવદયા, ગૌસેવા અંગેના વિવિધ પ્રશ્નોની રજૂઆત કરવામાં આવી હતી.

રાજ્યમાં ગૌશાળાઓ, પાંજરાપોળોને મળતી સબસીડીની રકમ વધારીને પશુ દીઠ રૂપિયા ૧૦૦ કરવામાં આવે, રાજ્યમાં તમામ જીલ્લાઓમાં ૧૯૬૨ પશુ એમ્બ્યુલન્સ શરુ થાય અને તેનો વ્યાપ પણ ખુબ વધે જેથી ગ્રામ્ય કક્ષાએ પણ પશુ, પક્ષીઓની નિઃશુલ્ક સારવાર અને જીવતદાન મળે, બે દિવસીય પ્રાણી કલ્યાણ, ગૌ આધારિત ખેતી, ગૌ આધારિત વ્યવસ્થા, જીવદયા વિષે જાણકારી આપતો સેમીનાર અથવા શિબિરનું આયોજન કરવા માટે વિનંતી કરાઈ છે. અધિકારીઓનું ગાય માતાની મૂર્તિ આપીને અભિવાદન કર્યું હતું.

સમસ્ત મહાજન અને કરુણા ફાઉન્ડેશન, એનિમલ હેલ્પલાઈનની ટીમ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે ગાય સેવા, જીવદયા, જીવરક્ષા, અભયદાન અને શાકાહારના પ્રચારને પ્રોત્સાહન આપવા માટે હંમેશા મદદરૂપ બનવાનો પ્રયત્ન કરશે.

# યુવા સેના દ્વારા જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને નિઃશુલ્ક ચોપડા વિતરણ

## શિક્ષણ કીટનું વિતરણ સાથે ૨૦૦૦ વિદ્યાર્થીઓએ લીધો લાભ

**અબતક, રાજકોટ**



સામાજીક સેવાઓ કરતી સંસ્થા યુવા સેના ટ્રસ્ટ પ્રતિ વર્ષની માફક શૈક્ષણિક હેતુ માટે જરૂરતમંદ વિદ્યાર્થીઓને મદદરૂપ થવા ફુલસ્કેપ ચોપડા-સારી ક્વોલીટીના અંદાજે ૨૦૦૦ કરતાં વધુ વિદ્યાર્થીઓને નિઃશુલ્ક ધોરણે વિતરણ કરવામાં આવ્યુ સાથોસાથ શિક્ષણ કીટ વિતરણ કરવામાં આવી.

નવા ભારતના નિર્માણમાં વિદ્યાશકિત થકી જ સહભાગી બની શકાય છે. સંસ્થાના આ ઉમદા હેતુને પાર પાડવા આપ જેવા સમાજશ્રેષ્ઠી તેમજ વિદ્યાના ઉપાસકના સાથ-સહકાર અને સહયોગ માટે આપની પાસે મદદનો હાથ લંબાવેલ તેમાંથી ઉદાર દાતાઓના સાથ અને સહયોગથી આ વર્ષે પણ ૨૦૦૦થી પણ વધુ વિદ્યાર્થીઓએ ફુલસ્કેપ ચોપડા તેમજ શિક્ષણકીટનો લાભ લીધો.હજુ પણ આવનાર દિવસોમાં આ શિક્ષણનો પ્રોજેક્ટ અવિરત ચાલુ રહેશે. જેમા આપનો સાથ અને સહકાર આવકાર્ય છે.

એક વિદ્યાર્થીના ૧૦ ફુલસ્કેપ ચોપડા નિઃશુલ્ક ધોરણે વિતરણ કરવામાં આવેલ છે તેમજ સાથોસાથ શિક્ષણકીટ પણ આપવામા આવેલ છે.આખા વર્ષ દરમ્યાન દાતાઓ તરફથી મળતી પસ્તીની રકમ ભેગી કરી આ રકમને સ્કુલ ખુલતા વિદ્યાથીઓને ફુલસ્કેપ ચોપડા તેમજ શિક્ષણકીટ આપી પસ્તીદાનનો અમારી સંસ્થામાં સદ્ઉપયોગ થાય છે.

# પવિત્ર શ્રાવણ માસની શુભેચ્છા પાઠવતા જિલ્લા ભાજપ આગેવાન

**અબતક,રાજકોટ**

દેવાધિદેવ મહાદેવનો પ્રિય મહિનો પ્રવિત્ર શ્રાવણ મહિનો તા.૦૫-૦૮-૨૪ના દિવસથી પ્રારંભ થઈ ગયો છે. આ શ્રાવણ ભગવાન શિવજીનો આરાધનાનો મહિનો હોય છે. શ્રાવણ મહિનાનું ધર્મગ્રંથોથી લઈને આયુર્વેદ સુધી ખૂબ જ મહત્ત્વ છે. શિવપુરાણ અનુસાર આ મહિનો શ્રવણ કરવાનો એટલે સાંભળવાનો છે, એટલે તેનું નામ શ્રાવણ છે. આ મહિનામાં ધાર્મિક કથાઓ અને પ્રવચન સાંભળવાની પરંપરા છે. આયુર્વેદમાં શ્રાવણને યોગ-ધ્યાનનો મહિનો કહેવામાં આવે છે. આ સમગ્ર મહિના દરમિયાન શિવની પૂજા-અર્ચના-અભિષેકથી આરાધના કરવામાં આવે છે.

રાજકોટ જીલ્લા ભાજપ સંગઠન પ્રભારી ધવલભાઈ દવે, જીલ્લા અધ્યક્ષ અલ્પેશભાઈ ઢોલરીયા, જીલ્લા મહામંત્રી નરેન્દ્રસિંહ જાડેજા, હરેશભાઈ હેરભા, એ શ્રાવણ માસ પ્રજાજનો ઉપર ભગવાન મહાદેવ સ્વસ્થ સ્વાસ્થ્ય તેમજ સર્વાંગી રીતે જીવનમાં સુખ, સમૃદ્ધિ અર્પે તેમજ સમગ્ર દેશમાં મહાદેવની કૃપાથી શાંતિ અને સમૃદ્ધિ જળવાઈ રહે તેવી પ્રાર્થના સાથે શુભેચ્છાઓ પાઠવી છે.

કેમ ચાલે છે કોર્પોરેશનનું કામ?

# કણસાગરા કોલેજની વિદ્યાથીનીઓએ લીધી કોર્પોરેશનની મુલાકાત

## બી.એસ.ડબલ્યુ.એમ.એસ.ડબલ્યુની વિદ્યાર્થીનીઓએ મનપાની કામગીરીનો કર્યો જાત અનુભવ

**અબતક, રાજકોટ**



રાજકોટની શ્રીમતિ કે. એસ. એન કણસાગરા મહિલા કોલેજનાં માસ્ટર ઓફ સોશિયલ વર્ક અને બેચલર ઓફ સોશિયલ વર્કના અભ્યાસક્રમની સેમેસ્ટર-૧ની વિદ્યાર્થીનીઓને અભ્યાસ ક્રમના ભાગરૂપે રાજકોટ મહાનગરપાલિકાની પ્રોજેક્ટ શાખા દ્વારા ચાલતી રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન યોજના અને પી.એમ. સ્વનિધિ યોજનાની જાણકારી મળી રહે તથા રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરી વિસ્તારમાં કરવામાં આવતી વિવિધ કામગીરીથી માહિતીગાર થાય તે હેતુસર સમાજ કાર્યવિભાગના ફિલ્ડ ઓફિસર ભવદીપભાઈ ત્રિવેદીનાં આયોજનથી તા.૦૧/૦૮/૨૦૨૪નાં રોજ રાજકોટ મહાનગરપાલિકાની પ્રોજેક્ટ શાખાની મુલાકાત લીધી હતી.

આ તકે રાજકોટ મહાનગરપાલિકાનું વહીવટી માળખું તથા વિવિધ વિભાગો દ્વારા કરવામાં આવતી કામગીરી ઉપરાંત પી.એમ.સ્વનિધી યોજનાની જાણકારી પ્રોજેક્ટ શાખાના કોમ્યુનીટી ઓર્ગેનાઈઝર દીપ્તિબેન આર.આગરીયા દ્વારા માહિતીપ્રદાન કરવામાં આવેલ હતી. જ્યારે રાજકોટ મહાનગરપાલિકાની પ્રોજેક્ટ શાખા દ્વારા ચાલતી રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન યોજના અંતર્ગત સામાજીક ગતિશીલતા અને સંસ્થાગત વિકાસ ઘટક હેઠળ બનતા સ્વ-સહાય જૂથો, એરિયા લેવલ ફેડરેશન, સીટી લેવલ ફેડરેશનનું ગઠન, સ્વ-રોજગાર કાર્યક્રમ અંતર્ગત બેંકેબલ યોજના, તાલીમ કાર્યક્રમની મેનેજર શાંતિલાલ બથવાર ટી.બી.જાંબુકિયા દ્વારા આપવામાં આવેલ હતી. અનેસાથો સાથ ઘરવિહોણા લોકો વધુને વધુ આશ્રયસ્થાનનો લાભ લઈ શકે તે માટે સોશ્યલ વર્કર તરીકે લોકોને માહિતીગાર કરવા જણાવેલ હતું.

આ કામગીરીને સફળ બનાવવા પ્રોજેક્ટ શાખાના મેનેજર કાશ્મિરા વાઢેરનાં માર્ગદર્શન હેઠળ પ્રોજેક્ટ શાખાના કોમ્યુનીટી ઓર્ગેનાઈઝર ડી.આર.આગરીયા, એન.આર.કાથડ, ટી.બી.જાંબુકિયા, મેનેજર શાંતિલાલ બથવારએ જહેમત ઉઠાવેલ હતી.

# જિલ્લા બેંક-જયેશ રાદડિયા સામે હાઈકોર્ટમાં થયેલી રીટ પાછી ખેંચી લેવાઈ!



## ભાજપના જ નેતા હરદેવસિંહ જાડેજા, નીતીન ઢાંકેચા, પરસોત્તમ સાવલીયા અને વિજય સખીયા જૂથે અચાનક રીટ પાછી ખેંચી લેતા અનેક તર્ક-વિતર્ક

**અબતક, રાજકોટ**

રાજકોટ જિલ્લા સહકારી બેંક અને ધારાસભ્ય જયેશભાઈ રાદડિયા સામે ભાજપના જ ચાર મોટા માથાઓએ હાઈકોર્ટમાં કરેલી રીટ અચાનક પરત ખેંચી લેતા ભારે આશ્ચર્ય ફેલાઈ જવા પામ્યો છે. કોઈ નવી-જૂનીના એંધાણ મળી રહ્યા છે. જિલ્લાની સહકારી સંસ્થાઓમાં આગામી દિવસોમાં મોટી ઉથલ-પાથલ થવાની શક્યતા પણ નકારી શકાતી નથી.

ભાજપના હરદેવસિંહ જાડેજા, નીતીન ઢાંકેચા, પરસોત્તમ સાવલીયા અને વિજય સખીયા જૂથ દ્વારા રાજકોટ જિલ્લા સહકારી બેંકમાં ભરતીમાં ચાલતા કૌભાંડ ઉપરાંત જયેશભાઈ રાદડિયા સામે હાઈકોર્ટમાં એક જાહેર રીટ દાખલ કરવામાં આવી હતી. રાદડિયા સામે ભાજપનું એક અસંતુષ્ટ જૂથ મેદાનમાં પડતા ભારે ખળભળાટ મચી જવા પામ્યો હતો. રા.લો. સંઘની ચૂંટણી, રાજકોટ માર્કેટીંગ યાર્ડના ચેરમેન અને વાઈસ ચેરમેનની ચૂંટણીમાં રાદડિયાનો વટ જોવા મળ્યો હતો. લાખ પ્રયાસો કરવા છતાં રાદડિયા સામે સફળતા ન મળતા અંતે હરિફ જૂથે શરણાગતિ સ્વિકારી લેવાનું મુનાસીબ માન્યું હોય તેવું લાગી રહ્યું છે. કોઈપણ અટકળ કે સંભાવના વિના આજે હાઈકોર્ટમાંથી ભાજપના અસંતુષ્ટ જૂથે રીટ પરત ખેંચી લીધી હતી. કેટલાક નેતાઓ આ ઘટનાને હરિફોએ શરણાગતિ સ્વિકારી લીધી હોય તેવું માની રહ્યા છે. પરંતુ વિશ્વસનીય સૂત્રોના કહેવા મુજબ બંને વચ્ચે સમાધાન થઈ ગયું છે. આગામી દિવસોમાં જિલ્લાની સહકારી સંસ્થાઓમાં મોટી ઉથલ-પાથલ થવાની શક્યતા પણ હાલ નકારી શકાતી નથી.

અત્રે ઉલ્લેખનીય છે કે તાજેતરમાં જયેશ રાદડિયા સામે અનેક પડકારો આવ્યા હતા. પરંતુ પોતાના પિતાની માફક તેઓએ તમામ પડકારોનો સામનો નિડરતા પૂર્વક કર્યો એટલું જ નહીં તમામ પડકારોને પાર કરી સફળતાના શિખરો સર કર્યા. જિલ્લા બેંક, અલગ-અલગ માર્કેટીંગ યાર્ડમાં ડિરેક્ટરો અને ચેરમેન, વાઈસ ચેરમેનની વરણી ઉપરાંત ઈફકોની ચૂંટણીમાં હરિફો સામે પડ્યા હોવા છતાં જે રીતે તેઓને સફળતા મળી છે. તેનાથી જયેશભાઈ તાકાત વધી ગઈ છે. અંતે સામા પડેલા જૂથે પણ તલવાર હાલ મ્યાન કરી લીધી હોય તેવું લાગી રહ્યું છે.



# ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી.નડ્ડા શનિવારે રાજકોટમાં

## કેન્દ્રીય આરોગ્ય મંત્રી જે.પી.નડ્ડા રાજકોટમાં ભાજપ આયોજીત 'હર ઘર તિરંગા યાત્રા'માં સામેલ થશેઃ તડામાર તૈયારીઓ

અબતક, રાજકોટ

આગામી ૧૫મી ઓગસ્ટે દેશવાસીઓ સ્વતંત્રતા પર્વની ઉજવણી કરશે ત્યારે સત્તાધારી પાર્ટી ભાજપ દ્વારા આગામી ૧૦ થી ૧૫ ઓગસ્ટ દરમિયાન 'હર ઘર તિરંગા યાત્રા'નું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં આગામી શનિવારે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અને કેન્દ્રીય આરોગ્ય મંત્રી જે.પી.નડ્ડા રાજકોટથી આ યાત્રાનો વિધિવત આરંભ કરાવશે.

'હર ઘર તિરંગા યાત્રા'ને આખરી ઓપ આપવા માટે આજે સવારે કમલમ ખાતે પ્રદેશ ભાજપ અધ્યક્ષ-કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર.પાટીલ અને તિરંગા યાત્રાના ઈન્ચાર્જ તરૂણ ચગના અધ્યક્ષસ્થાને એક બેઠક યોજાઈ હતી. જેમાં રાજ્યના તમામ જિલ્લા અને મહાનગરોના સંગઠનના હોદ્દેદારો ઉપરાંત મેયર અને સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન સામેલ થયા હતા. આગામી ૧૦ થી ૧૫ ઓગસ્ટ દરમિયાન ભાજપ દ્વારા રાજ્યવ્યાપી 'હર ઘર તિરંગા યાત્રા' યોજાશે. જેમાં સતત પાંચ દિવસ સુધી રાજ્યના અલગ-અલગ જિલ્લાઓ અને શહેરોમાં આ યાત્રા યોજી દેશવાસીઓમાં દેશદાઝ ઉભી કરવા માટેનો નમ્ર પ્રયાસ કરવામાં આવશે. આજે સવારે કમલમ ખાતેની બેઠકમાં એવી ઘોષણા કરવામાં આવી કે આગામી ૧૦મી ઓગસ્ટે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અને કેન્દ્રીય મંત્રી જે.પી.નડ્ડા દ્વારા 'હર ઘર તિરંગા યાત્રા'નો રાજકોટ ખાતેથી આરંભ કરવામાં આવશે. તમામ ઉપસ્થિત પક્ષના આગેવાનોએ આ ઘોષણાને સહર્ષ વધાવી લીધી હતી. દરમિયાન શહેર ભાજપ દ્વારા તિરંગા યાત્રા સંદર્ભે આવતીકાલથી વોર્ડ વાઈઝ બેઠકોનો ધમધમાટ શરૂ કરી દેવામાં આવશે. રાજકોટના ઈતિહાસમાં ભૂતકાળમાં ક્યારેય ન યોજાઈ હોય તેવી વિશાળ તિરંગા યાત્રા યોજવા માટેની તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. શહેર ભાજપના કાર્યકરો તથા હોદ્દેદારોમાં જબ્બરદસ્ત ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

# ગુજરાત યુનિવર્સિટીમાં અભ્યાસ કરતા બાંગ્લાદેશી વિદ્યાર્થીઓને અમદાવાદ ન છોડવા આદેશ

## આ વર્ષે પણ 300 વિદ્યાર્થીઓને પ્રવેશ અપાયો પરંતુ વિદ્યાર્થીઓ હજુ અહીં આવ્યા નથીઃ હાજર ૨૦ વિદ્યાર્થીઓ માટે ગુજરાત યુનિવર્સિટી દ્વારા ગાઈડલાઈન જાહેર કરાઈ

**અબતક, રાજકોટ**

બાંગ્લાદેશમાં બે મહિનાથી ચાલી રહેલાં અનામત વિરોધી વિદ્યાર્થી આંદોલન બાદ વડાપ્રધાન શેખ હસીનાએ સોમવારે ના રોજ પદ પરથી રાજીનામું આપ્યું હતું. આ પછી તેઓ દેશ છોડીને ઢાકાથી અગરતલા થઈને ભારત પહોંચ્યાં છે. જેને પગલે બાંગ્લાદેશમાં કટોકટીની સ્થિતિ ઉભી થઈ છે. બાંગ્લાદેશની આ સ્થિતિ વચ્ચે ગુજરાત યુનિવર્સિટીમાં પણ બાંગ્લાદેશના ૨૦ વિદ્યારઓ અભ્યાસ કરી રહ્યા છે. જ્યારે આ આ વર્ષે પણ ૩૦૦ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવ્યો છે. પરંતુ વિદ્યાર્થીઓ હજુ અહીં આવ્યા નથી.અત્યારે હાજર ૨૦ વિદ્યાર્થીઓ માટે ગુજરાત યુનિવર્સિટી દ્વારા ગાઈડલાઈન જાહેર કરવામાં આવી છે.વિદ્યાર્થીઓ જાણ કર્યાં વિના અમદાવાદ છોડી શકશે નહીં. કુલપતિ નીરજા ગુપ્તાએ બાંગ્લાદેશના વિદ્યાર્થીઓ સાથે બેઠકમાં વિદ્યાર્થીઓ પાસેથી માહિતી મેળવી હતી. વિદ્યાર્થીઓને યુનિવર્સિટી દ્વારા સુરક્ષાની બાહેંધરી આપવામાં આવી હતી. વિદ્યાર્થીઓને યુનિવર્સિટી દ્વારા કેટલીક સૂચના તથા માર્ગદર્શન આપવામાં આવ્યા છે.બાંગ્લાદેશી વિદ્યાર્થીઓને કોઈ મૂંઝવણ હોય અથવા કોઈ મુશ્કેલી હોય તો તે અંગે પણ જાણ કરવા જણાવ્યું છે. કુલપતિ નીરજા ગુપ્તાએ જણાવ્યું હતું કે બાંગ્લાદેશના વિદ્યાર્થીઓ સાથેની બેઠકમાં કેટલીક જરૂરી સુચના આપવામાં આવી છે.વિદ્યાર્થીઓની સુરક્ષાને ધ્યાનમાં રાખીને પણ સૂચના આપવામાં આવ્યા છે. વિદ્યાર્થીઓને અમદાવાદ ના છોડવા માટે ખાસ સૂચના આપવામાં આવી છે.વિદ્યાર્થીઓ અમદાવાદ છોડે તો યુનિવર્સિટીના જાણ કરીને છોડે તેમ જણાવવામાં આવ્યું છે. વિદ્યાર્થીઓની સુરક્ષા અંગે આશ્વાસન પણ આપવામાં આવ્યું છે. કુલપતિએ વધુમાં જણાવ્યું કે, વિદ્યાર્થીઓને બે મોબાઈલ નંબર આપવામાં આવ્યા છે. આ ઉપરાંત કોઈ કારણસર વિદ્યાર્થીઓ દ્વારા ફોન ન લાગે તો વિદ્યાર્થીઓ પાસેથી પણ વધારાનો એક નંબર લેવામાં આવ્યો છે, જેથી ઈમરજન્સીના સમયમાં સંપર્ક થઈ શકે.વિદ્યાર્થીઓ સાથે કેટલીક વિદ્યાર્થિનીઓ હોવાથી તેમને ફિમેલ ગાર્ડનો પણ નંબર આપવામાં આવ્યો છે.સોશિયલ મીડિયા પર રિએક્ટ ના કરવા સૂચના આપવામાં આવી છે. તેની સાથે સાથે કોઈ પણ અફવા પર વિશ્વાસ ન કરવા અને સરકારી એડવાઈઝરીનું પાલન કરવા તથા પરિવારના સંપર્કમાં રહેવા જણાવ્યું છે. બાંગ્લાદેશથી તેમને કોઈ સૂચના મળે તો યુનિવર્સિટીના જાણ કરવા પણ જણાવ્યું છે.

# લોકમેળાને આડે હવે માત્ર ૧૮ દિવસ : ચુસ્ત નિયમોના વિરોધમાં રાઈડ્સ સંચાલકો અડગ

## અગાઉ બે વખત ૯૪ પ્લોટની હરાજી અટકી પડ્યા બાદ રાઈડ સંચાલકો આજે જિલ્લા કલેકટરને કરશે રજુઆત

**અબતક, રાજકોટ**

લોકમેળાને આડે હવે માત્ર ૧૮ દિવસ વધ્યા છે. તેવામાં ચુસ્ત નિયમોના વિરોધમાં રાઈડ્સ સંચાલકો અડગ હોવાનું જણાઈ રહ્યું છે. અગાઉ બે વખત ૯૪ પ્લોટની હરાજી અટકી પડ્યા બાદ રાઈડ સંચાલકો આજે જિલ્લા કલેકટરને રજુઆત કરવાના છે.



રાજકોટના રેસકોર્સ મેદાનના દર વર્ષની માફક આ વર્ષે પણ તા ૨૪ થી ૨૮ ઓગસ્ટ દરમિયાન લોકમેળો યોજાનાર છે. આ લોકમેળામાં લાખો લોકો ઉમટી પડી રાઈડ્સ અને ફૂડ તેમજ શોપિંગની મજા માણવાના છે. આ મેળાની તૈયારીઓ હાલ પુરજોશમાં ચાલી રહી છે. પણ રાઈડ્સ સંચાલકો ચુસ્ત નિયમોનો વિરોધ કરી છૂટછાટ આપવાની માંગ કરી રહ્યા છે. લોકમેળા અમલીકરણ સમિતિ દ્વારા અગાઉ બે વખત હરાજી ગોઠવવામાં આવી હતી પણ બન્ને વખત રાઈડ સંચાલકોએ નિયમમાં છૂટછાટ આપવાની માંગ સાથે હરાજીનો બહિષ્કાર કર્યો છે.

એ ખાણીપીણીના ૨, બી ૧ કોર્નર ખાણીપીણીના ૪૪, ઈ યાંત્રિક આઈટમના ૪, એફ યાંત્રિક આઈટમના ૩, જી યાંત્રિક આઈટમના ૧૮, એચ યાંત્રિક આઈટમના ૬, એક્સ ચોકઠાના ૧૬ સ્ટોલ પ્લોટ મળી કુલ ૯૪ પ્લોટની હરાજીની પ્રક્રિયા બે વાર નિષ્ફળ ગઈ છે.

વેપારીઓએ રાઈડનું ફાઉન્ડેશન, બે પ્લોટના ત્રણ રાઈડની મનાઈ અને જીએસટી સહિતના આકરા નિયમો સામે વિરોધ નોંધાવી હરાજીનો બહિષ્કાર કરી રહ્યા છે. જો કે દર વખતની જેમ આ વખતે પણ હરાજીમાં તારીખ ઉપર તારીખ પડી રહી છે. જેના કારણે ૯૪ પ્લોટની હરાજી અટકી છે. હવે આજે સાંજે જિલ્લા કલેકટર આ મામલે

રાઈડ સંચાલકોને મળવાના છે. જેમાં તેઓ રાઈડ સંચાલકોની રજૂઆતો સાંભળીને આગળનો નિર્ણય લેશે.

# માન સરોવર મંદિરમાં પેવીંગ બ્લોક નાખવાના કામનું કરાયું ખાતમુહુર્ત

## ધારાસભ્ય કાનગડની ગ્રાન્ટમાંથી શેરીઓ પેવીંગ બ્લોકથી મઢાશે



**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વોર્ડ નં.૬માં ધારાસભ્ય શ્રી ઉદયભાઈ કાનગડની ગ્રાંટમાંથી વોર્ડ નં.૬માંમાનસરોવર મંદિરમાં રૂ.૪.૭૫ લાખના ખર્ચે પેવિંગ બ્લોક નાખવાનું કામ, વોર્ડ નં.૬માંમાનસરોવર મંદિરમાં બાકી રહેતા ભાગમાં રૂ.૨.૮૪ લાખના ખર્ચેપેવિંગ બ્લોક નાખવાનું કામ, સીતારામ સોસાયટી શેરી નં.૨માં રૂ.૪.૫૦ લાખના ખર્ચે પેવિંગ બ્લોક નાખવાનું કામએમ મળી કુલ રૂ.૧૨.૦૯ લાખના ખર્ચે પેવિંગ બ્લોક નાખવાના કામોનું ખાતમુહૂર્ત શહેર ભાજપ મહામંત્રી અશ્વિનભાઈ મોલિયાના વરદ હસ્તે કરવામાં આવ્યું.આ ખાતમુહૂર્ત પ્રસંગે શહેર ભાજપ મંત્રી અશ્વિનભાઈ મોલીયા, કોર્પોરેટરભાવેશભાઈ દેથરીયા, મંજુબેન કુંગસીયા, દેવુબેન જાદવ, રસિકભાઈ પટેલ, અંકીતભાઈ દુધાત્રા, હરેશભાઈ ધંધુકીયા,અનિલભાઈભાઈ ચૌહાણ, વિરમભાઈ રબારી, ગેલાભાઈ રબારી, કિન્નરીબેન ચૌહાણ, રાહુલભાઈ રાઠોડ, નઝમાબેન પઠાણ, ગીતાબેન સોનારા, હીનાબેન રાતોજા, જયદેવભાઈ ગોહિલ, વિજયભાઈ ડોબરીયા, ઘનશ્યામભાઈ કુંગસીયા, મનસુખભાઈ જાદવ, ગૌતમભાઈ મોરવાડીયા, મહેશભાઈ રાજગોર, એભલભાઈ આહીર, રાજુભાઈ માંકડ, કિશોરભાઈ પ્રજાપતિ, કરશનભાઈ આહિર, બાલ્જીભાઈ પ્રજાપતિ, રસિકભાઈ વાઘેલા, સંજયભાઈ છૈયા, ધીરૂભાઈ રોજાસરા, ડાયાભાઈ સરવૈયા, પરબતભાઈ આહીર, દેવાભાઈ સરવૈયા, કાનાભાઈ સરવૈયા, જયાબેન બોરખતરીયા, લાભુબેન, દક્ષાબેન રબારી, સુરેખાબેન, હંસાબેન, વિજયાબેન, ચાંદનીબેન ગજેરા ઉપસ્થિત રહ્યા હતા.

# સરકારી ગોદામોમા પડેલા ચોખા વેચવા માટે ઓનલાઈન હરરાજી કરાશે

## મહત્તમ ૨૦૦૦ મેટ્રીન ટન ચોખાની ખરીદીની મર્યાદામાં થશ હરરાજી

**અબતક, રાજકોટ**

ગુજરાતના મુકત બજારોમાં સરકારી ગોદામોમાં પડેલ ચોખા વેચવા માટે ફુડ કોર્પોરેશન ઓફ ઈન્ડીયા દ્વારા ટેન્ડર બહાર પાડી વેપારીઓને ઈ હરરાજી માટે આમંત્રીત કરવામાં આવ્યા છે.

ફૂડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા, પ્રાદેશિક કાર્યાલય, અમદાવાદ દ્વારા થઈ ઈ-ઓક્શન દ્વારા તેના વિવિધ ડેપો પર પડેલી ઓપન માર્કેટ સેલ સ્કીમ હેઠળ ચોખાના વેચાણ માટે વેપારીઓ ખરીદદારો/ચોખાના ઉત્પાદનોના ઉત્પાદકો પાસેથી ટેન્ડરો મંગાવવામાં આવ્યા છે.

કે જેના માટે ટેન્ડરો ખ/ત ખ જંકશન પોર્ટલ (http://www.valuejunction.in/fci અને FCI h¡bkpBV$ (http://fci.gov.in પર અપલોડ કરવામાં આવ્યા છે

ખાનગી પક્ષોને દર અઠવાડિયે, એટલે કે બુધવારે ઈ-ઓક્શન, ટેન્ડર અગાઉના શુક્રવારે અપલોડ કરવામાં આવશે.

ચોખાની અનામત કિંમત રૂ.૨૮૦૦/- પ્રતિ ક્વિન્ટલ ( દીઠ રૂ.૭૩ પ્રતિ ક્વિન્ટલ ફોર્ટિફાઈડ ચોખાના અનામત ભાવમાં ઉમેરવામાં આવશે) તેમજ ખાનગી પક્ષોને વેચાણ માટે લાગુ પડતા પરિવહન ખર્ચ અને કર તરીકે નક્કી કરવામાં આવી છે.

વેપારીઓ સહિત ચોખાના ખરીદદારો લઘુત્તમ જથ્થા માટે બિડ કરી શકે છે અને એક વિસ્તારમાં ચોખાની એક જ ઈ-ઓક્શનમાં મૂકવામાં આવેલા તમામ ડેપો માટે બિડર દીઠ મહત્તમ બિડિંગ જથ્થો ૨૦૦૦ વચવામાટે આવશે. પ્રતિ ઈ-ઓક્શનથી વધુ ન હોવો જોઈએ. એક રાજ્યની જીએસટી નોંધણી ધરાવતા ચોખાના ખરીદદારો કોઈપણ રાજ્યની ઈ-ઓક્શનમાં ભાગ લઈ શકે છે. ૦૭.૦૮.૨૦૨૪ થી ઈ-ઓક્શન માટે ખ-જંકશનના પ્લેટફોર્મ પર એફસીઆઈ, ગુજરાત પ્રદેશના ડેપોમાંથી ૧૦૦૦૦ એમ.ટી. (નોન-ફોર્ટિફાઈડ ચોખા - ૪૬૫૫ એમ.ટી. અને ફોર્ટિફાઈડ ચોખા - ૫૩૪૫ એમ.ટી.)નો જથ્થો ઓફર કરવામાં આવે છે.

# મારામારીના ગુનામાં એક શખ્સના આગોતરા જામીન મંજૂર

## પ્રહલાદ પ્લોટમાં વાહન પાર્ક કરવા મુદ્દે બોલાચાલીનો ખાર રાખી બઘડાટી બોલી'તી

**અબતક, રાજકોટ**

શહેરમાં પ્રહલાદ પ્લોટમાં વાહન પાર્ક કરવા મુદ્દે થયેલી બોલાચાલીનો ખાર રાખી બાઈક ચાલકને આંતરી માર મારવાના ગુનામાં સંડોવાયેલા આરોપીની આગોતરા જામીન અરજી અદાલતે મંજૂર કરતો હુકમ કર્યો છે.

આ કેસની હકીકત મુજબ પ્રહલાદ પ્લોટમાં રહેતા જયેશભાઈ પ્રભુદાસ ખખ્ખરે તેના ઘર સામે આવેલ ભરતભાઈ પરમારના કારખાનામાં કામ કરતા શ્રમિકોને કારખાના બહાર ઊભા રહેવાની અને ઘર પાસે વાહન પાર્ક કરવાની ના પાડી હતી જે બાબતનો ખાર રાખી જયેશભાઈ ખખ્ખર પોતાનું સ્કૂટર લઈ ગુંદાવાડી પોલીસ ચોકીથી ભૂતખાના ચોક તરફ જઈ રહ્યા હતા ત્યારે કારખાનેદાર ભરતભાઈ પરમાર સહિતના અજાણ્યા શખ્સોએ જયેશભાઈને આંતરી ધોકા અને પાઈપ વડે હુમલો કરી માર માર્યો હોવાની એ ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ હતી જે ગુનામાં સંડોવાયેલા કારખાનેદાર ભરતભાઈ પરમારના સાળા હિરેનભાઈ અશોકભાઈ ગોહિલે પોલીસ ધરપકડની દહેશતે પોતાના એડવોકેટ મારફતે અદાલતમાં આગોતરા જામીન અરજી કરી હતી. જે જામીન અરજી ચાલવા ઉપર આવતા બંને પક્ષની રજૂઆત બાદ આરોપીના બચાવ પક્ષે રોકાયેલા વકીલ દ્વારા કરવામાં આવેલી દલીલો અને રજૂ રાખેલા ઉચ્ચ અદાલતના ચુકાદાને ધ્યાને લઈ અદાલતે આરોપી હિરેન ગોહિલને રૂ૧૫,૦૦૦ ના શરતી આગોતરા જામીન મંજુર કરતો હુકમ કર્યો છે.

આ કેસમાં આરોપી વતી યુવા એડવોકેટ કલ્પેશ એલ. સાકરીયા, રાહુલ બી. મકવાણા, મિલન પી. થોરીયામેર, ભરત બી. ડાકી, રવિન એન. સોલંકી લલિત કે. તોલાણી, કાનજી સી. શેખ અને કુલદીપ મકવાણા રોકાયા હતા.

# બી.એડ. (અંગ્રેજી) કરવા ઇચ્છુક વિદ્યાર્થીઓને આઇ.એલ.ટી. બી.એડ. કોલેજમાં પ્રવેશની તક

## કોલેજ દ્વારા જ યુનિવર્સિટીના ફોર્મ ભરવા સહિતની કામગીરી હાથ ધરવામાં આવશે

**અબતક, રાજકોટ**

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના બી.એડ. મધ્યસ્થ પ્રવેશ સમિતિ મારફતે પ્રવેશ આપવાની કાર્યવાહી ચાલતી હતી. જે વિદ્યાર્થીઓએ ફોર્મ ભર્યા છે, ફોર્મ નથી ભર્યા તેવા તમામ વિદ્યાર્થીઓને જો બી.એડ.(અંગ્રેજી) વિષય સાથે કરવું હોય તો તેમની માટે બી.એડ.મધ્યસ્થ પ્રવેશ સમિતિએ તા.૧૩/૮ ના રોજ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના શિક્ષણશાસ્ત્ર ભવનમાં પ્રવેશ આપવાની કામગીરી હાથ ધરી છે.

આઈ.એલ.ટી. બી.એડ. કોલેજમાં પ્રવેશ લેવા માંગતા વિદ્યાર્થીઓ આ સંદર્ભે કોલેજના સમયગાળા દરમિયાન કોલેજે આવીને યુનિવર્સિટીના ફોર્મ ભરવા સહિતની વિધિ કરી શકસે. તેની આથી તેમને જાણ કરવામાં આવે છે.


રાજકોટના હાર્દસમા કાલાવડ રોડ પર સરકારના અનુદાનથી ચાલતી શ્રી સૌરાષ્ટ્ર હાઈસ્કૂલ ટ્રસ્ટ સંચાલિત આઈ.એલ.ટી. બી.એડ. કોલેજ કાર્યરત છે. નેક દ્વારા એક્રીડિટેટેડ આ કોલેજમાં પ્રવેશ માટે વિદ્યાર્થીઓને તક મળી રહે તે માટે વિદ્યાર્થીઓ કોલેજનો સંપર્ક કરી ૧૩ ઓગસ્ટના યોજાનાર યુનિવર્સિટીની મધ્યસ્થ પ્રવેશ સમિતિની કામગીરી માટે નામ નોંધાવી પ્રવેશ મેળવી શકશે. કોલેજ દ્વારા વિદ્યાર્થીઓને આ સંદર્ભે તમામ માહિતી આપવામાં આવશે. ૧૦૦% પરિણામ આપતી અને વિદ્યાર્થીઓને પ્લેસમેન્ટ માટે રાજકોટની સૌથી અગ્રેસર બી.એડ. કોલેજમાં જે વિદ્યાર્થીઓએ બી.એ.(ઇંગ્લિશ) કર્યું હોય તેવા વિદ્યાર્થીઓની પ્રવેશની કાર્યવાહી કરવાની છે. આ સંદર્ભે વધુ માહિતી માટે કોલેજના પ્રાધ્યાપક ડો.નેહલ શીંગાળાનો ૯૮૭૯૫ ૫૫૩૪૪ પર સંપર્ક કરી શકાશે.

# પેડક રોડ પર જે. કે. ક્રિએશનમાં આગ ભભૂકીઃ સદનસીબે જાન હાનિ ટળી

## કનક રોડ અને બેડીપરાના ફાયર ફાઈટરો દોડી ગયા પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવ્યો

**અબતક રાજકોટ**

શહેરના પેડક રોડ પર બાલાજી હનુમાન મંદિર પાસે આવેલ જે. કે. ક્રિએશન નામના ચાંદીના કારખાનામાં આગ ભભૂકી . કે. ક્રિએશન નામના ચાંદીના કારખાનામાંહતી કનક રોડ અને બેડી પરાના ફાયર ફાઈટર દોડી ગયા આગ પર કાબુ મેળવ્યો



બનાવની પ્રાપ્ત વિગતો મુજબ શહેરના પેડક રોડ પર બાલાજી હનુમાન મંદિર પાસે જયેશભાઈ બાબુલાલ કોંરાટના જે. કે. ક્રિએશન નામના ચાંદીના કારખાનામાં એલિવેશન પ્લાન્ટમાં ચોથા માળે આગ લાગી હતી આગ લગતાજ ફાયર સ્ટેશનને જાણ કરવામાં આવી હતી કનકરોડ અને બેડીપરા ફાયર સ્ટેશનના ફાયર ફાઈટર દોડી ગયા હતા અને અડધી કલાક પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવ્યો હતો. આગ લાગતાજ લોકો હેમખેમ રીતે નીચે ઉતાર્યા હતા પરંતુ ફાયર ઓફિસરના જણાવ્યા અનુસાર આગ ક્યાં કારણે લાગીને આગ દરમિયાન કેટલા માલની નુકશાની છે તે જાણવા તપાસનો ધમધમાટ ચાલુ કર્યો છે. વધુમાં જાણવા મળ્યું હતુંકે આગ લાગેલ બિલ્ડીંગમાં બે માળમા રહેણાંક છે અને ઉપરના બે માળમાં ચાંદીનું કારખાન

કાર્યરત હતું. આગમાં સદનસીબે કોઈ જાન હાનિ નહિ હોવાનું ફાયર ઓફિસરે જણાવ્યું હતું.

## (પહેલા પાનાનું ચાલું)

### જાપાન...

જ જાપાન વ્યાજમુક્ત નાણાં દ્વારા સંચાલિત યુએસ બજારોમાં સૌથી મોટું રોકાણકાર બની ગયું છે.

પરંતુ તે પછી, ગયા અઠવાડિયે, બેંક ઓફ જાપાને ૩૦ વર્ષથી વધુ સમય પછી વ્યાજ દરોમાં ૨૫ બેસિસ પોઈન્ટનો વધારો કરવાનો નિર્ણય કર્યો. આ નિર્ણયે બધું બદલી નાખ્યું. પરિણામે, શૂન્ય-વ્યાજ નાણાં હવે શૂન્ય-વ્યાજ નથી. હાલની લોન પર વધારાનો ખર્ચ થવા લાગ્યો. પરિણામે, મોટા ભાગના ફંડ કે જેણે આ વ્યાજમુક્ત લોન લીધી હતી અને યુ.એસ. બજારોમાં રોકાણ કર્યું હતું, તેઓએ રોકડ એકત્ર કરવા અને લોન ચૂકવવા માટે તેમની મિલકતો વેચવાનું શરૂ કર્યું. આ પહેલેથી જ ઓવરબોટ યુ.એસ. તે બજાર સાથે સુસંગત હતું, જે નોંધપાત્ર વેચવાલી તરફ દોરી ગયું.

પરિણામે, ડાઉ જોન્સ ઈન્ડસ્ટ્રિયલ એવરેજ માત્ર ૨-૩ દિવસમાં લગભગ ૨,૦૦૦ પોઈન્ટ ઘટી ગયો. વ્યાજ દરમાં વધારો થયા પછી, યેન ડોલર સામે વધવા લાગ્યું, અને ૧ ડોલર ૧૪૫ યેનના મૂલ્ય સુધી પહોંચ્યું. આ માત્ર બે દિવસમાં ચલણમાં નોંધપાત્ર વધારો દર્શાવે છે.

### ફેડરેટ...

વર્ષે તેના બેંચમાર્ક ધિરાણ દરને બે દાયકાના ઉચ્ચ સ્તરે રાખ્યો હતો કારણ કે તે ફુગાવાને તેના બે ટકાના લાંબા ગાળાના લક્ષ્યાંક પર પાછા લાવવા માટે સંઘર્ષ કરી રહી છે. આ વર્ષની શરૂઆતમાં નાના વધારા પછી, વાર્ષિક હેડલાઇન ફુગાવો હવે ફરી એકવાર લક્ષ્ય તરફ ઘટી રહ્યો છે, જ્યારે યુએસ અર્થતંત્ર હજુ પણ વધી રહ્યું છે અને શ્રમ બજાર નબળું પડ્યું છે.

### બાંગ્લાદેશ...

પીએમ શેખ હસીનાનો છે. આ દેશમાં બે મહિનાથી હિંસા ચાલુ છે. જેના કારણે શેખ હસીનાએ રાજીનામું આપવું પડ્યું એટલું જ નહીં. ઉલટાનું તે દેશ છોડી દેવો પડ્યો અને ભારત આવવું પડ્યું હતું.

અહીંથી તેના લંડન જવાના સમાચાર સામે આવી રહ્યા છે. આખરે શું કારણ છે કે આ દેશ હિંસાની આગમાં સતત સળગી રહ્યો છે? થોડો સમય શાંતિ રહે છે, પછી કોઈ ને કોઈ મુદ્દો ઊભો થાય છે. શું આ દેશમાં અશાંતિ પાછળ વિદેશી શક્તિઓનો હાથ છે? શું કટ્ટરવાદ લોકશાહીના માર્ગને અવરોધે છે? બાંગ્લાદેશની આ હાલતથી ભારતને પણ નુકસાન છે. વેપાર ક્ષેત્રે નુકસાન છે. ઉપરાંત ભારતના સરહદી વિસ્તારોમાં પણ મોટું જોખમ તોળાઈ રહ્યું છે કારણકે અશાંતિ વચ્ચે સરહદમાં ઘૂસપેઠ વધે તેવી શકયતા સેવાઈ રહી છે. તો બીજી બાજુ નવી વચગાળાની સરકાર ભારત વિરોધી વલણ વાળી હોય શકે છે.

પાકિસ્તાનમાં એક વખત પણ સ્થિર સરકાર બની ન હતી. સરકાર બને છે પરંતુ દરેક વખતે તેની સેના તેને ઉથલાવી નાખે છે. પાકિસ્તાનમાં પ્રથમ સૈન્ય બળવો ૧૯૫૮માં થયો હતો. ત્યાર બાદ ત્યાંના પ્રમુખ ઈસ્કંદર મિર્ઝા હતા. આ પછી ૧૯૬૯માં બળવો થયો હતો. ત્યારે ત્યાંના રાષ્ટ્રપતિ અયુબ ખાન હતા. પરિસ્થિતિ એવી હતી કે પાકિસ્તાનમાં ૧૯૫૬ થી ૧૯૭૧, ૧૯૭૭ થી ૧૯૮૮ અને ફરીથી ૧૯૯૯ થી ૨૦૦૮ સુધી લશ્કરી શાસન હતું. આ પછી પણ પાકિસ્તાનમાં કોઈપણ સરકાર પોતાનો કાર્યકાળ પૂર્ણ કરી શકી નથી, પછી તે નવાઝ શરીફની સરકાર હોય કે ઈમરાન ખાનની. આ બે પૂર્વ વડાપ્રધાનોનો કાર્યકાળ પણ સેનાના કારણે બરબાદ થયો છે. આ વર્ષની સામાન્ય ચૂંટણીમાં પાકિસ્તાની સેનાની કથિત હસ્તક્ષેપ પર પણ વિચાર કરવામાં આવી રહ્યો છે. હવે આવી જ સ્થિતિ બાંગ્લાદેશમાં બની છે. છેલ્લા એક મહિનાથી, બાંગ્લાદેશમાં અનામતમાં ક્વોટા સિસ્ટમને લઈને હિંસક વિરોધ થઈ રહ્યો છે, જેમાં ઓછામાં ઓછા ૫૦૦ લોકોએ જીવ ગુમાવ્યો છે અને હજારો ઘાયલ થયા છે. પ્રદર્શનકારીઓએ વડા પ્રધાન શેખ હસીનાના રાજીનામાની માગણી શરૂ કરી હતી. આના પર શેખ હસીનાની સરકારે બાંગ્લાદેશમાં ૨૦ જુલાઈ સુધી કર્ફ્યુની જાહેરાત કરી, જેના કારણે તોફાનીઓ વધુ આક્રમક બની ગયા. આવી સ્થિતિમાં સરકારે દેખાવકારોની ધરપકડ કરીને જેલમાં ધકેલી દેવાનું શરૂ કર્યું. આ પછી, સંયુક્ત રાષ્ટ્રએ આ મામલે હસ્તક્ષેપ કર્યો અને કહ્યું કે બાંગ્લાદેશના લોકો પર અત્યાચાર ન કરવો જોઈએ. યુએનના સમર્થનથી વિરોધીઓમાં વધુ હિંમત આવી અને દેખાવો વધુ ઉગ્ર બન્યા. તેમણે વડાપ્રધાનના રાજીનામાની માંગને વધુ તીવ્ર બનાવી છે. સ્થિતિ વણસતી જોઈને શેખ હસીનાએ સોમવારે રાજીનામું આપી દીધું અને ઢાકા છોડીને ભારત આવી ગયા. હવે દેના બાંગ્લાદેશમાં વચગાળાની સરકાર બનાવવાનો પ્રયાસ કરી રહી છે. હવે જો ત્યાં આર્મી સરકાર બનાવે છે તો સત્તાની કમાન આર્મી ચીફના હાથમાં રહેશે અને પાકિસ્તાનની જેમ બાંગ્લાદેશમાં પણ સેનાનું શાસન હશે.

બાંગ્લાદેશમાં તખ્તાપલટની આ પહેલી ઘટના નથી. ત્યાં સેના અને સરકાર પાકિસ્તાનની જેમ નજીકથી સાથે છે. અહીં બળવાનો ઈતિહાસ ઘણો જૂનો છે. ૧૯૭૧માં બાંગ્લાદેશની આઝાદી બાદ પ્રથમ ૫ વર્ષ સુધી જ ત્યાં સરકાર ચાલી શકી હતી. ૧૯૭૫માં સેનાએ ત્યાં બળવો કર્યો. પછીના ૫ વર્ષ સુધી એટલે કે ૧૯૯૦ સુધી ત્યાં સૈન્ય સરકાર હતી. તેના. ૨૦૦૯માં શેખ હસીના સત્તામાં આવ્યા પછી પણ બાંગ્લાદેશ સૈન્ય શાસન હેઠળ હતું. આવી સ્થિતિમાં એમ કહી શકાય કે પાકિસ્તાનના આ સૈન્ય બળવાનો વાયરસ હવે ધીમે ધીમે બાંગ્લાદેશને પણ પોતાની હાલતમાં લાવી રહ્યો છે.

### આયાત-નિકાસને અસર...

ખરાબ ક્યારેય ન હતી. એકલા બાંગ્લાદેશના મીરપુરમાં ૧૦ હજારથી વધુ ફેક્ટરીઓ છે, જે છેલ્લા એક મહિનાથી બંધ છે. વેરહાઉસમાં પડેલો તૈયાર માલ, જેનું વેચાણ થઈ રહ્યું નથી. અગાઉ કર્ફ્યુના કારણે બધું બંધ હતું. થોડા દિવસો પહેલા જ જ્યારે કર્ફ્યુ હટાવવામાં આવ્યો ત્યારે લોકોને ડર હતો કે હજુ સ્થિતિ સામાન્ય નથી. જો માલને વેરહાઉસમાંથી બહાર કાઢીને પોર્ટ પર મોકલવામાં આવે તો આગચંપી અને હિંસાને કારણે મોટું નુકસાન થઈ શકે છે. હવે અચાનક ફરી સ્થિતિ વણસી છે. બાંગ્લાદેશનું સૌથી મોટું બંદર ચિત્તાગોંગમાં પણ મોટો માલ કન્ટેનરની અંદર અટવાઈ ગયો છે. બાંગ્લાદેશથી આયાત થતા ઉત્પાદનોમાં કાપડ અને વસ્ત્રો, જ્યુટ અને જ્યુટ ગુડ્સ, ચામડા અને ચામડાની ચીજવસ્તુઓ, ફાર્માસ્યુટિકલ્સ, પોર્સેલેઇન અને કૃષિ પેદાશો વગેરેની આયાત બાંગ્લાદેશમાંથી ભારત તેની કુલ નિકાસના ૧૨ ટકા એકલા કરે છે. હાલમાં ભારત ૬૦૫૨ કોમોડિટીની નિકાસ કરે છે. જેમાં ચોખા, કપાસ, પેટ્રોલિયમ ઉત્પાદનો, સુતરાઉ કાપડ, ઘઉંની નિકાસનો સમાવેશ થાય છે.

### મમતા બેનર્જી...

લઈને ભારે હિંસા થઈ હતી, ત્યારે મમતાએ ૨૧ જુલાઈએ એક રેલીના મંચ પરથી કહ્યું હતું કે તે પડોશમાં સંકટમાં ફસાયેલા લોકોની મદદ કરશે. દેશ કોઈપણ માટે બંગાળના દરવાજા ખુલ્લા રાખશે, કોઈ મદદ માંગશે તો આશરો આપશે. મમતાની આ ઓફર પર ઘણો વિવાદ થયો હતો. હવે બાંગ્લાદેશની તાજેતરની ઘટનાઓ બાદ તેમનો સૂર બદલાયો છે.

### સોનું...

કરવામાં આવી હતી, જેના કારણે ગ્રાહકોમાં ખુશીની લહેર ફેલાઈ ગઈ હતી. ડ્યુટી કટના બીજા દિવસે ૨૪ જુલાઈના રોજ સોનાના છૂટક ભાવ રૂ.૭૧,૨૨૫ પ્રતિ ૧૦ ગ્રામ હતા, જે ૨ ઓગસ્ટ સુધીમાં વધીને રૂ.૭૨,૫૯૪ પ્રતિ ૧૦ ગ્રામ થઈ ગયા છે.

મુંબઈ સ્થિત કામા જ્વેલરીના મેનેજિંગ ડિરેક્ટર કોલિન શાહે જણાવ્યું હતું કે, ''ગ્રાહકોમાં એવી લાગણી છે કે ઈરાને ઈઝરાયેલ પર હુમલો કરવાની ધમકી આપી હોવાથી ભાવમાં વધુ વધારો થઈ શકે છે. આ તેમને ખરીદી કરવા માટે પ્રોત્સાહિત કરી રહ્યું છે.'' રૂ.૨૫,૦૦૦ થી રૂ.૪ લાખની વચ્ચેની જ્વેલરી ખરીદી રહ્યા છીએ.''

### ઈથેનોલ...

અને સુઝુકી પણ ૧૦૦ ટકા ઈથેનોલ અથવા ફ્લેક્સ એન્જિનવાળી કારના ઉત્પાદન પર કામ કરી રહ્યા છે. ટુ-વ્હીલર સેગમેન્ટમાં, બજાજ, ટીવીએસ અને હીરો ફ્લેક્સ-એન્જિન બાઈક અને સ્કૂટર બનાવે છે. ગડકરીએ કહ્યું, ''અન્ય ઉત્પાદકો પણ ફ્લેક્સ એન્જિન લાવવા પર કામ કરી રહ્યા છે. પેટ્રોલ પંપની જેમ જ હવે અમારા ખેડૂતો પાસે ઈથેનોલ પંપ હશે. અમારી આયાત ૧૬ લાખ કરોડ રૂપિયાની છે. આવા વાહનોથી પ્રદૂષણ ઘટશે, ખર્ચ બચશે અને ખેડૂતોને ફાયદો થશે.. .આ વાહન ૧૦૦% ઈથેનોલ પર ચાલે છે... અગાઉ ઓગસ્ટ ૨૦૨૩માં, નીતિન ગડકરીએ ટોયોટા કિર્લોસ્કર મોટર્સ દ્વારા વિકસિત ૧૦૦ ટકા ઈથેનોલ-સંચાલિત ભારત સ્ટેજ (બીએસ-વિઆઈ)-સુસંગત વાહન લોન્ચ કર્યું હતું. ઈંધણ કારનું અનાવરણ કરવામાં આવ્યું હતું.

### એરલાઈન્સ...

પ્રામકર્તા સંપૂર્ણ ઈનપુટ ટેક્સ ક્રેડિટ માટે પાત્ર છે.

ઈન્ફોસિસ દ્વારા તાજેતરમાં રૂ. ૩૨,૦૦૦ કરોડની સંકલિત જીએસટી માંગણી બાદ આ પરિપત્ર ટાંકવામાં આવ્યો છે. અધિકારીએ જણાવ્યું હતું કે એરલાઈન્સ મુક્તિ અને બિન-મુક્તિ બંને સેવાઓમાં ડીલ કરે છે અને તેથી પરિપત્ર હેઠળ અયોગ્ય બને છે. ડિજીજીઆઈએ અગાઉ એરલાઈન્સ પાસેથી મુક્તિ અને બિન-મુક્તિ સેવાઓની અલગ યાદીઓ માંગી હતી. ''૧૦ એરલાઈન્સમાંથી માત્ર ચાર એરલાઈન્સે સૂચિ પ્રદાન કરી હતી અને બાકીની કોઈપણ સ્પષ્ટતા આપવામાં નિષ્ફળ રહી હતી,'' અધિકારીએ જણાવ્યું હતું.

આ નોટિસ જુલાઈ ૨૦૧૭ થી માર્ચ ૨૦૨૪ ના સમયગાળા માટે છે, જ્યારે જીએસટી લાગુ કરવામાં આવ્યો હતો.એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે આ એરલાઈન્સના વિદેશી મુખ્ય મથક એરક્રાફ્ટ મેઈન્ટેનન્સ તેમજ ક્રૂ અને ભાડા માટે ચૂકવણી જેવી સેવાઓ પૂરી પાડે છે. ડિજીજીઆઈ કહે છે કે આ સેવાઓ એક કાનૂની એન્ટિટીથી બીજીને આપવામાં આવે છે

આ બાબતની તપાસ ઓગસ્ટ ૨૦૨૩ માં શરૂ કરવામાં આવી હતી. ડિજીજીઆઈ એ ગયા વર્ષે ડિસેમ્બર અને આ વર્ષે જાન્યુઆરીમાં આ એરલાઈન્સના ભારતીય કાર્યાલયોના મુખ્ય અધિકારીઓને સમન્સ પાઠવ્યા હતા, સ્પષ્ટતાઓ અને કરમુક્ત સેવાઓની સૂચિ માંગી હતી.

વિદેશી એરલાઈન્સે દલીલ કરી હતી કે સેવાનું સ્થળ હેડ ઓફિસ અને બ્રાન્ચ ઓફિસ બંને હોવાથી એરલાઈન્સ ભારતમાં જે કરપાત્ર છે તેના પર જ જીએસટી ચૂકવી શકે છે. તેઓએ તેમના સંબંધિત દેશના દૂતાવાસોનો પણ સંપર્ક કર્યો, જેણે નાણાં મંત્રાલયને ચિંતાઓ દર્શાવી.

ત્યારબાદ, આ મુદ્દો જીએસટી કાઉન્સિલ હેઠળ ફિટમેન્ટ કમિટીને મોકલવામાં આવ્યો હતો. કાઉન્સિલે ૨૬ જૂનના પરિપત્રને મંજૂરી આપી હતી, જેમાં સંબંધિત વ્યક્તિ દ્વારા ''સેવાઓની આયાતના પુરવઠા''ના મૂલ્યાંકનની સ્પષ્ટતા કરવામાં આવી હતી.

જો કે, નિષ્ણાતોએ જણાવ્યું હતું કે પરિપત્ર એરલાઈન્સના મુદ્દાઓને આવરી લેતો નથી. ટેક્સ પાર્ટનર સૌરભ અગ્રવાલે જણાવ્યું હતું કે, ''વિદેશી શિપિંગ લાઈન્સ અને એરલાઈન્સની ચિંતાઓને દૂર કરવામાં પરિપત્ર ઓછો છે.'' ''કરપાત્ર અને મુક્તિ પુરવઠાના મિશ્રણને સંડોવતા તેમના અનન્ય બિઝનેસ મોડલને જોતાં, આ ક્ષેત્રની કેટલીક કંપનીઓ આ રાહત માટે લાયક ન હોઈ શકે.''

### તાંત્રિક વિધિ...

પ્રાપ્ત વિગત અનુસાર બનાસકાંઠાના એક અરજદારે ગુજરાત હાઈકોર્ટમાં જાહેરહીતની અરજી દાખલ કરી હતી. જેમાં માંગ કરાઈ

હતી કે ગુજરાતમાં અંધશ્રદ્ધાના નિર્મૂલન માટે કાયદો બનાવવા કોર્ટ સરકારને નિર્દેશ આપે. આ માટે અરજદારે કોર્ટ સમક્ષ ગુજરાતમાં બનેલા ૩૦ બનાવો પણ મૂક્યા હતા.

જેમાં ગુજરાતના કેટલાક બનાવોમાં એક ૨ વર્ષની બાળકીને ગરમ સળિયાથી ડામ આપતા તેનું મૃત્યુ નીપજ્યું હતું. બીજા એક કેસમાં એક વ્યક્તિને કંકુ વાળું પાણી પીવા ફરજ પાડવામાં આવી હતી. અન્ય એક કેસમાં એક દિવ્યાંગ વ્યક્તિને ફક્ત માથું જ જમીનની બહાર રહે તેમ દાટી દેવામાં આવ્યો હતો. એક ખેડૂત દંપતીએ અંધશ્રદ્ધામાં દેહત્યાગ કર્યો હતો. એક સગીરા ઉપર દુષ્કર્મ આચરવામાં આવ્યું હતું. અરજદારે અરજીમાં વધુ જણાવ્યું કે, ગુજરાતમાં પછાત અને આદિજાતિ લોકોમાં અંધશ્રદ્ધા વધુ પ્રચલિત છે. જેનો ભોગ બન્યા હોય તે લોકો ફરિયાદ માટે ઓથોરિટી સમક્ષ જઈ પણ શકતા નથી. અંધવિશ્વાસનો સૌથી વધુ ભોગ મહિલાઓ અને બાળકો બને છે. આ કાયદાનો હેતુ સામાજિક જાગૃતિ અને સામાન્ય લોકોને અંધશ્રદ્ધાથી બચાવવાનો છે. હાઈકોર્ટના આદેશને પગલે સરકાર અને ગૃહ વિભાગના ઉચ્ચ અધિકારીઓએ ગહન ચર્ચા કરીને અંધશ્રદ્ધાને ડામવા બિલ લાવવાનું નક્કી કર્યું છે.

## (ત્રીજા પાનાનું ચાલું)

### સનાતન બેઠક...

પીપળી તથા ભઈલુબાપુ પાળિયાદ વગેરે સામેલ થયાં હતાં. સનાતન ધર્મ સંદર્ભે અગાઉ લીંબડી. જૂનાગઢ, સુરત અને ત્રંબા રાજકોટમાં સંમેલનો યોજાયાં હતાં જેમાં શાસ્ત્રો સાથે ધાર્મિક ઐતિહાસિક તથ્યો અને આસ્થા સાથે થઈ રહેલ ચેડા અને સંસ્કૃતિ વિરોધી હાનિકારક રીતે કહેવાતી ધાર્મિક સંસ્થાઓની પ્રવૃત્તિ સામે રોષ રહેલો છે. ત્યારે ધર્મસત્તાની આ બેઠક મહત્વની રહેલ છે.

જાણવા મળતી વિગત મુજબ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ સાથે હાલની સનાતન ધર્મ ઉપર થતી ટિપ્પણી ઓ તથા હિન્દૂ દેવી દેવતાઓના અપમાનો સામે લડત આપતા સનાતન ધર્મ સંગઠનના મુખ્ય સંતો સાથે આજે મુખ્યમંત્રી સાથે બેઠક યોજાયેલ જેમાં અખિલ ભારતીય સાધુ સમાજ પ્રમુખ પૂજ્ય મુક્તાનંદ બાપુ ચાપરડા શેરનાથ બાપુ જુનાગઢ નિર્મળાબા પાળીયાદ કણીરામ બાપુ લલિતકિશોર મહારાજ લિબડી કથાકાર હરિયાણી બાપુ પરબ જગ્યાના મહંત વગેરે સંતો આજે મુખ્યમંત્રીની મુલાકાત લઈ તેવોને સન્માનિત કરી આશીર્વાદ પાઠવેલ ત્યાર બાદ મુખ્યમંત્રી સાથેની બેઠક યોજી હતી.

સંતો દ્વારા વિવિધ મુદ્દાની રજુઆત કરવા માં આવેલ જેમાં ગુજરાત માં સંસ્કૃત યુનિવર્સિટી ની સ્થાપના કરવા માં આવે તે માટે યોગ્ય જમીન ફાળવવા માં આવે , સનાતન ધર્મ નું આ સંગઠન માત્ર હિન્દૂ દેવી દેવતાના અપમાન તથા અટકાવવા અને તેના પર થતી ટિપ્પણીઓ અટકાવવા માટે ભારતભર માંથી ૫૦૦૦ પાંચ હજાર સાધુ સંતોના સંગઠનના નામ ની નોંધણી કરવા માં આવેલ છે આ ઉપરાંત કથાકારો તથા કલાકારો ને પણ આ સંગઠન માં જોડવામાં આવશે ને ભારત ભરમાં હિન્દુત્વ ની બાબતના સકારાત્મક નિર્ણયો માં સરકાર ની સાથે રહેશે.આ સંગઠનો

આ ઉપરાંત ગુજરાતમાં હિન્દૂ મોટાં મંદીર ટ્રસ્ટો કે જે ગૌશાળા સ્કૂલો હોસ્ટેલ હોસ્પિટલ વગેરે માનવ સેવાની સેવાકીય પ્રવુતિ કરતી સંસ્થાઓ ને આવતા વિદેશથી ફન્ડિંગ બાબત માં અમુક ગાઈડલાઈન થી હાલ બેન્ક એકાઉન્ટ બંધ થયા હોય જેની જરૂરી તપાસ કરી એ એકાઉન્ટ ના ટ્રાનઝેકશન ફરી ચાલુ કરવા અંગે ભાર પૂર્વક રજુઆત કરવા માં આવી હતી ત્યારે સંતોની ઉપરોક્ત રજુઆત મુખ્યમંત્રી એ સાંભળી હકારાત્મક પ્રતિસાદ આપેલ છે.

### લોકદરબાર...

નં.૧૩માં ભાજપે જનરલ બોર્ડ જેવી સિસ્ટમ ગોઠવી દીધી હતી. ખુરશીઓ પર કાર્યકરોને ગોઠવી દીધા હતા. વાસ્તવ તેઓની પાસે કોઇ જ પ્રકારની ફરિયાદ ન હતી. મેયર અને સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેનની ગેરહાજરીમાં યોજાયેલા લોક દરબારમાં સાચા ફરિયાદીઓને વિજીલન્સ શાખા દ્વારા બહાર જ રોકી દેવામાં આવ્યા હતા. અંદર જગ્યા થશે તો જવા દેવામાં આવશે તેવું કહ્યું હતું. જો કે, અંદર બેઠેલા ૫૦%થી વધુ અરજદારો પાસે કોઇ જ પ્રકારની ફરિયાદ ન હતી. કોંગ્રેસના પૂર્વ કોર્પોરેટર જાગૃત્તિબેન ડાંગર અને પ્રભાતભાઇ ડાંગરે અનેક મુદ્દે શાસકોને ઘેરવાનો પ્રયાસ પણ કર્યો હતો. વોર્ડની વિવિધ સમસ્યાઓ રજૂ કરી હતી. લોધેશ્વર સોસાયટીની મહિલાઓ લોક દરબાર શરૂ થયો ત્યારે હંગામો મચાવ્યો હતો. ફરિયાદોનો આંક ફિક્સ કરાયેલા આંકે પહોંચતાની સાથે જ લોક દરબાર આટોપી લેવામાં આવ્યો હતો અને વધુ ફરિયાદ કે રજૂઆત સાંભળવામાં આવી ન હતી. વાસ્તવમાં લોક દરબાર નર્યું નાટક હોવાનું પુરવાર થઇ રહ્યું છે. આજે વોર્ડ નં.૧૩માં યોજાયેલા લોક દરબારમાં કુલ ૬૮ ફરિયાદ ઉઠી હતી. જેમાં શેરી ગલીઓમાં ડીડીટી દવાનો છંટકાવ કરાવવા બાબત, નિયમિત સફાઈ કરવા બાબત,વોર્ડ નં.૧૩માં નવી લાઈબ્રેરી બનાવવા માટે, ખુલ્લા પ્લોટમાં નિયમિત સફાઈ કરવા બાબત, મવડી પ્લોટમાં આરએમસીના પ્લોટમાં ફેન્સિંગ કરીને સફાઈ કરવા માટે, કારખાના વિસ્તારમાં વરસાદી પાણીના નિકાલ બાબત, સ્કૂલની બાજુમાં સ્પીડ બ્રેકર બનાવવા બાબત, શેરીમાં વરસાદી પાણીના નિકાલ બાબત, શેરીમાં ભૂગર્ભ ગટર ઉભરાય છે, વૈદ વાડીમાં મોરમ નાખવા બાબત, બાલાજી ઈન્ડસ્ટ્રીઝના રસ્તા પર મોરમ નાખવા બાબત, બાલાજી ઈન્ડસ્ટ્રીઝમાં નિયમિત સફાઈ કરવા બાબત, જયંત કે.જી. સોસાયટીમાં નિયમિત સફાઈ અને રોડ બનાવવા બાબત, નવલનગર મેઈન રોડ ઉપર સફાઈ બાબત, શિવનગર શેરી નં.૬માં નિયમિત સફાઈ કામદાર આવે તે બાબતે રજુઆત, ચંદ્રેશનગર મેઈન રોડ પર રેંકડીઓનું દબાણ દૂર કરવા બાબત, ડી.આઈ.લાઈનના કામ પૂર્ણ થયેલ હોય ત્યાં રોડ રિસ્ટોરેશન કરાવવું, ગોંડલ રોડ ડી-માર્ટ પાસે રોડ ખુલ્લો કરાવવો, ગાર્ડનમાં આવારા તત્વોનો ત્રાસ દુર કરવા બાબત, માનસતા ઈન્ડ.એરિયામાં નિયમિત ગાર્બેજ કલેકશન કરાવવું વગેરે મુખ્ય બાબતોના પ્રશ્નો અને રજુઆતો રજુ થયેલ.

આવતીકાલે બુધવારના રોજ સવારે ૦૯:૦૦ થી ૧૧:૦૦ દરમ્યાન વોર્ડ નં.૧૪માં વોર્ડ ઓફીસ, વોર્ડ નં.૧૪-અ, માસ્તર સોસાયટી, કોઠારીયા મેઈન રોડ, સ્નાનાગાર વાળી શેરી, રાજકોટ ખાતે ''મેયરશ્રી તમારા દ્વારે'' (લોક દરબાર) કાર્યક્રમ યોજાશે.

### આકાશ...

અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાં ઓનલાઈન અને ઓફલાઈન બંને મોડમાં કરવામાં આવશે. ૧૦૦% સુધીની સ્કોલરશિપ ઉપરાંત ટોચના સ્કોર કરનારાઓને રોકડ પુરસ્કારો પણ પ્રાપ્ત થશે.

એન્થે ઓફલાઈન પરીક્ષાઓ ૨૦ અને ૨૭ ઑક્ટોબર, ૨૦૨૪ ના રોજ સવારે ૧૦:૩૦ થી ૧૧.૩૦ સુધી દેશભરમાં આકાશ ઈન્ટિસ્ટટ્યુટના તમામ ૩૧૫ થી વધુ કેન્દ્રો પર આયોજીત કરવામાં આવશે, જ્યારે ઓનલાઈન પરીક્ષાઓ ઑક્ટોબર ૧૯ થી ૨૭, ૨૦૨૪ દરમિયાન કોઈ પણ સમયે લઈ શકાય છે. વિદ્યાર્થીઓ પોતાની અનુકૂળતા મુજબ એક કલાકનો સ્લોટ પસંદ કરી શકે છે.

એન્થે એ એક કલાકની કસોટી હશે જેમાં કુલ ૯૦ ગુણ હશે અને તેમાં વિદ્યાર્થીઓની ગ્રેડ અને સ્ટ્રીમ આકાંક્ષાઓના આધારે ૪૦ મલ્ટિપલ પસંદગીના પ્રશ્નો હશે. ૧૧-૧૨ વિદ્યાર્થીઓ માટે પ્રશ્નો ફિઝિક્સ કેમેસ્ટ્રી બાયોલોજી, મેથેમેટિક્સ એન્ડ મેટલ એબિલિટી જેવા વિષયોને આવરી લેશે મેડિકલ એજ્યુકેશન માટે મહત્વાકાંક્ષી ધોરણ ૧૦ના વિદ્યાર્થીઓ માટે પ્રશ્નો ફિઝિક્સ કેમેસ્ટ્રી બાયોલોજી અને મેટલ એબિલિટીને આવરી લેશે જ્યારે આ જ વર્ગના એન્જિનિયરિંગના ઉમેદવારો માટે પ્રશ્નો ફિઝિક્સ કેમેસ્ટ્રી બાયોલોજી મેથેમેટિક્સ એન્ડ મેટલ એબિલિટીને આવરી લેશે. એવી જ રીતે ધોરણ ૧૨ના વિદ્યાર્થીઓ માટે કે જે નીટ પ્રશ્નો માટે લક્ષ્ય રાખે છે તેઓ ફિઝિક્સ કેમેસ્ટ્રી બોટની અને ઝુલીજી ને આવરી લેશે જ્યારે એન્જિનિયરિંગના ઉમેદવારો માટે તેઓ ફિઝિક્સ કેમેસ્ટ્રી અને મેથેમેટિક્સને આવરી લેશે.

એન્થે ૨૦૨૪ માટે રજિસ્ટ્રેશન ફોર્મ સબમિટ કરવાની છેલ્લી તારીખ ઑનલાઈન પરીક્ષા શરૂ થવાના ત્રણ દિવસ પહેલા અને ઑફલાઈન પરીક્ષાના સાત દિવસ પહેલા છે ઑફલાઈન અને ઑનલાઈન મોડ માટે પરીક્ષા ફી રૂ. ૨૦૦ છે. જો વિદ્યાર્થીઓ ૧૫મી ઓગસ્ટ ૨૦૨૪ પહેલાં નોંધણી કરાવે તો તેઓ રજિસ્ટ્રેશન ફી પર ફ્લેટ ૫૦% ડિસ્કાઉન્ટ પણ મેળવી શકે છે.

એન્થે ૨૦૨૪નું રિઝલ્ટની વાત કરીએ તો ધોરણ Xનાવિદ્યાર્થીઓનું રિઝલ્ટ ૦૮ નવેમ્બર, ૨૦૨૪, ધોરણ VIIથી IXમાટે ૧૩ નવેમ્બર ૨૦૨૪ અને ધોરણ XI અને XIIના વિદ્યાર્થીઓ માટે ૧૬ નવેમ્બર ૨૦૨૪ના રોજ જાહેર કરવામાં આવશે આ રિઝલ્ટ અમારી એન્થેની વેબસાઈટ પર ઉપલબ્ધ થશે.

## (ચોથા પાનાનું ચાલુ)

### સાહિત્ય સેતુ કવિ સંમેલન

સાહિત્યપ્રેમીઓની હાજરીથી હોલ ખીચોખીચ ભરાઈ ગયેલ અને ભાવનગરથી પધારેલા બુધસભાના કવિઓ ડો.નટુભાઈ પંડ્યા, લાલજીભાઈ બાંભણીયા, ભરતભાઈ વાળા, જયંતભાઈ હુંબલ, પરેશભાઈ ત્રિવેદી,

જયદીપ મહેતા, પંકજ ચૌહાણ, દીપકભાઈ ગોહેલ, જયેશભાઈ ભટ્ટ તેમજ કવયિત્રીઓ કૃપાબેન ઓઝા, દર્શનાબેન રાવલ, હર્ષાબેન ચૌહાણ, ડો.માનસી ત્રિવેદી, વર્ષાબેન જાની, નેહાબેન પુરોહિત, જિજ્ઞાબેન ત્રિવેદી, વગેરેએ પોતાની ઉત્તમ રચના રજુ કરીને કવિ સંમેલનમાં ઉપસ્થિત સાહિત્યપ્રેમીઓના દિલ જીતી લીધા હતા અને શ્રોતાઓની દાદ મેળવી હતી તેમજ મન ભરીને કાર્યક્રમ માણેલ.

સાહિત્ય સેતુ દ્વારા ભાવનગરથી કવિ સંમેલનમાં પધારેલા તમામ કવિ-કવયિત્રીઓનું કુમકુમ તિલક કરી, ખેસ પહેરાવીને, પુસ્તક, શ્રી ફળ સાકરનો પડો, સ્મૃતિ ભેટ આપી તેમજ શાલ ઓઢાડીને ભાતીગળ તેમજ પરંપરાગત લાગણીસભર સન્માન શહેરના કવિઓ-લેખકો સર્જકો તેમજ અતિથિઓના હસ્તે અભિવાદન કરવામાં આવ્યું હતુ. શિશુવિહારના ડો.નાનકભાઈ ભટ્ટે બે શહેરોના સર્જકો વચ્ચે નીકટનો નાતો કેળવાય, વિચારોનું આદાન પ્રદાનથાય તેવા શુભાશયથી યોજવામાં આવેલ, નવતર પ્રયોગને બિરદાવી સુંદર આયોજન, વ્યવસ્થા તેમજ સાહિત્ય પ્રત્યેની પ્રતિબધ્ધતા બદલ સાહિત્ય સેતુના આયોજકોને અભિનંદન આપેલ.

સમગ્ર કાર્યક્રમનું સફળતાપૂર્વક સંચાલન ડો.માનસી ત્રિવેદીએ કરેલ કાર્યક્રમના અંતમાં આભારવિધિ કવિ નટવર આહલપરાએ કરી હતી. સમગ્ર આયોજનની સફળતા માટે સંસ્થાના અનુપમ દોશી, પંકજ રૂપારેલીયા, હસુભાઈ શાહ, જનાર્દન આચાર્ય, સુધીર દત્તા, જયેન્દ્રભાઈ મહેતા, વિપુલભાઈ ભટ્ટ, પરિમલભાઈ જોષી, જીતુભાઈ ગાંધી, રમેશ શીશાંગીયા, કિશોર ટાકોદરા, ગીતાબેન વોરા, મિહિર ગોંડલીયા, કામેબ માજી કાર્યરત રહ્યા હતા.

### જિલ્લા કક્ષાની શાળાકીય એથ્લેટીકસ

ફાઈનલ ઈવેન્ટસનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અંડર-૧૪માં ૧૦૦ મીટરથી લઈને ૬૦૦ મીટર દોડ સુધીની ચાર ઈવેન્ટ, જમ્પની ત્રણ ઈવેન્ટ તેમજ ગોળા ફેંક, ચક્ર ફેંક મળીને નવ પ્રકારની સ્પર્ધાઓ યોજાઈ હતી. જેમાં દરેક સ્પર્ધામાં પ્રથમથી લઈને ચતુર્થ ક્રમ સુધીમાં કુલ મળીને ૩૬ છાત્રાઓ વિજેતા બની હતી. જ્યારે અંડર-૧૭માં ૧૦૦ મીટરથી લઈને ૩૦૦૦ મીટર દોડ સુધીની છ સ્પર્ધાઓ, લાંબી કૂદ, ઊંચી કૂદ, ગોળા-ચક્ર તથા બરછી ફેંક, લંગડી ફાળકૂદ તથા હેમર થ્રો મળીને કુલ ૧૩ પ્રકારની રમતોની સ્પર્ધા યોજાઈ હતી. જેમાં કુલ મળીને ૪૫ છાત્રાઓ વિજેતા બની હતી.

અંડર-૧૯માં ૧૦૦ મીટરથી લઈને ૩૦૦૦ મીટર દોડ સુધીની પાંચ સ્પર્ધા, હાઈ જમ્પ તથા લાંબી કૂદ, ગોળા-ચક્ર તથા બરછી ફેંક, લંગડી ફાળકૂદ સહિતની ૧૧ રમતોની સ્પર્ધાઓ યોજાઈ હતી. જેમાં કુલ મળીને ૩૦ છાત્રાઓ વિજેતા બની હતી. આ સમગ્ર રમતોનું આયોજન જિલ્લા રમત અધિકારી વી.પી. જાડેજાના માર્ગદર્શનમાં કરવામાં આવ્યું હતું.

### ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી

હતો.આ પ્રસંગે શિબિરાર્થીઓને પ્રમાણપત્રો કુલસચિવ પ્રા.ડો.લલિત પટેલ તથા ઉપસ્થિત મહેમાનો અને તજજ્ઞોના હસ્તે અપાયા હતા. આ શિબિરમાં તજજ્ઞ તરીકે કપિલદેવ શુક્લ (સુરત),કમલ જોષી (લુણાવાડા), ચિંતન પંચાલ(લુણાવાડા)અને દેવાંગ ભટ્ટ (અમદાવાદ)ની સેવાઓ પ્રાપ્ત થઈ હતી. સમગ્ર શિબિરનું સંચાલન યુનિવર્સિટીના સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના સલાહકાર મનોજ મ.શુકલ, ચિલકા જૈન અને રમતગમત અધિકારી ડો.આકાશ ગોહિલ દ્વારા કરવામાં આવ્યું હતું.

### નારી વંદન સપ્તાહ અંતર્ગત

અને બાળ વિકાસ અધિકારીની કચેરી દ્વારા સખી વન સ્ટોપ સેન્ટર અને નારી સંરક્ષણ ગૃહના સંયુક્ત ઉપક્રમે સખી વન સ્ટોપ સેન્ટર ખાતે પર્યાવરણજતન અર્થે આસોપાલવ, લીંબુ, ફૂલ-છોડ વગેરેના રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું હતું. આ વૃક્ષારોપણ કાર્યક્રમમાં દહેજ પ્રતિબંધક સહ રક્ષણ અધિકારી સીમાબેન શીંગાળા, આયુર્વેદિક અધિકારી ડો. રાજેશભાઈ ગઢિયા, હોમિયોપેથિક ડો. જ્યોતિબેન સોઢા, આંખની હોસ્પિટલના ઈન્ચાર્જ પારૂલબેન ધેટિયા, એન્જીનિયર ચિરાગભાઈ, ભાવિકભાઈ સહીત કચેરીઓના સ્ટાફ અને આશ્રિત બહેનો જોડાયા હતા, તેમ જિલ્લા મહિલા અને બાળ વિકાસ અધિકારીની કચેરીની યાદીમાં જણાવાયું છે.

### મોદી સ્કુલ

ગુજરાતી માધ્યમમાં હેડ બોય તરીકે મોડિયા વેદ હરેશભાઈ અને હેડ ગર્લ તરીકે કમાણી હેત્વી મહેશભાઈ તેમજ અંગ્રેજી માધ્યમમાં ડેપ્યુટી હેડ બોય તરીકે ચંદવાણીયા આર્યન દિપકભાઈ અને ડેપ્યુટી હેડ ગર્લ તરીકે જાડેજા વિશ્વા દિલીપસિંહ તેમજ ગુજરાતી માધ્યમમાં ડેપ્યુટી હેડ બોય તરીકે કોઠિયા આયુષ મહેશભાઈ અને ડેપ્યુટી હેડ ગર્લ તરીકે વઘાસીયા ચાહત ભાવેશભાઈની પસંદગી કરવામાં આવી.

વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા માટે શાળાના મેનેજિંગ ડાયરેક્ટર ધવલભાઈ મોદી, કલ્યાણીબેન મોદી, એકેડમિક ડાયરેક્ટર કવિતાબેન આચાર્ય તેમજ એડમિન ઓફિસર જુલીબેન હિંગરાજીયાએ હાજર રહી વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

આ પ્રસંગે અતિથી વિશેષ તરીકે પોલીસ હેડ ક્વાર્ટરના પોલિસ ઈન્સપેક્ટર જાડેજાએ ખાસ હાજરી આપી હતી અને વિદ્યાર્થીઓને જીવનમાં શિસ્ત અને જવાબદારીનું મહત્વ સમજાવ્યું હતું. શાળાના પ્રિન્સીપાલ ભૂમિકાબેન દ્વારા વિદ્યાર્થીઓને શપથ ગ્રહણ કરાવવામાં આવ્યા હતા. આ પ્રસંગે વાલીઓએ પણ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહીને વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો. ભવિષ્યમાં મોદી સ્કૂલના આ વિદ્યાર્થીઓ પોતાનામાં રહેલી પ્રતિભાનો ઉપયોગ કરી સફળ નેતા બને તેવી શુભેચ્છા સર્વ શિક્ષકગણ દ્વારા પણ પાઠવવામાં આવી હતી.

## (અગીયારમાં પાનાનુ ચાલુ)

### ભાનુબેન બાબરીયા..

રાજપીપળા રોડ પરના માઈનોર બ્રીજના બાંધકામ માટે રૂ.૨.૦૦ કરોડ (૪) કરમાળ પીપળીયા બગદડીયા દેવરીયા રોડ પરના માઈનોર બ્રીજના બાંધકામ માટે રૂ.૨.૦૦ કરોડ એમ મળી કુલ ૮ બ્રીજના બાંધકામ માટે રૂ.૧૮.૬૦ કરોડની સૈધાતિંક મંજુરી આપવામાં આવી છે.

ઉકત મંજૂરી મળતા મંત્રી ભાનુબેન બાબરીયાએ જનતા વતી મુખ્યમંત્રીનો આભાર માન્યો હતો.

### કર્મચારીઓએ ફાળા...

બનાવ્યા છે. તે આવતા સમયમાં ચેક ડેમો બનાવવાની પ્રક્રિયાને સતત ચાલુ રાખવી પડશે. કારણ કે આપણે બધા જ લોકો નર્મદાના પાણી પર નિર્ભર છીએ. સૌરાષ્ટ્રમાં એવરેજ વરસાદ ૩૫ થી ૪૦ ઈંચ પડે છે. ૪૦ ઇંચ માંથી ૧૦ ટકા પાણી જમીનમાં ઉતારી દઈએ તો સૌરાષ્ટ્રને પાણીનો સ્રોત ક્યાંય શોધવા જવું ન પડે. એટલા માટે આવી સામાજિક સંસ્થાઓ ગીર ગંગા ફાઉન્ડેશન, સદભાવના વૃદ્ધાશ્રમ બધા લોકો ભેગા મળીને પ્રયાસ કરે છે ૫૦૦૦ એન્જિનિયરોનું ઓર્ગેનાઈઝેશન છે. બધા લોકોએ સાથે મળીને જીબીઆ જલ મંદિર બનાવ્યું છે. રાજ્ય સરકારની દર વર્ષે સુજલામ સુફલામ યોજના આપે છે. બે ત્રણ મહિના સુધી તળાવમાંથી કાપ કાઢીએ છીએ. જુના ચેક ડેમો રિપેર કરીએ છીએ. નાના નાના ચેક ડેમો બનાવવાની પણ યોજના ચાલુ છે. આવનારા દિવસોમાં સૌરાષ્ટ્રને ધ્યાનમાં રાખીને વ્યાપક પ્રમાણમાં પાણી માટેનું અભિયાન કરીશું. નર્મદાના પાણીથી સાડા સાત હજાર ગામડાઓને જોડિયા છે ૧૪૦ નગરપાલિકાને જોડી છે અને ચાર મહાનગરપાલિકાને જોડી છે. પેહેલાના જમાનામાં પીવાના પાણીના ૪૫૦૦ હજાર ટેન્કર મોકલવા પડતા હતા તેવી સ્થિતિ હાલ નથી. આ એકલું સરકારનું કામ નથી લોકોને જાગૃત જરૂરી છે તો સૌરાષ્ટ્રને પાણીની ભવિષ્યમાં તંગી ક્યારેય ન પડે.

### અખરોટ કે બદામ...

ઘટાડી શકે છે.

જ્યારે સ્વાસ્થ્ય લાભોની વાત આવે છે ત્યારે બદામ ખરેખર પાવરહાઉસ છે. વિટામિન ઊની સામગ્રીને કારણે તેઓ માત્ર તંદુરસ્ત ત્વચા અને વાળને જાળવવા માટે મહાન નથી, પરંતુ તેઓ વજન વ્યવસ્થાપનમાં પણ મુખ્ય ભૂમિકા ભજવે છે. બદામમાં ઉચ્ચ ફાઈબર સામગ્રી તમને લાંબા સમય સુધી સંપૂર્ણ અનુભવવામાં મદદ કરે છે, આખરે એકંદર કેલરીની માત્રા ઘટાડે છે અને વજન ઘટાડવાના પ્રયત્નોને સમર્થન આપે છે.

આ ઉપરાંત, બદામ બ્લડ સુગરના સ્તરને નિયંત્રિત કરવા માટે ફાયદાકારક હોવાનું જાણવા મળ્યું છે. આ તેમને ડાયાબિટીસ ધરાવતી વ્યક્તિઓ તેમજ દિવસભર સ્થિર ઉર્જા સ્તર જાળવવા માંગતા કોઈપણ માટે ઉત્તમ પસંદગી બનાવે છે. તમારા આહારમાં બદામનો સમાવેશ કરવાથી તમારા એકંદર આરોગ્ય અને સુખાકારી પર સકારાત્મક અસર પડી શકે છે.

બદામના પોષક લાભો તેમને કોઈપણ આહારમાં બહુમુખી અને મૂલ્યવાન ઉમેરો બનાવે છે. ભલે તમે તમારી ત્વચા અને વાળને સુધારવા, તમારું વજન નિયંત્રિત કરવા અથવા તમારા બ્લડ સુગરના સ્તરને નિયંત્રિત કરવા માંગતા હો, બદામ એ તંદુરસ્ત જીવનશૈલીને પ્રોત્સાહન આપવા માટે એક સ્માર્ટ પસંદગી છે.

## (બારમાં પાનાનુ ચાલુ)

### બી.એ.પી.એસ

આધ્યાત્મિક પ્રગતિના સોપાન સર કરાવશે.

નિત્ય કથાશ્રવણથી સુખ-શાંતિ અને સમૃદ્ધિના રહસ્યોને આત્મસાત કરવા માટે સમગ્ર શ્રાવણમાસ દરમ્યાન યોજાનાર સંત પારાયણ દરમિયાન વિવિધ વિદ્વાન સંતોના મુખેથી પારાયણનો લાભ મળશે જેમાં હાલ સાળંગપુરથી પધારેલ વિદ્વાન સંત પૂજ્ય અધ્યાત્મચિંતન સ્વામી આધ્યાત્મિક માર્ગે 'આંતરિક સાધના' વિષયક પારાયણનો લાભ આપી રહ્યા છે જે ૧૨ ઓગસ્ટ સુધી ચાલશે. ત્યારબાદ ૧૩ થી ૧૯ ઓગસ્ટ દરમિયાન સારંગપુરના વિદ્વાન સંત પૂજ્ય અપૂર્વપુરુષ સ્વામી જીવનમાં આવતી વિષમ પરિસ્થિતિઓમાં શાંતિનો રાજમાર્ગ બતાવતા પરમ હિતકારી સંત 'સંત પરમ હિતકારી' વિષય પર પારાયણનો લાભ આપશે. ત્યારબાદ ૨૦ થી ૨૨ ઓગસ્ટ દરમિયાન વિદ્વાન સંત પૂજ્ય અક્ષરકીર્તિ સ્વામી 'ગુરુ મળ્યા ગુણવાળા' વિષય પર પારાયણનો લાભ આપશે. ત્યારબાદ ૨૩ થી ૨૫ ઓગસ્ટ દરમિયાન વિદ્વાન સંત પૂજ્ય વિશ્વેશતીર્થ સ્વામી પ.પૂ.મહંતસ્વામી મહારાજ રચિત 'સત્સંગ દીક્ષા' ગ્રંથ પર પારાયણનો લાભ આપશે. ત્યારબાદ ૨૬ થી ૨૮ ઓગસ્ટ દરમિયાન વિદ્વાન સંત પૂજ્ય અમૃતકીર્તન સ્વામી ભગવાન સ્વામિનારાયણે ૭ વર્ષ સુધી સમગ્ર ભારતમાં કરેલ કઠોર વન વિચરણ પર 'શ્રીહરિનું વન વિચરણ' વિષયક પારાયણનો લાભ આપશે. ત્યારબાદ ૨૯ થી ૩૧ ઓગસ્ટ દરમિયાન વિદ્વાન સંત પૂજ્ય શ્વેતદર્શન સ્વામી ભગવાન સ્વામિનારાયણ પ્રબોધિત અક્ષરપુરુષોત્તમ ઉપાસના વિષયક પારાયણનો લાભ આપશે. ત્યારબાદ ૧ સપ્ટેમ્બરે વિદ્વાન સંત પૂજ્ય ઉત્તમપુરુષ સ્વામી ભક્તની ભગવાન પ્રત્યેની શરણાગતિ અભિવ્યક્ત કરતા 'હોજી મોહે તો તુમ એક આધારા' વિષય પર પારાયણનો લાભ આપશે. શ્રાવણ માસના અંતિમ દિવસે ૨ સપ્ટેમ્બરે રાજકોટ મંદિરના કોઠારી સંત પૂજત બ્રહ્મતીર્થ સ્વામી પ્રગટ ભગવાનના ગુણોને અભિવ્યક્ત કરતા 'ગાવો ગાવો રે ગુણ પ્રગટ પ્રભુજીના' વિષય પર પારાયણનો લાભ આપશે.

## (છેલ્લા પાનાનું ચાલુ)

### અલ્પના મિત્રા...

મ્યુનીસિપલ કમિશ્નર દેવાંગ દેસાઈને એવી બાતમી મળી હતી કે, તાજેતરમાં સ્વૈચ્છીક રાજીનામું આપી નિવૃત થયેલા કોર્પોરેશનના પૂર્વ સ્પે.સિટી એન્જિનીયર અલ્પના મિત્રાના કાલાવાડ રોડ સ્થિત કોટેચા ચોક પાસે આવેલા નિવાસ સ્થાને કોર્પોરેશનની વોટર વર્કસ શાખા અને ડ્રેનેજ શાખાના કેટલાક કર્મચારીઓ અને અધિકારીઓ ફાઈલોનાં પોટલા લઈને સહી કરાવવા માટે ગયા છે.

મ્યુનીસિપલ કમિશનર દ્વારા વિજીલન્સ શાખાને આ અંગે તપાસ કરવા આદેશ આપવામાં આવ્યા હતા

બે મહિલા અધિકારી અને બે પોલીસ કોન્સ્ટેબલ તપાસ માટે અલ્પનાબેન મિત્રાના નિવાસ સ્થાને ગયા હતા તેઓનાં ઘેરથી વોટર વર્કસ શાખા અને ડ્રેનેજ શાખાની ફાઈલો, રજીસ્ટર અને મેજર મેન્ટ બૂક મળી આવી હતી. કોઈ પણ અધિકારી નિવૃત થયા બાદ એક પણ સરકારી ફાઈલ પોતાના ઘેર લઈ જઈ શકતો નથી જો ફાઈલમાં સહી

કરવાની બાકી હોય તો તે ઓફિસે આવી પોતાનું કામ કરી શકે છે.વિજીલન્સ શાખાના દરોડા દરમિયાન વોટર વર્કસ પ્રોજેકટના ડીઈઈ કપીલ જોશી, દિવ્યેશ ત્રિવેદી, વી.એચ. ઉંમટ, એ.એમ. ખખ્ખર, વોટર વર્કસ શાખાના એએઈ અશ્વિન કણઝારિયા,ડ્રેનેજ પ્રોજેકટના એઈ રાજેશ રાઠોડ, વોટર વર્કસ પ્રોજેકટના એએઈ હિરેન સિંહ જાડેજા, દેવરાજભાઈ મોરી અને વોટર વર્કસ શાખાના વર્ક આસિસ્ટન્ટ અંકિત તળાવીયા એમ કુલ ૯ કર્મચારી-અધિકારીઓ અલ્પના મિત્રાના ઘેર હોવાનું જાણવા મળી રહ્યું છે. વિજીલન્સ શાખા દ્વારા કોર્પોરેશનના પૂર્વ સ્પે. સિટી એન્જિનિયર અલ્પનાબેન મિત્રાના નિવાસ સ્થાનેથી તમામ સાહિત્ય કબ્જે કરી કચેરીએ લઈ આવવામાં આવ્યું હતુ. મોડીરાત સુધી પંચ રોજકામ કરવામાં આવ્યું હતુ. જેમાં અલ્પના મિત્રાને ત્યાંથી વિજીલન્સ શાખાના દરોડા દરમિયાન વોટર વર્કસ અને ડ્રેનેજ શાખાની ૩૭ ફાઈલો, ૫૨ રજીસ્ટર અને ૬ મેજરમેન્ટ બૂક મળી આવી હતી.

ઈન્ચાર્જ ચિફ વિજીલન્સ ઓફિસર ભરત કાથરોટિયાના જણાવ્યાનુસાર ચેકિંગ દરમિયાન અલ્પના મિત્રાને ત્યાંથી મળી આવેલા સાહિત્ય અને ત્યાં હાજર રહેલા કોર્પોરેશનના કર્મચારી અને અધિકારીઓનો રિપોર્ટ આજે ઉઘડતી કચેરી જ મ્યુનીસિપલ કમિશનર દેવાંગ દેસાઈ સમક્ષ રજૂ કરી દેવામાં આવશે. ત્યારબાદ તેઓની સુચના મુજબની કાર્યવાહી કરવામાં આવશે પોલીસ ફરિયાદ દાખલ કરવી પડે તેવું કોઈજ પ્રકારનું સાહિત્ય મળ્યું નથી.

## દુઃખદ અવસાન

**સદ્દગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના**

**રાજકોટઃ** મુળ લાઠી નિવાસી હાલ રાજકોટ શ્રીમાળી સામવેદી બ્રાહ્મણ સ્વ. ચંદ્રકાંતભાઈ રામજીભાઈ ઓઝા તેમજ સ્વ. હેમલતાબેનના દીકરી, શોભનાબેન(ઉ.વ.૬૦) તે સંજયભાઈ, અલકનંદા હિરેનકુમાર દેસાઈના માતાનું તા. ૫ ના રોજ અવસાન થયેલ છે. સદગતનું ઉઠમણું તા. ૮ ને ગુરુવારના રોજ તેમના નિવાસ સ્થાન ગોલ્ડન પોર્ટીકો, ડી.૧૦૩ માધાપર પોસ્ટ ઓફીસ સામે, માધાપર ચોકડી ખાતે સાંજે ૫ થી ૬ વાગ્યા દરમિયાન રાખેલ છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# ઘી, દૂધ, ન્યૂટ્રીશ્યુટીકલ ટેબ્લેટ અને સપ્લીમેન્ટ ટેબ્લેટના નમૂના ફેઈલઃ ૨૧ લાખનો દંડ

## દેવપુષ્પ મેડિકલ સ્ટોર, પેટસન ફાર્મા, વોલ્ગા કોર્પોરેશન અને નંદનવન ડેરી ફાર્મમાંથી લેવાયેલા નમુના પરિક્ષણમાં નાપાસ જાહેર

**અબતક, રાજકોટ**

કોર્પોરેશનની આરોગ્ય શાખા સંલગ્ન ફૂડ વિભાગ દ્વારા લેવામાં આવેલા ખાદ્ય પદાર્થના ચાર નમૂના ફેઈલ જાહેર થતા એઝ્યુડીકેટીંગ ઓફિસર અને નિવાસી અધિક કલેક્ટર સમક્ષ કેસ ચાલતા રૂ.૨૧.૦૫ લાખનો દંડ વસૂલ કરવામાં આવ્યો છે.

આ અંગે પ્રાપ્ત થતી વધુ વિગત મુજબ શહેરના રૈયા રોડ પર દેવપુષ્પ મેડિકલ સ્ટોરમાંથી એલકેમ એટુઝેડ એન એ સ પ લ સ ન્યૂટ્રીશ્યુટીકલ્સ ટેબ્લેટનો નમૂનો લેવામાં આવ્યો હતો. જેમાં પરિક્ષણ દરમિયાન ફૂડ એડીટીવ્સને લગત ડિકલેરેશનમાં વિગતો દર્શાવવામાં આવી ન હોય નમૂનો મિસ બ્રાન્ડેડ જાહેર થતા નમૂનો આપનાર એફબીઓ તથા પેઢીના પાર્ટનર પ્રજ્ઞેશભાઇ સુચક, પ્રવિણભાઇ ઉનડકટ, રિટેલર હોલસેલર પેઢી દેવપુષ્પ મેડિકલ સ્ટોર, ડિસ્ટ્રીબ્યુટર પેઢીના માલિક અનિમેશ દેસાઇ, હોલસેલર પેઢીના નોમિની નરેન્દ્ર પંચાલ, ઉત્પાદક પેઢીના નોમિની રવિન્દ્ર ચકીલમ તથા ઉત્પાદન અને હોલસેલર પેઢી અલકેમ લેબોરેટરી સહિત તમામને રૂ.૯.૪૦ લાખનો દંડ ફટકારવામાં આવ્યો હતો. આ ઉપરાંત ૧૬-પંચનાથ પ્લોટમાં અરિહંત એપાર્ટમેન્ટ પેટશન ફાર્મામાંથી પ્રો-એટુઝેડ ડાયટરી સપ્લીમેન્ટ ટેબ્લેટ નમૂનો લેવાયો હતો. જેમાં રિપોર્ટ દરમિયાન વિટામીન-સીની માત્ર લેબલ પર દર્શાવેલી વિગતો કરતા ઓછી જણાતા નમૂનો નાપાસ જાહેર કરાયો હતો. નમૂનો આપનાર એફબીઓ દિપકકુમાર પાંભર, પેઢીના માલિક નવનીતભાઇ પાંભર, સ્ટોકીસ્ટ પેઢીના માલિક જીગ્નેશકુમાર શાહ, નોમીની રાકેશ મંડન, પ્રો બાયોટેક સુપર સ્ટોકીસ્ટ પેઢી, ઉત્પાદન પેઢીના નોમીની ધર્મેશ સોની તથા ઉત્પાદન પેઢી મેક્સ ન્યૂટ્રાશીટીકલ સહિત તમામને ૬.૪૫ લાખનો દંડ ફટકારવામાં આવ્યો હતો.

આ ઉપરાંત દાણાપીઠ-પરાબજારમાં વોલ્ગા કોર્પોરેશનમાંથી નવનીત પ્યોર ઘીનો નમૂનો લઇ પરિક્ષણ અર્થે લેબોરેટરીમાં મોકલવામાં આવ્યો હતો. રિએનાલીસીસ રિપોર્ટમાં ફોરેન ફેટની હાજરી મળી આવતા નમૂનો સબ સ્ટાર્ડડ જાહેર થતા નમૂનો આપનાર પેઢીના ભાગીદાર અને નોમીની ભુવનેશ દિપક ચંદ્રાણી તથા ઉત્પાદક વોલ્ગા કોર્પોરેશનને રૂ.૫ લાખનો દંડ ફટકારવામાં આવ્યો હતો. કોઠારિયા રોડ પર રણુજા મંદિર પાસે ગોકુલપાર્કમાં દુકાન નં.૩ સ્થિત નંદનવન ડેરીમાંથી મિક્સ દૂધનો નમૂનો લેવામાં આવ્યો હતો. જેમાં પરિક્ષણ દરમિયાન ફોરેન ફેટની હાજરી મળી આવતા નમૂનો નાપાસ જાહેર થયો હતો. નમૂનો આપનાર પેઢીના સંચાલક ભરતભાઇ ભૂવા અને રિટેલર પેઢીના માલિક-પરવાનેદાર પ્રતિક વસાણીને રૂ.૨૦,૦૦૦નો દંડ ફટકારવામાં આવ્યો છે.

# ગુણાતીતનગર મેઈન રોડ જલારામ નમકીનમાં ૧૪૦ કિલો પેટીસનો નાશ





**યોગ્ય સ્ટોરેજ કરવા અને હાઈજેનીંક કન્ડીશન જાળવી રાખવા અપાઈ નોટિસઃ ફરાળી પેટીસનો નમૂનો લેવાયો**

**અબતક, રાજકોટ**

પવિત્ર શ્રાવણ માસનો આરંભ થઈ ચુકયો છે. ત્યારે તહેવારોમાં વ્રત કરતા શ્રધ્ધાળુઓ મોટાપાયે ફરાળની ચીજવસ્તુઓની ખરીદી કરતા હોય છે. કોર્પોરેશનની આરોગ્ય શાખા સંલગ્ન ફૂડ વિભાગની ટીમ દ્વારા ફરાળી લોટ અને ફરાળી વાનગીઓનું ઉત્પાદન તથા વેંચાણ કરતી ૧૮ પેઢીઓમાં તપાસ હાથ ધરવામાં આવી હતી.

જે અંતર્ગત ગુણાતીતનગર મેઈન રોડ પર તુલસી બાગની સામે આવેલા જલારામ નમકીન નામની પેઢીમાં તપાસ કરતા અહીં અનહાઈજેનીંક કન્ડીશનમાં ફરાળી પેટીસનું ઉત્પાદન થતું હોવાનું માલૂમ પડ્યું હતું. પેટીસનો જથ્થો બિનઆરોગ્યપ્રદ સ્થિતિમાં રાખવામાં આવ્યો હોવાનું જણાતા આશરે ૧૪૦ કિલો પેટીસનો સ્થળ પર નાશ કરવામાં આવ્યો હતો. પેઢીને યોગ્ય હાઈજેનીંક કન્ડીશન જાળવી રાખવા અને સ્ટોરેજ કરવા માટે નોટિસ આપવામાં આવી હતી અને ફરાળી પેટીસનો નમૂનો લઈ પરિક્ષણ અર્થે લેબોરેટરીમાં મોકલવામાં આવ્યો છે. વેપારીઓ વધુ નફો કમાવવાની લાલચમાં શ્રધ્ધાળુઓના ઉપવાસ પણ અભડાવતા અચકાતા ન હોય તેવું લાગી રહ્યું છે.

# મિત્રને મરવા મજબુર કરનાર શખ્સના જામીન મંજૂર

## ઉઘરાણીના મામલે ત્રાસ આપતા હોવાથી યુવાને ઝેર પી જીવન ટૂંકાવ્યું તુ

**અબતક,રાજકોટ**

નાણાની ઉઘરાણી મામલે માનસિક શારીરિક ત્રાસ આપી મિત્રને આપઘાત કરવા મજબુર કરવાના ગુનામાં પકડાયેલા જામીન અરજી ગુજરાત હાઈકોર્ટ દ્વારા મંજુર કરવામાં આવી છે.

આ અંગેની હકીકત મુજબ, સને ૨૦૨૧માં મિહિર કિશોરભાઈ શુકલ તથા નિલેષ વેલજીભાઈ પીઠડીયાને પૈસાની લેતીદેતીનો વ્યવહાર હોય અને બન્ને જણા મિત્ર હોય અને નિલેશ પીઠડીયા મિહિર શુકલ પાસે અવાર નવાર પૈસાની ઉઘરાણી કરી ફોન કરતા હોય, અને સતત માનસિક ત્રાસ આપતો હોવા બાબતે મિહિર શુકલે તા. ૩૦/ ૦૧/ ૨૦૨૪ના રોજ ભકિતનગર વિસ્તારમાં નટેશ્વર મહાદેવ મંદિરની સામે આવેલ વોંકળા પાસે ઝેરી દવા પીને આપઘાત કરી લીધો હોવાની ફરિયાદ, મલહાર કિશોરભાઈ શુકલે ભકિતનગર પોલીસમાં નોંધાવી હતી. જેમાં અગાઉ મરણ જનાર મિહીરભાઈએ નિલેશ શુકલને મિહિરભાઈએ તા. ૩૦/ ૦૧/ ૨૦૨૪ના મોબાઈલ મેસેજ લખેલ હતો કે 'હું નિલેષભાઈના માનસિક અને શારીરીક ત્રાસને હિસાબે તથા બીજા બધા રૂપિયા માંગે છે તેના હિસાબે મરી જાવ છું, તેમાં બીજુ કોઈ જવાબદાર નથી ખાલી નિલેષભાઈ ઓકે''. આ હકીકત જણાવાતા પોલીસે નિલેષ પીઠડીયા વિરૂધ્ધ ઈ.પી.કો. કલમ ૩૦૬ મુજબ ગુનો નોંધી તેની ધરપકડ કરી કસ્ટડીમાં મોકલી દેવામાં આવ્યો હતો. ત્યારબાદ આરોપી નિલે વેલજીભાઈ પીઠડીયાએ તેમના એડવોકેટ વૈભવ બી. કુંડલીયા મારફત ગુજરાત હાઈકોર્ટમાં રેગ્યુલર જામીન અરજી કરી હતી. જેથી વડી અદાલતોના ચુકાદાઓને ધ્યાનમાં લઈને હાઈકોર્ટે આરોપીને રૂા. ૧૦ હજારના રેગ્યુલર જામીન પર મુકત કરવાનો હુકમ કરેલ હતો. આ કામમાં આરોપી વતી એડવોકેટ વૈભવ કુંડલીયા, ગૌરાંગ ગોકાણી, હિરેન નિયાલચંદાણી, શિવરાજસિંહ જાડેજા રોકાયા હતા.

### ખાદ્યતેલની આયાતનું ભારણ ઘટાડવા

# તેલીબીયાના વાવેતરને પ્રોત્સાહન આપવા ટેકાના ભાવના બદલે ભાવાંતર યોજના લાગુ કરવા સમીર શાહની રજૂઆત

## ગુજરાત રાજય તેલીબીયા એસો. પ્રમુખે કૃષિમંત્રીને પત્ર પાઠવી તેલીબીયા નીતિ સુધારવા કરી માંગ



**અબતક,રાજકોટ**

ભારતના અર્થતંત્રને આત્મનિર્ભર બનાવવા આયાતનું ભારણ ઘટાડવુ જરૂરી છે ત્યારે ખાધતેલની આયાત ઓછી કરવી અનિવાર્ય છે. ગુજરાત રાજય ખાધતેલ તેલીબીયા એશો.ના પ્રમુખ સમીરભાઈ શાહે કેન્દ્રીય કૃષિમંત્રી શિવરાજસિંહ ચૌહાણને પત્ર પાઠવી તેલીબીયાના વાવેતરને પ્રોત્સાહન આપવા ટેકાના ભાવે તેલીબીયા ખરીદવાની યોજનાના બદલે ભાવાંતર યોજના લાગુ કરવા માંગ કરી છે. સમીરભાઈ શાહે કૃષિમંત્રીને પાઠવેલ વિસ્તૃત પત્રમાં જણાવેલ છે કે, આપણો દેશ ખાધતેલ ક્ષેત્રે ઘણો પાછળ છે. પ્રતિ વર્ષ જરૂરીયાત ૫૪% ખાધતેલ આયાત કરીએ છીએ જુલાઈ ૨૦૨૪માસમાં સૌથી વધુ ૧૮.૪૭ લાખ મેટન ખાધતેલની આયાત કરેલ છે. આ રીતે જો આયાત થતી રહેશે તો ૨૦૦ લાખ ટન જેટલુ ખાધતેલ આયાત થઈ જશે.

આ મોસમમાં મગફળી અને સોયાબીન જેવા તેલીબીયાનું બહુ સારૂ વાવેતર થયું છે. તે ઉપરાંત મસ્ટર્ડ રાયડો સોયાબીન સીડનો માતબર વધ્યો છે તેવા સંજોગોમાં સરકાર નકકર પગલા ભરે તો આ આયાતમાં કાપ મૂકી શકાય તેમ છે.

કેન્દ્ર સરકારે વિવિધ તેલીબીયાના પાકો પર ટેકાના ભાવમાં સારો એવો વધારો કર્યો છે જે ખેડુતો માટે ખુબ જરૂરી છે.

પરંતુ ખેડુતો પાસેથી ટેકાના ભાવે તેલીબીયાની ખરીદી કરવા કરતા ભાવાંતર યોજના સમગ્ર દેશમાં લાગુ કરવામાં આવે તો તે વધુ ફાયદાકારક રહેશે. કૃષિમંત્રી જયારે મધ્યપ્રદેશના મુખ્યમંત્રી હતા ત્યારે રાજય પૂરતી આ યોજના મૂકી હતી જેનો બહુ સારો પ્રતિસાદ મળ્યો હતો.

વિવિધ સરકારી એજન્સીઓ જો તેલીબીયાની ટેકાના ભાવે ખરીદી કરે તો તેઓ બહુ બહુ ૨૫% જેટલો માલ ખરીદી શકે બાકીનો ૭૫% માલ તો ખુલ્લી બજારમાં નીચા ભાવે જ કદાચ વેચાય તદઉપરાંત સરકારી એજન્સીઓ પાંચ, છ માસ બાદ જયારે ખૂલ્લી બજારમાં વેચવા કાઢે ત્યારે તેમની વેચવાલી તેમજ ખેડુતોની વહેચવાલી સાથે આવતા ભાવો વધુ નીચે જાય.

તેના કરતા જો ભાવાંતર યોજના અમલમાં આવે તો ખેડુતોને લગભગ પુરા ઉત્પાદન પર ટેકાનો લાભમળે તેલીબીયાનું ઉત્પાદન કરતા યુનિટોને નીચા ભાવે માલ મળતા હોવાથી ઉત્પન્ન થતુ ખાધતેલ સસ્તા આયાત તેલોની સાથે હરિફાઈ સરળતાથી કરી શકે.

# બોગસ તબીબનો નિર્દોષ છૂટકારો

## એસ.ઓ.જી. દરોડા પાડી વર્ષ ૨૦૧૬માં મનહરપુર ગામેથી ઝડપી લીધો તો

**અબતક,રાજકોટ**

શહેરના જામનગર રોડ નજીક મનહરપુર ગામે ડીગ્રી વગર લોકોના આરોગ્ય સાથે ચેડા કરવાના ગુનાનો કેસ ચાલી જતા અદાલત હિરેન મદાણી ને છોડી મૂકવાનો હુકમ કર્યો છે. વધુ વિગત મુજબ રાજકોટ શહેરમાં તબીબી ડિગ્રી વગર લોકોના આરોગ્ય સાથે ચેડા કરતા શખ્સને ઝડપી લેવા પોલીસ કમિશનરે આપેલી સૂચનાને પગલે એસઓજી દ્વારા તા. ૨/ ૫ /૧૬ ના રોજ પેટ્રોલિંગ દરમિયાન શહેરના જામનગર રોડ નજીક મનહરપુર ગામે હિરેન હસમુખ મદાણી નામનો શખ્સ શ્રદ્ધા કિલનિક નામે ડિગ્રી વગર લોકોના આરોગ્ય સાથે ચેડા કરતા હોવાની મળેલી બાતમીના આધારે પીએસઆઈ કે.કે.ઝાલા સહિતના સ્ટાફે દરોડો પાડી હિરેન મદાણી ની ધરપકડ કરી ગાંધીગ્રામ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. તપાસ પૂર્ણ થતા અદાલતમાં ચાર્જસીટ રજુ કરવામાં આવી હતી. બાદ કેસની સુનાવણી ચાલવા પર આવતા જેમાં બંને પક્ષોની રજૂઆત બાદ બચાવ પક્ષની રજુઆતો રેકર્ડપરનો પુરાવો લક્ષે લેતા બંને ડોકટરોની જુબાનીમા વિરોધાભાષ છે. જે બચાવપક્ષની દલીલો ને સમર્થન સાંપડે છે. રજુ કરાવેલ દસ્તાવેજી પુરાવાના આધારે પણ આરોપી બનાવવાળી જગ્યાએ શ્રધ્ધા કિલનીક ચલાવતા હોવાનો વિશ્વાસપાત્ર પુરાવો ફરીયાદપક્ષ રેકર્ડપર લાવી શકેલ નથી પોલીસ સાહેદો અને એક ડોકટર ની જુબાની તથા અન્ય ડોક્ટર, સાહેદો ની જુબાની ફરીયાદ પક્ષના કેસથી વિરોધાભાષી હોય જે ફરીયાદપક્ષ ના કેસમા શંકા ઉત્પન્ન કરે છે. જે તમામ પુરાવો શંકા ઉત્પન્ન કરે છે અને શંકાઉત્પન્ન થાય ત્યારે તેનો લાભ હંમેશા આરોપીના લાભમા રહે આરોપી સામેનુ તહોમત પુરાવા અધીનીયમ ની જોગવાય મુજબ ફરીયાદપક્ષ સાબીત કરી શકેલ ન હોય તેમ માની આરોપીને છોડી મુકતો હુકમ ફરમાવવામા આવેલો છે.ઉપરોકત કામમા આરોપી હીરેન મદાણી વતી રાજકોટના એડવોકેટ સુરેશ ફળદુ, ભુવનેશ શાહી, કૃણાલ શાહી, રીપલ ગેવરીયા, પાર્થ સંઘાણી, મંથન વીરડીયા, જય પીઠવા, તથા મદદમા યુવરાજ વેકરીયા, નીરવ દોંગા, પ્રીન્સ રામાણી, આર્યન કોરાટ, ભાવીન ખુંટ, જસ્મીન દુધાગરા, અભય સભાયા રોકાયેલ હતા.

# ચેક રિટર્ન કેસમાં શેર બજારના ધંધાર્થીને છ માસની સજા

## હાથ ઉછીના અઢી લાખ ચુકવવા આપેલો ચેક પરત ફર્યો 'તો

**અબતક,રાજકોટ**

ઉછીના લીધેલા રૂપિયા અઢી લાખ પરત કરવા આપેલો ચેક રિટર્ન થવાના છ વર્ષ પહેલાના કેસમાં અદાલતે મુંબઈના શેર બજારના ધંધાર્થી મનીષ શાંતીલાલ અજમેરાને એક વર્ષની સજા અને ચેક મુજબની રકમ વળતર પેટે ચુકવવા અને ન ચુકવે તો વધુ ૬-માસની સજાનો હુકમ કર્યો છે.

રાજકોટમાં શિવ ફાયર પ્રાઈવેટ લી.માં માકેટીંગ મેનેજર તરીકે નોકરી કરતા કેતન છગનભાઈ વેગડ અને મુંબઈ મુકામે શેર બજારનું કામકાજ કરતા મનીષ શાંતિલાલ અજમેરા વચ્ચે મિત્રતા હોય, દરમિયાન મનીષ અજમેરાએ શેર બજારમાં મોટી નુકશાની હોવાથી રૂપિયા અઢી લાખ કેતન વેગડ પાસેથી ટૂંક સમયમાં પરત કરવાની ખાતરી આપી લીધા હતા. ત્યારબાદ મનીષ અજમેરાએ સદરહું રકમની ચુકવણી કરવા આપેલો ચેક કેતન વેગડે પોતાની બેંકમાં રજુ કરતા તે ચેક ''ફન્ડ ઈન્સફીસન્ટ'' ના શેરા સાથે તા.૨૧/ ૧૧/ ૧૮ના રોજ પરત ફરેલ હતો. જે અંગે લીગલ નોટિસ આપ્યા છતાં મનીષ અજમેરાએ ચેકની રકમ નહીં ચૂકવતા કેતન વેગડ છે ચીફ કોર્ટમાં ફરીયાદ દાખલ કરેલ. જે ફરીયાદ ચાલી જતા આ કામે ફરીયાદી દ્વારા આરોપીને અવેજ ચુકવી આપેલની હકીકત ફરીયાદ પક્ષે પુરવાર કરેલ છે. જે ચુકવવા આરોપીએ સદરહું વાદગ્રસ્ત ચેક આપેલ છે.

આરોપીએ ગંભીર ગુનો કરેલ છે. તેમ ઠરાવી મનીષ શાંતિલાલ અજમેરા (રહેવાસી મુંબઈ)ને એક વર્ષની સજા અને ચેક મુજબની રકમ વળતર પેટે ફરીયાદીને ચુકવવા અને ન ચુકવે તો વધુ ૬-માસની સજાનો હુકમ ફરમાવેલ છે. આ કામમાં ફરિયાદી કેતનભાઈ છગનભાઈ વેગડ, તરફે રાજકોટના ધારાશાસ્ત્રી રીતેષ એસ.કોટેચા તથા જય કોટેચા રોકાયા હતા.

# સૌરાષ્ટ્રનું હીર ગોવામાં ઝળકયું



**અબતક, રાજકોટ**

ગોવામાં તા. ૨૭-૭ થી ૨૯-૭ દરમ્યાન સ્ટેટ રેન્કીંગ બેડમિન્ટન ટુર્નામેન્ટનું આયોજન થયેલ જેમાં રાજકોટના રૂતવ કાનાબાર યુ-૧૭ ડબલ્સમાં ચેમ્પીયન તેમજ યુ-૧૭ સિગલ્સમાં ત્રીજા નંબરે આવી રાજકોટનું ગૌરવ વધારેલ છે.

# નાગરીપુર ડિવીઝનમા નોન-ઈન્ટરલોકીંગના કારણે

## રાજકોટ ડિવીઝનમાંથી પસાર થતી ચાર ટ્રેનો રદ

**અબતક, રાજકોટ**

દક્ષિણ પૂર્વ મધ્ય રેલવે ના નાગપુર ડિવિઝન માં રાજનાંદગાંવ-કલમના સેકશન વચ્ચે નોન-ઈન્ટરલોકીંગ કાર્ય ના લીધે, રાજકોટ ડિવિઝન માં થી પસાર થતી કેટલીક ટ્રેનો રદ રહેશે.

૧૦ અને ૧૭ ઓગસ્ટના રોજ ઓખા થી ઉપડનારી ઓખા-બિલાસપુર સાપ્તાહિક એક્સપ્રેસ., ૧૨ અને ૧૯ ઓગસ્ટના રોજ બિલાસપુર થી ઉપડનારી બિલાસપુર-ઓખા એક્સપ્રેસ., ૧૮ ઓગસ્ટના રોજ ઓખા થી ઉપડનારી ઓખા-શાલીમાર સાપ્તાહિક એક્સપ્રેસ. ૨૦ ઓગસ્ટના રોજ શાલીમાર થી ઉપડનારી શાલીમાર-ઓખા સાપ્તાહિક એક્સપ્રેસ રદ રહેશે.

# ભુસ્ખલનથી બરબાદ વાયનાડના લોકોના વ્હારે આવ્યું રિલાયન્સ ફાઉન્ડેશન

## રિલાયન્સ ફાઉન્ડેશનની ડિઝાસ્ટર મેનેજમેન્ટ ટીમ સરકાર સાથે સંકલન સાધીને રાહત શિબિરોમાં લોકોને આવશ્યક ચીજવસ્તુઓ પહોચાડવા કામે લાગી



**અબતક, રાજકોટ**

વાયનાડમાં ભૂસ્ખલને વિનાશના કાળજું કંપાવી દેનારાદશ્યો સર્જ્યા છે. આવી આફતના સમયે, રાષ્ટ્ર પ્રત્યેની ગહન પ્રતિબદ્ધતાના ભાગરૂપે રિલાયન્સ ફાઉન્ડેશને, વાયનાડના લોકોને તાકીદની, મધ્યમ-ગાળાની અને લાંબા-ગાળાની મદદ પૂરી પાડવા અનેકવિધ પ્રયાસોની શરૂ કરી છે.

વાયનાડ જિલ્લામાં આ હોનારત બાદકેમ્પમાં રહેતાંઅસરગ્રસ્તોને રિલાયન્સ ફાઉન્ડેશનની ટીમો દૂધ અને ફળો સહિતની જીવન જરૂરી ચીજવસ્તુઓ સાથે તાત્કાલિક રાહત પૂરી પાડી રહી છે. આ સાથે આપદા નિવારવા માટે આગોતરી માહિતી માટે આગોતરી વ્યવસ્થાની પહેલ પણ હાથ ધરાઈ છે.

કેરળની હોનારત અંગે શોક પ્રગટ કરતા રિલાયન્સ ફાઉન્ડેશનના સ્થાપક અને ચેરપર્સન નીતા અંબાણીએ કહ્યું કે, અમે વાયનાડમાં ભૂસ્ખલનથી થયેલા ભારે નુકસાન તેમજ લોકોની વેદનાથી વ્યથિત છીએ. આ અત્યંત દુઃખની પળોમાં અમારું હૃદય એવી દરેક અસરગ્રસ્ત વ્યક્તિ અને પરિવારની સાથે છે. ઘટનાસ્થળે અમારી રિલાયન્સ ફાઉન્ડેશનની ટીમો જિલ્લાના લોકો માટે તાત્કાલિક રાહત, પુનઃવસન અને લાંબાગાળાની જરૂરિયાતોને પૂરી કરવા ખડેપગે કામ કરી રહી છે. આ મુશ્કેલ સમયમાં અમે કેરળના લોકોની પડખે છીએ.

રિલાયન્સ ફાઉન્ડેશને વાયનાડ માટે હાથ ધરેલી વિવિધ કામગીરીમાં

આહાર અને પોષણ- જેમાં ફળો અને દૂધ, સૂકું રાશન, રસોડાનાં વાસણો અને પરિવારોને રસોડું ફરી શરૂ કરવામાં મદદ કરવા માટે સ્ટવ જેવી જરૂરી ચીજો ઉપરાંત રેડી ટુ ઈટ પૌષ્ટિક આહાર પૂરો પાડવો.,

વોટર, સેનિટેશન અને હાઈજીન - જેમાં ટોયલેટ્રીઝની જોગવાઈ, સ્વચ્છતાની જરૂરિયાતો અને સ્વાસ્થ્ય માટેની મૂળભૂત દૈનિક જરૂરિયાતો સામેલ કરવામાં આવી છે, આશ્રયસ્થાનો અને જીવન જરૂરિયાતની વસ્તુઓ - જેમાં અસરગ્રસ્તો માટે હંગામી આશ્રયસ્થાનો, પથારી, સૌલાર ફાનસ અને મશાલ, કપડાં તથા સફાઈ સામગ્રી સહિતની જીવન જરૂરી વસ્તુઓ લોકોને પૂરી પાડવી.

ટકાઉ આજીવિકાની પુનઃપ્રાપ્તિ- બિયારણ, ઘાસચારો, કૃષિસાધનો અને આવકના સ્ત્રોતમાં વિવિધતા લાવવા અને વાયનાડની ઈકોસિસ્ટમને અનુરૂપ કૃષિ પર ધ્યાન આપવા માટે વ્યાવસાયિક તાલીમ.

શૈક્ષણિક મદદ- અસરગ્રસ્ત બાળકો માટે શિક્ષણનું સાતત્ય સુનિશ્ચિત કરવા પુસ્તકો અને રમત ગમતની સામગ્રી સહિતની શિક્ષણ સહાય.

૬. વિશ્વસનીય કનેક્ટિવિટી - રિલાયન્સ જિયોએ ડેડિકેટેડ ટાવર્સ ઈન્સ્ટોલ કરીને જિયો ભારત ફોન પૂરા પાડ્યા છે.અસરગ્રસ્તો, બચાવ અને રાહત કાર્યકરો તેમજ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ટીમના સભ્યોના કામને સુવ્યવસ્થિત કરવા અને તેમજ પુનર્વસન માટે સંદેશાવ્યવહાર વધાર્યો છે.

૭. સાયકો-સોશિયલ સપોર્ટ અને કમ્યુનિટી હીલિંગ- જેમાં આઘાત પામેલી વ્યકિતઓને નિષ્ણાતો દ્વારા કાઉન્સેલિંગ કરી સાજા થવામાં મદદ પૂરી પાડવી. બાળકો અને યુવાનોને ખાસ મદદ માટે વિશેષ પ્રયાસો.

રિલાયન્સ ફાઉન્ડેશને રાહતકાર્ય માટે પહેલાથી જ ઝડપથી કર્મચારીઓને મેદાનમાં તૈનાત કરી દીધા છે અને રાજ્ય સરકાર સાથે ચર્ચા કરી રહી છે. દરેક પગલાંને રાજ્ય અને ડિઝાસ્ટર રિસ્પોન્સ એજન્સીઓ સાથે સંકલન સાધીને અમલમાં મુકાઈ રહ્યા છે જેથી પડકારજનક સમયમાં લોકો સુધી રાહતકાર્ય અસરકારક રીતે વેળાસર પહોંચે તે સુનિશ્ચિત કરી શકાય.

રિલાયન્સ ફાઉન્ડેશન ભવિષ્ય માટે એક વ્યવહારૂ અને સમૃદ્ધ સમુદાયને સક્ષમ કરવા લાંબાગાળે વાયનાડના લોકોને મદદ પૂરી પાડવા માટે પ્રતિબદ્ધ બની છે.

# રાજ્યના ૨૭ તાલુકામાં ૧૦૦ ટકાથી વધુ વરસાદ: લીલા દુષ્કાળની ભીતિ

## મેઘરાજાના ક્યાંક અનરાધાર તો ક્યાંય કોરા ધ્રાકોડ: સુરેન્દ્રનગર, પાટણ, અરવલ્લી, અમદાવાદ, છોટા ઉદેપુર, પંચમહાલ, મહીસાગર અને દાહોદ જિલ્લામાં હજુ ૫૦ ટકાથી ઓછો વરસાદ નોંધાયો

**અબતક, રાજકોટ**

સૌરાષ્ટ્રમાં મેઘરાજાના બે રૂપ જોવા મળી રહ્યા છે. દેવભૂમિ દ્વારકા, પોરબંદર અને જૂનાગઢ તેમજ દક્ષિણ ગુજરાતના પણ ઘણા ખરા તાલુકામાં સિઝનનો સામાન્ય કરતા વધુ વરસાદ નોંધાઈ ગયો છે જેને લઈ લીલા દુષ્કાળની ભીતિ ઝળુંબી રહી છે તો બીજી તરફ હજી સુરેન્દ્રનગર જિલ્લામાં સંતોષકારક વરસાદ વરસ્યો નથી જો મેઘરાજા ખમૈયા નહી કરે તો દરિયાકાંઠા વિસ્તારના ત્રણેય જિલ્લામાં પારાવાર નુકશાનીની દહેશત વર્તાય રહી છે. દેવભૂમિ દ્વારકામાંતો રેકોર્ડબ્રેક વરસાદ વરસી જવાના કારણે હવે જમીનમાંથી પાણીની સરવાણી ફૂટવા લાગી છે. વાવણી નિષ્ફળ ગઈ છે.જગતાતને ભારે નુકશાની થવા પામી છે. રાજ્યના કુલ ૨૭ તાલુકા એવા છે જેમાં ૧૦૦ ટકાથી વધુ વરસાદ વરસી જવા પામ્યો છે. આ ૨૭ તાલુકામાં રાજકોટના ધોરાજીમાં ૧૧૦.૭ ટકા, જામનગરના જામજોધપુરમાં ૧૦૧.૯૫ ટકા, દ્વારકામાં સૌથી વધુ ૨૫૦.૯૮ ટકા, કલ્યાણપુરમાં ૧૪૬.૬૦ ટકા, ખભાળિયામાં ૧૩૧.૯૨ ટકા, પોરબંદરમાં ૧૫૫.૯૮ ટકા, રાણાવાવમાં ૧૨૧.૨૭ ટકા, જૂનાગઢમાં ૧૨૦.૩૬ ટકા, કેશોદમાં ૧૪૫.૦૭ ટકા લ, માળીયા હાટીનામાં ૧૦૯.૧૮ ટકા લ, માણાવદરમાં ૧૬૨.૦૭ ટકા, મેંદરડામાં ૧૨૮.૬૩ ટકા, વંથલીમાં ૧૪૩.૫૧ ટકા, વિસાવદરમાં ૧૨૭.૭૧ ટકા, વેરાવળમાં ૧૦૫.૧૪ ટકા, ભરૂચના અંકલેશ્વરમાં ૧૦૧.૦૩ ટકા, હાંસોટમાં ૧૦૧.૫૮ ટકા, નેત્રંગમાં ૧૧૯.૪૨ ટકા, સુરતના બારડોલીમાં ૧૦૦.૨૦ ટકા, કામરેજમાં ૧૦૧ ટકા, પલસાણામાં ૧૨૦.૮૧ ટકા, નવસારીના ખેરગામમાં ૧૧૩.૧૯ ટકા, નવસારીમાં ૧૦૫.૮૦ ટકા, કચ્છ ઝોનની વાત કરવામાં આવે તો કચ્છના માંડવીમાં ૧૨૪.૪૭ ટકા, મુન્દ્રામાં ૧૩૮.૫૬ ટકા અને નખત્રાણામાં ૧૦૬ ટકા વરસાદ વરસી જવા પામ્યો છે. મેઘરાજાએ એક તરફ દરિયાકાંઠા વિસ્તારના ત્રણ જિલ્લાને ધમરોળી નાખ્યા છે. તો બીજી તરફ સુરેન્દ્રનગર જિલ્લામાં હજી સંતોષકારક વરસાદ પડયો નથી સુરેન્દ્રનગર જિલ્લામાં માત્ર ૩૩.૬૬ ટકા જ વરસાદ પડયો છે.

### રાજ્યમાં સિઝનનો ૬૮.૧૯ ટકા વરસાદ વરસી ગયો

| ઝોન | વરસાદ |
|---|---|
| કચ્છ | ૮૬.૬૮ ટકા |
| ઉત્તર ગુજરાત | ૫૦.૯૮ ટકા |
| મધ્ય ગુજરાત | ૪૮.૯૭ ટકા |
| સૌરાષ્ટ્ર | ૭૮.૦૯ ટકા |
| દક્ષિણ ગુજરાત | ૮૨.૮૪ ટકા |
| કુલ | ૬૮.૧૯ ટકા |

### લ્યો કરો વાત... જંગલ ખાતાનો જંગલીયાત જેવો 'ફતવો

# ૯૦% અગરીયાઓને મીઠું પકવાથી વંચિત રખાશે તો 'મીઠાંની તાણ' ઉભી થશે

## હજારો અગરિયા કામદારોમાંથી માત્ર ૪૯૭ કામદારોને જ હક આપવાના નિર્ણયનો અગરિયા હિત રક્ષક સમિતિ એ નોંધાવ્યો વિરોધ

**અબતક રાજકોટ**

''સબરસ' જે મીઠાના સત્યાગ્રહથી મહાત્મા ગાંધીએ દુનિયા પર રાજ કરનાર બ્રિટિશ સલ્તનત ના પાયામાં લૂણો લગાડી દીધો હતો.. આજ એજ મીઠા માટે જીવતર ખારું કરનાર મીઠા પકવનાર અગરિયાઓને હક અધિકાર માટે લડત ચલાવવાનો સમય આવ્યો છે અગરિયા હિત હિત રક્ષક સમિતિએ અગરમાં મીઠું પકવવાનું કામ કરનાર અગરિયાઓને અધિકાર આપવામાં તંત કંજૂસાઈ કરતું હોવાના મુદ્દે વિરોધ ઉઠાવ્યો છે

કચ્છના નાના રણ અને ખાસ કરીને ઘુડખર અભ્યારણ વિસ્તારમાં'અગરિયાઓ' તરીકે ઓળખાતા મીઠા કામદારોના હક અધિકારો સમર્થન આપતી અગરિયા હિત્રરક્ષક સમિતિએ જણાવ્યું હતું કે રાજ્યના વન અને પર્યાવરણ વિભાગે માત્ર ૪૯૭ અગરિયાઓને વપરાશકર્તા અધિકારો આપ્યા છે.

આ સંખ્યા કચ્છના નાનકડા રણમાં કામ કરતા કુલ અગરિયાઓની સંખ્યા માં માત્ર ૧૦% કરતા પણ ઓછી છે, નાના રણમાં મીઠું પકવતા અગરિયાઓના ને અધિકારો નહીં આપવામાં આવે તો હજારો અગરિયાઓના ભાવિ પર તેની અસર થશે

અગરિયા હિત્રરક્ષક સમિતિ ના કન્વીનર હરિનેશ પંડ્યાએ જણાવ્યું હતું કે, ''અમે સરકારને રજૂઆત કરી છે કે મીઠું પકવવાની કામગીરીથી ઘુડખર ના અભ્યારણમાં કોઈ પ્રકારની ખલેલ થતી નથી મીઠું પકાવનાર અગરિયાઓ મીઠાની સિઝન દરમિયાન માટે જ નાના રણમાં રહે છે બાકી અગર ની માલિકી વન વિભાગ પાસે જ રહે છે

કચ્છના નાના રણમાં હજારો અગરિયા વિષમ પરિસ્થિતિમાં મીઠું પકવે છે આગરીયાઓની સંખ્યા હજારોમાં થાય છે તંત્ર એ તાજેતરમાં પરિપત્ર બહાર પાડીને ઘુડખર અભ્યારણ અને પર્યાવરણના મુદ્દે અગરિયાઓને કામ કરવાની માન્યતા અંગે નિર્ણય કરીને માત્ર ૪૯૭ અગરિયાઓને નાના રણમાં મીઠું પકવવા માટેના અધિકારો આપવાની જાહેરાત કરી છેઆ સંખ્યા કુલ અગરિયાઓની સંખ્યા માંથી માત્ર ૧૦% જ ગણવામાં આવે છે અગરિયા હિત રક્ષક સમિતિએ તમામ અગરિયાઓને મીઠું પકવવાના હક આપવાની માંગણી કરી છે જો વના તંત્ર તમામ અગરીયાઓને મીઠું પકવવાની છૂટ નહીં આપે તો આગામી દિવસોમાં આંદોલનની ચીમકી ઉચ્ચારવામાં આવી છે



# અનામતની ટકાવારીના ફેરફાર 'દલિત પોલિટિક્સ'માં ઉથલપાથલ લઈ આવશે

## અનુસૂચિત જાતિ અને જનજાતિમાં અનામત મુદ્દે પેટા વર્ગીકરણ કરવાનો મુદ્દો રાજકીય પક્ષો માટે અત્યંત પડકારજનક બાબત બને તો નવાઈ નહિ

અબતક, રાજકોટ


તાજેતરમાં સુપ્રીમ કોર્ટે અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિમાં ક્વોટાને મંજૂરી આપી છે. કોર્ટનું કહેવું છે કે ક્વોટા અસમાનતાની વિરુદ્ધ નથી. સુપ્રીમ કોર્ટના સાત ન્યાયાધીશોની બેન્ચે કહ્યું છે કે રાજ્ય સરકાર અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ વચ્ચે પેટા શ્રેણીઓ બનાવી શકે છે, જેથી મૂળ અને જરૂરિયાતમંદ વર્ગોને અનામતનો વધુ લાભ મળે. હવે જ્યારે સુપ્રીમ કોર્ટે અનામતની શ્રેણીને બે જૂથોમાં વહેંચી નાખવાનો આદેશ આપ્યો છે ત્યારે આ બાબતની સીધી અસર દલિત પોલિટિક્સ પર પડનારી છે. સુપ્રીમ કોર્ટનો ચુકાદો મુખ્યત્વે બે અસર સર્જશે. જેમાં એકતરફ સીમાંત સમુદાયોના પ્રતિનિધિત્વને ફરીથી આકાર આપી શકે છે. બીજી બાજુ ચુકાદો નવી રાજકીય ગતિવિધિઓને વેગ આપશે.

સુપ્રીમ કોર્ટે તેના ચુકાદામા કહ્યું કે, ક્વોટાની અંદર ક્વોટા વ્યાજબી તફાવત પર આધારિત હશે. રાજ્યો આ અંગે તેમની ઈચ્છા મુજબ કાર્યવાહી કરી શકતા નથી. આ સાથે રાજ્યોની ગતિવિધિઓ ન્યાયિક સમીક્ષાને આધીન રહેશે. આ સાથે કોર્ટે ૨૦૦૪માં ઈવી ચિન્નૈયા કેસમાં આપેલા સુપ્રીમ કોર્ટના પાંચ જજોના નિર્ણયને પણ રદ કરી દીધો છે. વર્તમાન બેન્ચે ૨૦૦૪ માં આપેલા નિર્ણયની વિરુદ્ધમાં ચુકાદો આપ્યો છે, જેમાં સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે એસસી/એસટી જનજાતિઓમાં પેટા-શ્રેણીઓ બનાવી શકાય નહીં.

વાસ્તવમાં, ૧૯૭૫ માં, પંજાબ સરકારે અનુસૂચિત જાતિઓ માટે અનામત નીતિને બે શ્રેણીઓમાં વહેંચીને અનામતની નીતિ રજૂ કરી હતી. એક બાલ્મિકી અને મઝહબી શીખો માટે અને બીજી બાકીની અનુસૂચિત જાતિ વર્ગ માટે સબ-કેટેગરી બનાવવામાં આવી હતી. આ નિયમ ૩૦ વર્ષ સુધી અમલમાં રહ્યો. તે પછી, ૨૦૦૬ માં, આ મામલો પંજાબ અને હરિયાણા હાઈકોર્ટમાં પહોંચ્યો અને ઈવી ચિન્નૈયા વિરુદ્ધ આંધ્ર પ્રદેશ રાજ્યના કેસમાં સુપ્રીમ કોર્ટના ૨૦૦૪ના નિર્ણયને ટાંકવામાં આવ્યો. પંજાબ સરકારને ઝટકો લાગ્યો અને આ પોલિસી રદ કરવામાં આવી. ચિન્નૈયાના નિર્ણયમાં કહેવામાં આવ્યું હતું કે એસસી કેટેગરીમાં પેટા કેટેગરીઝને મંજૂરી નથી. કારણ કે તે સમાનતાના અધિકારનું ઉલ્લંઘન છે. પરંતુ આજે આ ચુકાદાને પલટાવી દેવામાં આવ્યો છે.

અનામત અંગેનો સુપ્રીમ કોર્ટનો તાજેતરનો ચુકાદો રાજ્યોને વધુ અસરકારક પુનઃવિતરણ માટે અનુસૂચિત જાતિ અને જનજાતિને પેટા-વર્ગીકરણ કરવાની મંજૂરી આપી છે. રાજ્યોને તેમના સમાજમાં સૌથી સીમાંત સમુદાયોની ન્યાયપૂર્ણ અને પ્રયોગમૂલક ઓળખ કરવા અને પછી તેમના માટે ક્વોટાની અંદર ક્વોટાની જોગવાઈ કરવા સૂચના આપી છે.

આ ચુકાદો સમાજ અને રાજકારણને બે રીતે પ્રભાવિત કરી શકે છે. પ્રથમ સામાજિક ન્યાય માટે ઉપલબ્ધ સંસાધનોમાં વિવિધતા




અને પુનઃવિતરણ કરી શકે છે. આ સામાજિક ગતિશીલતા અને સીમાંત સમુદાયોના પ્રતિનિધિત્વને ફરીથી આકાર આપી શકે છે. બીજી બાજુ તે નવી રાજકીય ગતિવિધિઓ પણ પેદા કરી શકે છે.

સામાજિક ન્યાય જાહેર સંસાધનોના ન્યાયી અને સમાન વિતરણ તેમજ વંચિત વર્ગોને તકની રાજ્ય દ્વારા શરૂ કરાયેલ જોગવાઈ વિશે છે. જો કે તે હંમેશા રાજકારણમાં નવી ગતિવિધિ પેદા કરે છે. લોકશાહી માત્ર નૈતિક માળખા વિશે જ નથી, તે દક્ષિણ એશિયાના સમાજોમાં, ખાસ કરીને ભારતમાં વ્યવહારિક ચૂંટણીની રાજનીતિની બાબત છે. તાજેતરમાં જ બાંગ્લાદેશમાં અનામતના મુદ્દે ભારે રાજકીય હિંસા અને ઉથલપાથલ જોઈ છે અને તેથી, રાજ્ય દ્વારા પૂરી પાડવામાં આવેલ કોઈપણ પ્રકારની અનામત તકો શાસનની આસપાસ તીવ્ર ચર્ચાને ઉત્તેજીત કરે છે અને રાજકીય ગતિશીલતાની સુવિધા આપે છે.

અનુસૂચિત જાતિ આરક્ષણમાં પેટા-વર્ગીકરણની માંગ અને તેની આસપાસનું રાજકારણ, ઘણા રાજ્યોમાં ઉભરી રહ્યું છે. રસપ્રદ વાત એ છે કે, મોટાભાગના કિસ્સાઓમાં આનું નેતૃત્વ બીજા ક્રમના સૌથી મોટા દલિત સમુદાયો અને કેટલાક અન્ય લોકો દ્વારા કરવામાં આવે છે. તેમની ફરિયાદ છે કે નોકરીઓ અને અન્ય વિકાસલક્ષી તકોમાં તેમનો વાજબી હિસ્સો નકારવામાં આવી રહ્યો છે, કારણ કે મોટાભાગના સૌથી મોટા અને સૌથી સક્ષમ અનુસૂચિત જાતિ સમુદાયો દ્વારા ઘેરાયેલા છે. આંધ્ર પ્રદેશ અને તેલંગાણામાં આ ચળવળનું નેતૃત્વ માલાસ વિરુદ્ધ માદિગાઓ દ્વારા કરવામાં આવે છે. પંજાબમાં ચમારની સૌથી મોટી દલિત જાતિના વર્ચસ્વનો વિરોધ કરી રહેલા બાલ્મિકીઓ દ્વારા તેનું નેતૃત્વ કરવામાં આવે છે. બિહારમાં ઘણી નાની દલિત જાતિઓએ પાસવાન અને ચમાર જેવી સક્ષમ અને રાજકીય રીતે પ્રભાવશાળી જાતિઓ સાથે અનામત બેઠકો માટે સ્પર્ધા કરવી પડતી હોવાને કારણે તેમનો હક નકારવા અંગે અવાજ ઉઠાવ્યો હતો. આ બીજા અથવા ત્રીજા સૌથી મોટા અનુસૂચિત જાતિ સમુદાયો તુલનાત્મક વંચિતતાનો વિરોધ કરીને અન્ય નાની અનુસૂચિત જાતિઓને એકત્ર કરી છે અને તેમની માંગણીઓ તરફ રાજકીય ધ્યાન દોર્યું છે. કેટલાક કિસ્સાઓમાં પ્રાદેશિક અને રાષ્ટ્રીય પક્ષોએ આવા સીમાંત સમુદાયો માટે ક્વોટાની અંદર ક્વોટા માટે દલીલ કરી છે. તેથી આ માંગનો પોતાનો સામાજિક અને રાજકીય આધાર છે જે ચૂંટણીના રાજકારણમાં ભાગ લઈ શકે છે.

બિહારમાં નીતિશ કુમાર અને તેમના જેડી (યુ) બિન-પ્રભાવી અનુસૂચિત જાતિઓની વધતી જતી રાજકીય સંભાવનાનું મૂલ્યાંકન કરવા માટે મહાદલિતોની નવી શ્રેણી સાથે આવ્યા હતા. તમિલનાડુમાં ડીએમકેએ અરુંધતીયાર સમુદાય માટે આરક્ષણ માટે કામ કર્યું હતું. આંધ્ર અને તેલંગાણામાં મદિગા સમુદાયે પેટા-વર્ગીકરણ માટે લગભગ તમામ મુખ્ય રાજકીય પક્ષોને પ્રભાવિત કર્યા હતા. ૨૦૨૩ની તેલંગાણા ચૂંટણી દરમિયાન પીએમ નરેન્દ્ર મોદીએ આ દાવાને સમર્થન આપ્યું હતું અને તાજેતરમાં સુપ્રીમ કોર્ટના ચુકાદાને તેલંગાણા અને કર્ણાટકના મુખ્ય પ્રધાનો, સિદ્ધારમૈયા અને રેવંત રેડ્ડીએ તરત જ આવકાર્યો હતો. મોટાભાગના પક્ષો આ મુદ્દાની અસરોને સમજે છે અને વિવિધ સમુદાયો સાથે પોતપોતાની રીતે વાટાઘાટો શરૂ કરી છે.

અહીં એક મહત્વનો પ્રશ્ન ઉદ્ભવે છે કે, આ પક્ષો સૌથી મોટી અને સૌથી પ્રભાવશાળી અનુસૂચિત જાતિઓ સાથે કેવી રીતે જોડાશે, જેમને અત્યાર સુધી અનામતના મુખ્ય લાભાર્થીઓ તરીકે નિશાન બનાવવામાં આવી રહ્યા છે. બિહારમાં પાસવાન, ઉત્તર પ્રદેશમાં જાટવ અને પાસીઓ, તેલંગાણામાં માલાસ, મહારાષ્ટ્રમાં મહાર અને પંજાબમાં ચમાર જેવા સમુદાયો સાથે રાષ્ટ્રીય અને પ્રાદેશિક પક્ષો કેવી રીતે વ્યવહાર કરશે? જ્યારે આ જાતિઓએ વિવિધ રાજકીય પક્ષો સાથે વફાદારી સ્થાપિત કરી છે, ત્યારે આ બદલાયેલ સંદર્ભમાં તેઓ ઉત્તર ભારતમાં બહુજન સમાજ પાર્ટી જેવા તેમના પોતાના રાજકીય પક્ષ સાથે સંકલિતપણે એકીકૃત થઈ શકે છે.

### સત્સંગી ભાવિકોને કિર્તન સેવા માટે

# ભાગવત કૃષ્ણ ભજન પુસ્તિકા ભાવિકોને વિનામૂલ્યે આપવાનો સેવાયજ્ઞ

## ભગવત નિધિ સંસ્થા દ્વારા પુસ્તીકા તૈયાર કરી વિતરણ કાર્ય શરૂ

**અબતક,રાજકોટ**

ભાગવત નિધિ સંસ્થાન તરફથી સત્સંગી ભાઈ-બહેનો સારી રીતે પોતાના ઘર બેઠા એકલા કે સમૂહમાં સત્સંગ, ધૂન, ભજન, કિર્તનનો લાભ લઈ શકે તે માટે

વૈષ્ણવ કથાકાર અને ભાગવત નિધિ સંસ્થાનના અધ્યક્ષ વૈષ્ણવ કથાકાર રતિભાઈ પુરોહિત ભાગવતાચાર્ય શાસ્ત્રી સંપાદિત ''ભાગવત કૃષ્ણ ભજન'' પુસ્તિકા તૈયાર કરવામાં આવી છે.

આ પુસ્તિકામાં ગણપતિ વંદના, ભાગવત પ્રાર્થના, ગોવિંદ દામોદર સ્તોત્ર, ગીતાપાઠ, ચતુઃશ્લોકી ભાગવત પાઠ, કૃષ્ણાષ્ટક, મધુરાષ્ટક, ભાગવત પાઠ, ભાગવત ચાલિસા, ભાગવતરૂપી



આંબો, મા બાપને ભૂલશો નહિં, અંજલિ પ્રાર્થના, ધોળ, કિર્તન, ધૂન, ભજન, થાળ, આરતિ વગેરે ચુમાલીસ પાનામાં જુદા જુદા જરૂરી અને ઉપયોગી આડત્રીસ પાઠો આપવામાં આવ્યા છે.


આ પુસ્તિકા વિનામૂલ્યે રૂબરૂ કે ટપાલથી પોતાના ઘર બેઠા મેળવવા માટે પૂરા નામ-સરનામા સાથે ચાર રૂપિયાની ટપાલ ટિકીટ સાથેની કવર

વિષ્ણવ કથાકાર ગુરૂજી રતિભાઈ પુરોહિત-ભાગવતાચાર્ય શાસ્ત્રીજી 'ભાગવત', એ/૮૪, આલાપ ગ્રીન સીટી, રૈયા રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૭,

# 'આપ'ના યુવા સંઘર્ષ સમિતિના જીલ્લા સંગઠનના હોદ્દેદારોની નિમણુંક

**અબતક, રાજકોટ**

આમ આદમી પાર્ટી ગુજરાત પ્રદેશ દ્વારા પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવી, રાષ્ટ્રીય નેતા ગોપાલભાઈ ઈટાલિયા, સંગઠન મહામંત્રી મનોજભાઈ સોરઠીયાના નેતૃત્વમાં શરૂ કરેલ ''મિશન વિસ્તાર'' અંતર્ગત વિદ્યાર્થી પાંખ છાત્ર



યુવા સંઘર્ષ સમિતિ - સીવાયએસએસ રાજકોટ શહેર-જીલ્લાનું માળખું સીવાયએસએસ સૌરાષ્ટ્ર ઈન્ચાર્જ સુરજ બગડા, પ્રદેશ મંત્રી કેયુર દેસાઈ, રાજકોટ પ્રમુખ પ્રણવ ગઢવી તેમજ કારોબારી દ્વારા જાહેર કરવામાં આવ્યું. જેમાં સંગઠન મહામંત્રી -કલાપી વારા, અમન અંસારી, મહામંત્રી- આર્યન સાવલીયા, ફરાઝ મોગલ, ઉપપ્રમુખ- વિજય સાગઠીયા, દેવાંશુ નસિત, હર્ષ મારુ, સુભમ જોષી, પારસ દેસાઈ, મોહિત ઝીંઝુવાડિયા, સંગઠન મંત્રી- જયદીપ વિરાણી, વિવેક ચાવડા, હર્ષ ભાનુશાલી, શાહનવાઝ મંધરા, મંત્રી- ગજરાજસિંહ ચૌહાણ, હાર્દિક સોહેલિયા, સ્વેતરાજસિંહ રાજપૂત, આયુષ ઝાલા, દીપ રાણપરીયા, આર્યન પઠાણ, સુજલ સોઢા, યશ વડોલીયા, નઈમ બાલાપ્રિયા, યશ રઘુવંશી, ધારક પાણકણીયા, ધ્યેય પટેલ, સોશિયલ મીડિયા હેડ-કાર્તિક જાદવ તરીકે નિમણૂંક કરવામા આવી છે.

# ૨૦ વર્ષ પહેલા મૃત જાહેર થયેલ ગુનેગારને સાધુના વેશમાં ઝડપી લેતી સીબીઆઈ

**અબતક, રાજકોટ**

ફિલ્મોમાં વારંવાર ડાયલોગ સંભળાય છે કે કાનૂન કે હાથ બહુ જ લંબે હોતે હૈ ની ઉક્તિને સાર્થક કરતા એક કેસમાં હૈદરાબાદની બેંક સાથે છેતરપિંડી કરનાર ને ૨૦ વર્ષ પહેલાં મૂર્તિ જાહેર કરી દેવાયો હતો તેને સીબીઆઈએ સાધુના વેશમાં ઝડપી લે કાનુનની તાકાતનો ભરશો ઉભો કર્યો છે.

આ અંગેની પ્રાપ્ત મુજબ હૈદરાબાદ માં રૂપિયા ૫૦ લાખ ની છેતરપિંડી કરીને ગાયબ થઈ ગયેલા એસબીઆઇના ચંદુલાલ વરદારી શાખાના કોમ્પ્યુટર ઓપરેટર વીચલપતી રાવ સામે હતો એક ૧/૫ ૨૦૦૨ ના રોજ આ બનાવની તપાસ સીબીઆઇને સોંપવામાં આવી હતી આ બનાવમાં ખોટી મુલાક આપીને લોન લઈ બેક સાથે છેતરપિંડી કરવાનું ગાયો હતો સીબીઆઈએ ડિસેમ્બર ૨૦૦૪માં બે ચાર સીટ ફાઈલ કરી હતી ત્યાર પછી મુખ્ય આરોપી વિચલનપતિ રાવ ગાયબ થઈ ગયો હતો

છેતરપિંડીના કેસમાં સહ આરોપી પત્ની ૧૦ જુલાઈ, ૨૦૦૪ના રોજ કમાટીપુરા પોલીસ સ્ટેશનના અધિકારીઓ સામે એફઆઈઆર નોંધાવી હતી, જેમાં જણાવ્યું હતું કે તેનો પતિ ગુમ છે. ૨૦૧૧ માં, તેણીએ અહીંની સિવિલ કોર્ટમાં તેના પતિને મૃત જાહેર કરવા અરજી કરી કારણ કે તે સાત વર્ષથી ગુમ હતો.કોર્ટે તેને મૃત જાહેર કરતો હુકમ કર્યો હતો.

સીબીઆઈ દ્વારા એકત્ર કરાયેલી માહિતી અનુસાર, રાવ તમિલનાડુના સાલેમ ભાગી ગયો હતો અને તેણે ૨૦૦૭માં પોતાનું



નામ બદલીને એમ વિનીત કુમાર રાખ્યા બાદ બીજી સ્ત્રી સાથે લગ્ન કર્યા હતા. તેણે તે નામનો આધાર નંબર પણ મેળવ્યો હતો. તેમની બીજી પત્ની દ્વારા સીબીઆઈ અધિકારીઓને જાણવા મળ્યું કે રાવ પહેલા લગ્નથી જ તેમના પુત્રના સંપર્કમાં હતા. ૨૦૧૪ માં, તેણે કોઈને જાણ કર્યા વિના સાલેમ છોડી દીધો અને ભોપાલ ગયો, જ્યાં તેણે લોન રિકવરી એજન્ટ તરીકે કામ કર્યું. તે પછી તે ઉત્તરાખંડના રુદ્રપુર ગયો, જ્યાં તેણે એક શાળામાં કામ કર્યું. જ્યારે સીબીઆઈની એક ટીમ રૂદ્રપુર પહોંચી ત્યારે જાણવા મળ્યું કે રાવ ૨૦૧૬માં ત્યાંથી ભાગી ગયો હતો. ''એમ વિનીત કુમારના નામના ઈમેલ આઈડી અને આધાર વિગતોની મદદથી, સીબીઆઈએ ગૂગલના કાયદા અમલીકરણ વિભાગનો સંપર્ક કર્યો. આ વિગતોથી જાણવા મળ્યું કે રાવ ત્યાંથી ભાગી ગયો હતો. ઔરંગાબાદના વેરુલ ગામમાં એક આશ્રમમાં, . તેણે પોતાનું નામ બદલીને સ્વામી વિધાતાત્માનંદ તીર્થ રાખ્યું હતું અને બીજું આધાર કાર્ડ મેળવ્યું હતું. પરંતુ ડિસેમ્બર ૨૦૨૧માં તેણે આશ્રમના સંચાલકો સાથે રૂ. ૭૦ લાખની છેતરપિંડી કરીને કથિત રીતે આશ્રમ છોડી દીધો હતો.ત્યારબાદ, રાવ રાજસ્થાનમાં ભરતપુર ગયા અને ૮ જુલાઈ, ૨૦૨૪ સુધી ત્યાં રહયો. તે ભરતપુર છોડીને તેના એક શિષ્ય સાથે રહેવા તિરુનેલવેલી પહોંચ્યો. સીબીઆઈને વિશ્વસનીય માહિતી મળી હતી કે આરોપી સમુદ્ર માર્ગે શ્રીલંકા ભાગી જવાની યોજના બનાવી રહ્યો છે. આખરે અધિકારીઓએ તેને શોધી કાઢ્યો અને રવિવારે તિરુનેલવેલીના નરસિંગાનાલ્લુર ગામમાંથી તેની ધરપકડ કરી હતી આમ સીબીઆઇ ૨૦ વર્ષ બાદ પણ મૂર્તિ જાહેર થયેલા આરોપીને પકડીને કાયદાના હાથ લાંબા હોવાની ઉક્તિ સાર્થક કરી હતી

# રાજકોટના યુવા સંશોધક અધ્યપાકનું સંશોધન પત્ર અમેરિકાની વિખ્યાત જર્નલ દ્વારા પ્રકાશિત

**અબતક, રાજકોટ**

યુવા સંશોધકો અને અધ્યાપકો પોતાના સંશોધનને માન્યતા માટે પશ્ચિમની યુનિવર્સિટીઓ સામે મીટ માંડીને બેઠેલા જોવા મળે છે ત્યારે રાજકોટના ગૌરવ કિસ્સામાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના અંગ્રેજી વિભાગના સંશોધની અને સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, બાબરા, ખાતે કાર્યરત એવા પ્રા. પાર્થ ડી. જોષીના અંગ્રેજી સાહિત્ય પરના સંશોધન પત્રને અમેરિકાની સાઉથ ફ્લોરિડાની જર્નલ દ્વારા સામેથી નિમંત્રણ મળ્યું હતુ.

અંગ્રેજી કવિ ટી. એસ. એલિયટની વિશ્વવિખ્યાત આધુનિક કવિતા ઝવય ઠ્ઠતયિં ક્કક્ષમ ની એક



સદીની ઉજવણીના ભાગરૂપે તુર્કી અને કિર્ગીઝસ્તાન દ્વારા યોજાયેલ અંગ્રેજી સાહિત્ય પરની એક આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સ ખાતે પાર્થભાઈ જોષીએ પોતાનું સંશોધનપત્ર રજૂ કરેલ, જે આ કવિતા પર ભારતીય દર્શન. યોગસૂત્ર અને મિથકોનો પ્રભાવ સાબિત કરી આપતું હતું. તેમનું સંશોધન પ્રશંસા પામ્યું અને તેને પ્રકાશિત- કરવા માટે સાઉથ ફ્લોરિડા (અમેરિકા) ની જર્નલ દ્વારા સામેથી નિમંત્રણ મળ્યું હાલમાં જ સાઉથ ફ્લોરીડા જનરલ ફોર ડેવલોપમેન્ટ મીયામી અમેરિકા દ્વારા પ્રકાશિત કરાયું છે. જે રાજકોટ અને ગુજરાત આ ગૌરવપ્રદ અપાયું હતુ. પ્રથમ પ્રયાસે ગઊઝ, ૠજઊઝ, ૠડ્ડજઈ જેવી પરીક્ષાઓ ઉત્તીર્ણ કરનાર પ્રા. પાર્થ જોષીના અત્યાર સુધીમાં ૪ પુસ્તકો અને ૧૨ થી વધારે સંશોધન પત્રો પ્રકાશિત થઈ ચૂક્યા છે.

# ઓલિમ્પિકઃ હોકી સેમિ ફાઇનલમાં રાતે ભારત-જર્મની વચ્ચે ટક્કર

## ભારતે ટોક્યો ઓલિમ્પિક ૨૦૨૧ની પેનલ્ટી શૂટ આઉટમાં જર્મનીને હરાવી બ્રોન્ઝ મેડલ જીત્યો હતોઃ ૧૯૮૦ ઓલિમ્પિક બાદ પ્રથમ વખત ફાઇનલમાં પહોંચવાનો પ્રયાસ કરશે અને મેડલ સુનિશ્ચિત કરશે

**અબતક, નવી દિલ્લી**

પેરિસ ઓલિમ્પિકમાં ભારત માટે સોમવારનો દિવસ કંઈ ખાસ નહોતો. ભારત સતત બે મેડલ જીતી શક્યું નહીં. શૂટિંગમાં સ્કીટ મિક્સ્ડ ટીમ ઈવેન્ટમાં મહેશ્વરી અને અનંત નારુકાની જોડી બ્રોન્ઝ મેડલની મેચમાં ચીન સામે એક પોઈન્ટથી હારી ગઈ હતી. દરમિયાન, બેડમિન્ટનમાં લક્ષ્ય સેન મલેશિયાના લી જી જિયા સામે હારીને બ્રોન્ઝ મેડલ જીતવાથી ચૂકી ગયો હતો. લક્ષ્યે પહેલી ગેમ જીતી હતી અને પછીની બે ગેમ હારી ગયો હતો. હવે ૧૧માં દિવસે ભારતના નીરજ ચોપરા પોતાના અભિયાનની શરૂઆત કરશે. તે ભાલા ફેંકમાં ક્વોલિફિકેશન મેચમાં ભાગ લેશે. નીરજ ટોક્યો ઓલિમ્પિકનો ગોલ્ડ મેડલ વિજેતા છે. તેની પાસેથી ઘણી અપેક્ષાઓ છે. આ ઉપરાંત ભારતીય પુરૂષ હોકી ટીમ પણ સેમિફાઇનલ મેચમાં રમવા ઉતરશે. તેનો સામનો ત્રણ વખતના ઓલિમ્પિક ચેમ્પિયન જર્મની સાથે થશે. ભારતીય ટીમ ૧૯૮૦ ઓલિમ્પિક બાદ પ્રથમ વખત ફાઇનલમાં પહોંચવાનો પ્રયાસ કરશે અને મેડલ સુનિશ્ચિત કરશે. ભારતીય પુરૂષ હોકી ટીમે ૧૦ ખેલાડીઓ સાથે મેચ રમીને ક્વાર્ટર ફાઇનલમાં જીત મેળવી હતી. મેચ પેનલ્ટી શૂટઆઉટમાં ગઈ અને ભારતે બ્રિટનને ૪-૨થી હરાવ્યું. ગત ટોક્યો ઓલિમ્પિકમાં ભારતીય પુરુષ હોકી ટીમે બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. જો તેઓ સેમિફાઇનલમાં હારી જશે તો ભારતે બ્રોન્ઝ મેડલ માટે રમવું પડશે.




### બેડમિન્ટનઃ લક્ષ્ય સેનના હાથમાંથી બ્રોન્ઝ મેડલ સરકી ગયો

ઓલિમ્પિક્સ ૨૦૨૪માં ભારતના મેડલ માટેની પ્રબળ આશા જેની પાસેથી હતી તે બેડમિન્ટન સ્ટાર લક્ષ્ય સેને પણ સોમવારે નિરાશ કર્યા હતા અને તેના હાથમાંથી બ્રોન્ઝ મેડલ સરી ગયો હતો. આમ પેરિસ ગેમ્સની વધુ એક ઈવેન્ટમાં ભારતને ચોથા સ્થાને રહેવું પડ્યું હતું. મલેશિયાના વિશ્વમાં સાતમા ક્રમના લી ઝી જીયા અને લક્ષ્ય સેન વચ્ચે સોમવારે રમાયેલી મેન્સ સિંગલ્સની બેડમિન્ટન ઈવેન્ટની બ્રોન્ઝ મેડલ મેચમાં સેનનો ૧૩-૨૧, ૨૧-૧૬, ૨૧-૧૧થી પરાજય થયો હતો. આમ મલેશિયાએ બ્રોન્ઝ મેડલ જીતી લીધો હતો. લક્ષ્ય સેનની નિષ્ફળતાનો અર્થ એ થયો કે ઓલિમ્પિક્સમાં ૧૨ વર્ષ બાદ ભારત પહેલી વાર બેડમિન્ટનમાં મેડલ વિના પરત ફરશે. અગાઉ વિમેન્સ સિંગલ્સમાં મેડલ માટેની ફેવરિટ અને ભારતની સ્ટાર ખેલાડી પી વી સિંધૂ પણ આગેકૂચ કરી શકી ન હતી અને નિરાશાજનક પ્રદર્શન સાથે ટુર્નામેન્ટમાંથી વહેલી આઉટ થઈ ગઈ હતી.જોકે આ વખતે સિંધૂ જેવા સિનિયર્સ કરતાં યુવાનો અને પહેલી વાર ગેમ્સમાં ભાગ લઈ રહેલા ખેલાડીઓએ સંતોષકારક પ્રદર્શન કરીને પોતાની પ્રતિભા દર્શાવી હતી. ૨૦૨૧માં વર્લ્ડ ચેમ્પિયનશિપનો બ્રોન્ઝ મેડલ વિજેતા તથા ૨૦૨૨ની કોમનવેલ્થ ગેમ્સમાં ગોલ્ડ મેડલ જીતનારો લક્ષ્ય સેન આ વખતે ઓલિમ્પિક્સની ક્વાર્ટર ફાઇનલમાં પહોંચનારો પ્રથમ ભારતીય ખેલાડી બન્યો હતો.



### સમાપન સમારંભમાં મનુ ભાકર ભારતની ધ્વજ વાહક રહેશે

પેરિસ ઓલિમ્પિક્સમાં ભારતને બે મેડલ અપાવનારી સ્ટાર શૂટર મનુ ભાકર ઈતિહાસ સર્જ્યા બાદ હવે પેરિસ ગેમ્સના સમાપન સમારંભમાં ભારતની ધ્વજવાહક રહેશે. પૂર્ણાહૂતિ સમારંભ પેરિસમાં રવિવારે યોજાનારો છે. વર્તમાન ઓલિમ્પિક્સમાં મનુ ભાકરે જ શૂટિંગ ઈવેન્ટમાં બ્રોન્ઝ જીતીને ભારતના મેડલનું ખાતું ખોલાવ્યું હતું. હકીકતમાં ભારતના ત્રણ પૈકીના પ્રથમ બે મેડલ જીત્યા હતા. તેણે પિસ્તોલ ઈવેન્ટમાં સફળતા હાંસલ કર્યા બાદ તેણે ૧૦ મીટર સરબજોત સિંઘ સાથે મળીને ૧૦ મીટર એર પિસ્તોલની મિક્સ ટીમ ઈવેન્ટમાં પણ બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. ઇન્ડિયન ઓલિમ્પિક એસોસિયેશનના અધિકારીએ આ વાતને સમર્થન આપતાં જણાવ્યું હતું કે ભારતના ધ્વજવાહક તરીકે મનુ ભાકરની પસંદગી કરવામાં આવી છે. તેણે અસામાન્ય પ્રદર્શન કર્યું છે અને આ સન્માનની તે હકદાર છે.હરિયાણાની ૨૨ વર્ષીય શૂટરે અગાઉ જણાવ્યું હતું કે ભારતના ધ્વજવાહક બનવું તે મારા માટે સન્માનજનક બાબત ગણાશે. ભારતીય દળમાં મારા કરતાં વધારે ખેલાડીઓ છે જે આ સન્માન માટે મારા કરતાં વધુ હકદાર છે અને તેથી જ ધ્વજવાહક બનવું મારા માટે સન્માનજનક બાબત બની ગઈ છે. મનુ ભાકરે પેરિસમાં બે મેડલ જીત્યા છે અને એક જ ઓલિમ્પિક્સમાં બે મેડલ જીતનારી તે ભારતની સૌપ્રથમ રમતવીર બની છે. દરમિયાન ઈન્ડિયન ઓલિમ્પિક એસોસિયેશને હજી સુધી ધ્વજવાહક તરીકે કોઈ પુરુષ ખેલાડીની જાહેરાત કરી નથી પરંતુ આગામી દિવસોમાં તે અંગે જાહેરાત થાય તેવી સંભાવના છે. મનુ ભાકરના બે મેડલ ઉપરાંત સ્વપનીલ કુસાલેએ ભારતને આ વખતે ત્રીજો મેડલ અપાવ્યો હતો. તેણે મેન્સ ૫૦ મીટર રાઈફલ થ્રી પોઝિશનમાં ત્રીજા સ્થાન સાથે બ્રોન્ઝ મેડલ જીત્યો હતો.



### આજે આ રમતોમાં ભારતીય ખેલાડી મેદાને ઉતરશે

ટેબલ ટેનિસ મેન્સ ટીમ (પ્રી-ક્વાર્ટર ફાઈનલ)ઃ ભારત (હરમીત દેસાઈ, શરથ કમલ અને માનવ ઠક્કર) વિરુદ્ધ ચીનઃ બપોરે ૧.૩૦ વાગ્યે

એથ્લેટિક્સ મેન્સ જેવલિન થ્રો (ક્વોલિફિકેશન)ઃ કિશોર જેનાઃ બપોરે ૧.૪૫ વાગ્યાથી

મેન્સ જેવલિન થ્રો (ક્વોલિફિકેશન)ઃ નીરજ ચોપરાઃ બપોરે ૩.૨૦ વાગ્યાથી

મહિલા ૪૦૦ મીટર (રિપેચેજ)ઃ કિરણ પહલઃ બપોરે ૨.૫૦ વાગ્યાથી.

કુસ્તી ફ્રી સ્ટાઈલ ૫૦ કિગ્રા વજન વર્ગ (પ્રિ-ક્વાર્ટર ફાઈનલ)ઃ વિનેશ ફોગાટઃ બપોરે ૩ વાગ્યાથી (અપેક્ષિત)

હોકીઃ પુરુષોની સેમિફાઇનલઃ ભારત વિરુદ્ધ જર્મનીઃ રાત્રે ૧૦.૩૦ વાગ્યાથી.

---

કેબિનેટ મંત્રી ભાનુબેન બાબરીયા સુવિધા ખેંચી લાવ્યા

# કોટડાસાંગાણીના ગ્રામ્ય વિસ્તારોમાં વિવિધ બ્રિજના કામોને મુખ્યમંત્રીની મંજૂરી

## રૂ.૧૮.૯૦ કરોડના ખર્ચે મેજર-માઈનર બ્રિજ બનાવાશે

**અબતક, રાજકોટ**

રાજકોટ જિલ્લાના રાજકોટ તેમજ કોટડાસાંગાણી તાલુકા વિસ્તાર હેઠળના જુદા-જુદા ગામોને જોડતા મેજર અને માઈનર બ્રીજ બનાવવા માટે મુખ્યમંત્રીએ મંજૂરી આપી હતી. જેના પરિણામે રાજકોટ શહેરને જોડતા રાજકોટ અને કોટડાસાંગાણી તાલુકાઓના ગ્રામ્ય વિસ્તારમાં ચોમાસાના ભારે વરસાદના પરિણામે પડતી અગવડતા તેમજ ટ્રાફિક સમસ્યા આગામી સમયમાં હળવી બની જશે.

રાજકોટ અને કોટડાસાંગાણી તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં આવતા રોડ-રસ્તાઓ પરના બ્રીજની હાલત ઘણા સમયથી ખરાબ હતી તેમજ સ્થાનિકે વાહનોની અવર-જવર પણ વધુ પ્રમાણમાં રહેતી હતી. તેથી સ્થાનિક પ્રજાજનોને આ બાબતે ઘણી બધી હાલાકી ભોગવવી પડતી હતી.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સર્વગ્રાહી વિકાસની નેમ સાથે લોક પ્રજાજનોની સુખાકારી અને સુવિધાઓમાં વધારો કરતા શહેરો અને ગામડાઓના વિકાસ અને સમસ્યાઓને નિવારવા તાત્કાલિક વિકાસના કામો હાથ પર લઈને રાજકોટ તાલુકાના ત્રંબા-વડાળી રોડ પરનો મેજરબ્રીજના બાંધકામ માટે રૂ.૬.૦૦ કરોડ તેમજ કોટડા સાંગાણી તાલુકાના (૧) શાપર વેરાવળ પડવલા રોડ પરના ૨-બ્રીજના બાંધકામ માટે રૂ.૨.૪૦ કરોડ, (૨) એસ.એચ. ટુ રામોદ મોટા માંડવા રોડ પરના ૩-માઈનોર બ્રીજના બાંધકામ માટે રૂ.૬.૫૦ કરોડ (૩) ભાડવા દેવાળીયા પાંચતલાવડા જુના (અનુ. આઠમા પાને)



# આર.એસ.એસ.ના કાર્યકર્તાઓએ લીધી વડાપ્રધાનની શુભેચ્છા મુલાકાત



**અબતક,રાજકોટ**

ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી સાથે સૌરાષ્ટ્રના ભાજપના પીઢ આગેવાન જીતુભાઈ શાહ, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ પ્રાંત પ્રચાર આયામના સૌરાષ્ટ્ર પ્રાંતના સોશિયલ મીડિયા પ્રમુખ કૌશિકભાઈ ગોરધનભાઈ ટાંક, નેહલ જીતુભાઈ શાહ, અને ભારતીય જનતા પક્ષના પૂર્વ મીડિયા સીલના તેજસભાઈ ગોરસીયા તાજેતરમાં દિલ્હી ખાતે શુભેચ્છા મુલાકાત થયેલ હતી અને સૌરાષ્ટ્રના જુના સ્મરણો અને અને કાર્યકર્તાઓને યાદ કર્યા હતા.


---

# જીબીઆ જલ મંદિરનું પૂર્વ ગૃહમંત્રી ગોરધન ઝડફિયા હસ્તે લોકાર્પણ

## ૫૧ લાખ રૂપિયાના ખર્ચે બનાવામાં આવ્યું છે જીબીઆ જલમંદિર

**અબતક રાજકોટ**

રાજકોટમાં કાલાવડ રોડ પર કટારીયા ચોકડી નજીક જીબીઆ જલમંદિરનું લોકાર્પણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.ગીર ગંગા પરિવાર ટ્રસ્ટની લોક ભાગદારીથી બી એમ શાહ સેક્રેટરી જનરલ જીઈબી એન્જનીયર્સ એશોશીએસન નિવૃત્તિ વિદાયમાન સ્મૃતિ ભેટ સ્વરૂપે જીબીઆ જળ મંદિરનું નિર્માણ કરવામાં આવ્યું છે.પૂર્વ ગૃહમંત્રી ગોરધન ઝડફિયા વરદહસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું.GEBના અધિકારી અને કર્મચારીઓ એ ફાળો આપી ૫૧ લાખ રૂપિયાના ખર્ચે જીબીઆ જલમંદિરનું નિર્માણ કરવામાં આવ્યું છે.






### કર્મચારીઓએ ફાળો અને ગીર ગંગા ફાઉન્ડેશનના સહયોગથી જીબીઆ જલ મંદિર નિર્માણ પામ્યું

અબતક સાથેની વાતચીતમાં પૂર્વ ગૃહ મંત્રી ગોરધન ઝડફિયાએ જણાવ્યું હતું કે, જીબીઆ અમારું જીઈબી એન્જિનિયરિંગ એસોસિએશન છે. અને હું એનો પ્રેસિડેન્ટ છું. કર્મચારીઓએ પોતાનો ફાળો આપી અને ગીર ગંગા ફાઉન્ડેશનની સાથે રહી ૫૧ લાખ રૂપિયાના ખર્ચે જીબીઆ જલ મંદિર બનાવવામાં આવ્યું છે. કર્મચારીઓનું પ્રોત્સાહન છે તે ગુજરાતના બધા કર્મચારીઓએ પ્રોત્સાહન આપવું જોઈએ. આવો સુંદર મજાનો ચેકડેમ અત્યારે ઓવરફ્લો થઈ રહ્યો છે. સૌરાષ્ટ્રની ભૌગોલિક સ્થિતિ ઊંધી રકાબી જેવી છે એટલે ભૂતકાળમાં જે રીતે આપણે ચેક ડેમો **(અનુ. આઠમા પાને)**



---

# વધુ સ્વાસ્થ્યવર્ધક શું? અખરોટ કે બદામ?

## પોષક તત્વો, સ્વાદ, સોડમ અને લાભમાં લગોલગ ચાલતા અખરોટ અને બદામ ના ફાયદામાં બદામને વધુ માર્ક મળે

**અબતક રાજકોટ**

બદામ કાજુ અખરોટ સહિતના સુકા લેવા સૌથી વધુ પૌષ્ટિક ખોરાક તરીકે લેવામાં આવે છે ભારતીય પ્રજા ડ્રાયફ્રુટ ખાવાના શોખીન છે અને તેમાં પણ ઘર ઘર માં સૌથી વધુ ઉપયોગમાં લેવાતા સુકામેવા માં અખરોટ અને બદામ સૌથી વધુ વપરાય છે

અખરોટ અને બદામ બન્ને સરખા પ્રમાણમાં પૌષ્ટિક ગણવામાં આવે છે અખરોટ અને બદામ ની સરખામણી કરતી વખતે પોષક રૂપરેખાઓ સ્વાસ્થ્ય લાભો અને કેટલીક ખામીઓને નજરમાં લેવામાં આવે તો બંને ડ્રાયફ્રૂટ રેલના પાટા ની જેમ સમાંતર ચાલે

શું તમે ક્યારેય વિચાર્યું છે કે આમાંથી કયું સ્વસ્થ છે? અખરોટ અને બદામની સરખામણી કરતી વખતે, તે નક્કી કરવા માટે કે જે આરોગ્યપ્રદ છે તે તેમના પોષક રૂપરેખાઓ, સ્વાસ્થ્ય લાભો અને સંભવિત ખામીઓનું પરીક્ષણ કરે છે. બંને અખરોટ તેમના સ્વાસ્થ્ય લાભો માટે ઉજવવામાં આવે છે, પરંતુ તેઓ તેમની અનન્ય પોષક રચનાઓને કારણે અલગ ફાયદા પ્રદાન કરે છે.

આ તમને તમારા શરીરની જરૂરિયાત મુજબ યોગ્ય પ્રકારના સૂકા ફળો પસંદ કરવામાં અને/અથવા તમારા આહારમાં તેમની માત્રા વધારવામાં મદદ કરી શકે છે.

**અખરોટ**

એ ઓમેગાનો સૌથી ધનાઢ્ય સ્ત્રોત છે, જ્યારે બદામ કોલેસ્ટ્રોલના સ્તરને સુધારી શકે છે.અખરોટ અને બદામ બંને પોષક તત્વોથી ભરપૂર છે, પરંતુ તે વિવિધ ક્ષેત્રોમાં શ્રેષ્ઠ છે. અખરોટ ખાસ કરીને ઓમેગા -૩ ફેટી એસિડથી સમૃદ્ધ છે, જે હૃદયના સ્વાસ્થ્ય માટે મહત્વપૂર્ણ છે. આ ફેટી એસિડ્સ, ખાસ કરીને આલ્ફા-લિનોલેનિક એસિડ (અઅ), બળતરા ઘટાડવા અને હૃદય રોગના જોખમને ઘટાડવા માટે દર્શાવવામાં આવ્યા છે. તેનાથી વિપરિત, બદામ મોનોઅનસેચ્યુરેટેડ ચરબીનો મોટો સ્ત્રોત છે, જે હૃદય-સુસ્થ પણ છે પરંતુ અલગ અલગ રીતે. મોનોઅનસેચ્યુરેટેડ ચરબી સારા એચડીએલ કોલેસ્ટ્રોલ વધારીને અને ખરાબ એલડીએલ કોલેસ્ટ્રોલ ઘટાડીને કોલેસ્ટ્રોલનું સ્તર સુધારવામાં મદદ કરે છે.



**બદામ**

બદામ વિટામિન ઈથી ભરપૂર છે, અને અખરોટમાં આવશ્યક ખનિજો ભરપૂર હોય છે, જ્યારે વિટામીન અને ખનિજોની વાત આવે છે, ત્યારે બદામ તેમના ઉચ્ચ વિટામિન ઈ વધુ પ્રમાણમાં હોય છે. વિટામિન ઈ એક શક્તિશાળી એન્ટીઑક્સિડન્ટ છે જે કોષોને ઓક્સિડેટીવ નુકસાનથી બચાવવામાં મદદ કરે છે અને રોગપ્રતિકારક કાર્યને ટેકો આપે છે. બદામ મેગ્નેશિયમની નોંધપાત્ર માત્રા પણ પ્રદાન કરે છે, જે સ્નાયુ અને ચેતા કાર્ય, રક્ત ખાંડ નિયંત્રણ અને હાડકાના સ્વાસ્થ્ય માટે જરૂરી છે. બીજી તરફ અખરોટમાં મેંગેનીઝ, કોપર અને ફોસ્ફરસ સહિતના અનેક ખનિજો સમૃદ્ધ છે. તેમાં કેટલાક વિટામિન ઈ૬ પણ હોય છે, જે મગજના સ્વાસ્થ્ય અને જ્ઞાનાત્મક કાર્ય માટે મહત્વપૂર્ણ છે.



બંને કેલરી સમૃદ્ધ ગણાય છે, પરંતુ વિવિધ ચરબીના રૂપરેખાઓ સાથે બંને બદામ કેલરી- સમરૂપ છે, પરંતુ તે તેમની ચરબીની રૂપરેખાઓમાં સહેજ અલગ છે. અખરોટમાં બદામ કરતાં સર્વિંગ દીઠ વધુ ચરબી હોય છે, પરંતુ આ મુખ્યત્વે તંદુરસ્ત ચરબી હોય છે. અખરોટ (લગભગ ૧ ઔંસ) ની સામાન્ય સેવામાં લગભગ ૧૮ ગ્રામ ચરબી હોય છે, જેમાં ૨.૫ ગ્રામ ઓમેગા-૩ ફેટી એસિડનો સમાવેશ થાય છે. તેનાથી વિપરીત, બદામમાં ઔંસ દીઠ લગભગ ૧૪ ગ્રામ ચરબી હોય છે, જેમાં મોટાભાગની મોનોઅનસેચ્યુરેટેડ ચરબી હોય છે. તેમની ચરબીનું પ્રમાણ વધુ હોવા છતાં, જ્યારે મધ્યસ્થતામાં ખાવામાં આવે ત્યારે બંને નટ્સ તંદુરસ્ત આહારનો ભાગ બની શકે છ

તેઓ માનવ શરીર માટે મદદરૂપ છે, પરંતુ વિવિધ રીતે અખરોટ અને બદામના સ્વાસ્થ્ય લાભો પ્રભાવશાળી છે પરંતુ વિવિધ જરૂરિયાતો પૂરી કરે છે. અખરોટ તેમના ઓમેગા-૩ ફેટી એસિડને કારણે તેમના બળતરા વિરોધી ગુણધર્મો માટે પ્રખ્યાત છે. આ તેમને ખાસ કરીને સંધિવા જેવી દાહક સ્થિતિ ધરાવતી વ્યક્તિઓ માટે ફાયદાકારક બનાવે છે. તેઓ તેમના ઉચ્ચ સ્તરના પોલિફેનોલિક સંયોજનોને કારણે મગજના સ્વાસ્થ્યને પણ ટેકો આપે છે, જે જ્ઞાનાત્મક કાર્યમાં સુધારો કરી શકે છે અને સંભવિતપણે ન્યુરોડિજનરેટિવ રોગોના જોખમને **(અનુ. આઠમા પાને)**

### શ્રી કૃષ્ણના જીવન પર આધારીત

# વિશ્વની પ્રથમ સંગીતમય યાત્રા સભર મહાનાટિકા 'રાજાધિરાજ': લવ લાઇફ લીલા

## નીતા મુકેશ અંબાણી કલ્ચરલ સેન્ટરના ગ્રાઉન્ડ થિએટર ખાતે ૧૫મી ઓગષ્ટથી ૧લી સપ્ટેમ્બર સુધી દરરોજ મહાનાટિકાની પ્રસ્તુતિ કરાશે

## મહાનાટિકા 'રાજાધિરાજ', લવ લાઇફ લીલાની સંકલ્પના અને પ્રસ્તુતિ ધનરાજ નથવાણી દ્વારા કરવામાં આવી: ૧૮૦ થી વધુ કલાકારો કરશે પ્રસ્તુતિ

### મહાનાટિકા મારા માટે ગાઢ લાગણી અને શ્રધ્ધા પૂર્ણ રહ્યું છે



આ અભૂતપૂર્વ સંગીત નાટિકામાં દર્શાવાયેલી કૃષ્ણની ભવ્યતા અને સંમોહનની અનુભૂતિ માટે પ્રેક્ષકોને આમંત્રિત કરતા ધનરાજ નથવાણીએ જણાવ્યું હતું કે, રાજાધિરાજ: લવ લાઈફ લીલા'નું સર્જન એ મારા માટે ગાઢ લાગણી અને શ્રદ્ધા પૂર્ણ રહ્યું છે. શ્રી કૃષ્ણનું જીવન પ્રેરણાનું અનંત સ્રોત છે, અને આ સંગીત નાટિકા દ્વારા અમારો ઉદ્દેશ તેમણે મૂર્તિમંત કરેલી સુંદરતા, દૂરંદેશીપણા અને પ્રેમની વહેંચણી કરવાનો છે. શ્રી કૃષ્ણની ભગવાન શ્રીનાથજી અને દ્વારકાધીશ તરીકેની આ અનંત કથાઓ અને લીલાઓને પ્રસ્તુત કરતા હું રોમાંચ અનુભવી રહ્યો છું. આ પ્રસ્તુતિ અગાઉ કદી ન જોઈ હોય તેવી ભવ્યતાથી થઈ રહી છે, જેનાથી પ્રેક્ષકોને પણ શ્રી કૃષ્ણની દિવ્ય અને પ્રેરણાદાયી વીરગાથાનો અવિસ્મરણીયનો અહેસાસ થશે.

**અબતક, જામનગર**


ભગવાન શ્રી કૃષ્ણના રાજાધિરાજ સ્વરૂપ પર આધારિત વિશ્વની પ્રથમ સંગીતમય મહાનાટિકા,રાજાધિરાજ: લવ લાઈફ લીલાની સંકલ્પના અને પ્રસ્તુતિ ધનરાજ નથવાણી દ્વારા કરવામાં આવી છે. ભગવાન શ્રી કૃષ્ણની મહાનતા અને પરોપકારિતાને જીવંત કરતી ૧૨૦ મિનિટનીઅવધિની આ સંગીત નાટિકાનું મંચન નીતા મુકેશ અંબાણી કલ્ચરલ સેન્ટરના ગ્રાન્ડ થિએટર ખાતે ૧૫મી ઓગસ્ટથી ૧લી સપ્ટેમ્બર સુધી દરરોજે કરવામાં આવશે.

આ નાટિકાના મંત્રમુગ્ધ કરી દેનારા કથાવાચન, અદ્ભુત દૃષ્યો અને આત્માના તાર ઝણઝણાવી દેતા સંગીત થકી, એક્ઝિક્યુટિવ પ્રોડ્યુસર - ભૂમિ નથવાણી સંમોહક અનુભૂતિની ગેરન્ટી આપે છે. તેમણે ઉમેર્યું હતું કે, આ અદ્ભુત પ્રોડક્શનને જીવંત કરવામાં અથાગ યોગદાન આપવા બદલ અમે તમામ કલાકારો અને ક્રુ મેમ્બર્સ પ્રત્યે ઊંડો આભાર પ્રગટ કરીએ છીએ. અમને વિશ્વાસ છે કે શ્રી કૃષ્ણની દિવ્ય ગાથાને ૧૮૦થી વધારે કલાકારો મંચ પર નૃત્ય અને ગીત-સંગીતની જીવંત પ્રસ્તુતિ દર્શકોને મંત્રમુગ્ધ કરી દેશે.

ખ્યાતનામ ભારતીય ગીતકાર અને પટકથા-લેખક, પદ્મશ્રી વિજેતા પ્રસૂન જોશી દ્વારા લિખિત, આ સંગીત નાટિકા પ્રેક્ષકોને ભગવાન શ્રી કૃષ્ણની ઓછી-જાણીતી વાર્તાઓની પ્રસ્તતિ છે. તેમાં વ્રજથી મેવાડ અને મથુરાથી દ્વારકા સુધીના તેમના જીવનમાં આવેલા પરિવર્તનોનું અતિસુંદર નિરૂપણ કરાયું છે.

સંગીત નાટિકાઓમાં નિપૂણતા ધરાવનારા અનુભવી થિએટર ડાયરેક્ટર, શ્રુતિ શર્માના નિર્દેશન હેઠળના આ નિર્માણમાં ૧૮૦ કરતા વધુ કલાકારોનું કૌવત જોવા મળ્યું છે, જે ભગવાન શ્રી કૃષ્ણના દિવ્ય સ્વરૂપોને સંમિલનને તાદશ રીતે પ્રસ્તુત કરે છે, કારણ કે શ્રીનાથજી અને દ્વારકાધીશ સ્વરૂપોને કોઈ સંગીત નાટિકામાં પ્રથમવાર એકસાથે દર્શાવવામાં આવ્યા છે. ગોકુલમાં પ્રેમાળ ગામવાસી તરીકે એક જાદુઈ ગોપાલકરૂપી કૃષ્ણની બાળલીલાઓથી માંડીને શ્રીમદ ભગવદ્ ગીતાનો અવિનાશી ઉપદેશ આપતા સારથી તરીકે તેમની ફિલસૂફની ભૂમિકા દર્શાવતી આ સંગીત નાટિકામાં કૃષ્ણના અનેકવિધ વ્યક્તિત્ત્વની વિશેષતાને મંત્રમુગ્ધ સ્વરૂપે દર્શાવાઈ છે.

ખ્યાતનામ કોસ્ચ્યુમ ડિઝાઈનર નીતા લુલ્લા, કે જેઓ અસંખ્ય આઈકોનિક ભારતીય ફિલ્મોમાં પોતાના કામ માટે જાણીતા છે, તેમણે બારીકાઈથી ડિઝાઈન કરાયેલા ૧૮૦૦થી વધુ કોસ્ચ્યુમ સાથે પુરાણોના પાત્રોને જીવંત બનાવી દીધા છે, જે દરેક પાત્રની દિવ્ય ચંચળતા, સાહસ, અને આધ્યાત્મિક ઊંડાઈ પર ભાર મૂકે છે. ધ ગ્રાન્ડ થિએટર ખાતે "રાજાધિરાજ: લવ લાઈફ લીલા" - શ્રી કૃષ્ણની દિવ્યગાથાની પ્રસ્તુતિ અલૌકિક દુનિયાની અવિસ્મરણીય અનુભૂતિ કરાવશે.




### પવિત્ર શ્રાવણ માસ નિમિતે

# કાલાવડ રોડ સ્વામિનારાયણ મંદિરે સંત પારાયણનો રંગેચંગે પ્રારંભ

## સાળંગપુરના સંત અધ્યાત્મ ચિંતન સ્વામીએ ભકતોને આંતરિક સાધના પર આપ્યું પ્રવચન



**અબતક,રાજકોટ**


કાલાવડ રોડ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરે શ્રાવણમાસ દરમ્યાન વિવિધ આયોજનો યોજાઈ રહ્યા છે જે અંતર્ગત સમગ્ર શ્રાવણ માસ દરમિયાન સવારે ૮:૦૦ થી ૯:૩૦ દરમ્યાન બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરે પ્રમુખસ્વામી સભાગૃહ ખાતે સંસ્થાના વિદ્વાન સંતોની કથાવાર્તા

(અનું. આઠમાં પાને)

### હિંડોળા ઉત્સવનો લ્હાવો લેતા ભાવિકો

મંદિરે શ્રાવણ માસ દરમિયાન હિંડોળા ઉત્સવ પણ ચાલી રહ્યો છે જેનો લાભ હજુ આગામી ૧૫ દિવસ સુધી એટલે કે તા.૨૦ ઓગસ્ટ સુધી મળશે. હિંડોળા પર્વ દરમ્યાન ભક્તોને પ્રભુની નિકટમાં આવવાની તક સાંપડે છે. સંતો અને ભક્તો પુષ્પો, રાખડી, મોતી, આભલા, કઠોળ, મોરપીંછ, ચોકલેટ તથા રંગબેરંગી ચોખાઓથી સજજ હિંડોળાની રચના કરે છે અને હિંડોળામાં વિરાજમાન થયેલા ભગવાનને સર્વ હરિભક્તો હેતની દોરીથી હરિવરને હિંચકાવે છે. ભાવિક ભક્તો આ કલાત્મક હિંડોળાના દર્શન સવારે ૭:૩૦ થી બપોરે ૧૨:૦૦, સાંજે ૪:૦૦ થી રાત્રે ૯:૦૦ વાગ્યા સુધી કરી શકશે.

જીવનમાં સદ્ગુણોની સંપ્રાપ્તિ કરાવતું પર્વ એટલે 'શ્રાવણમાસનું પારાયણપર્વ'. તો આ પારાયણપર્વ અને હિંડોળા ઉત્સવનો લાભ લેવા બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરના કોઠારી સંત પૂ.બ્રહ્મતીર્થ સ્વામી અને સંત નિર્દેશક પૂ.અપૂર્વમુનિ સ્વામીએ રાજકોટની ભાવિક જનતાને નિમંત્રણ પાઠવ્યું છે.



# કષ્ટભંજન દેવને શ્રીજીબાવાના વાઘાનો મનમોહક શણગાર



આજે શ્રાવણ મહિનાના પહેલાં મંગળવારે શ્રીકષ્ટભંજન દેવ હનુમાનજીને શ્રીનાથજીની થીમવાળા વાઘા અને સિંહાસને શણગાર કરાયો હતો પ.પૂ શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી પ્રેરણા અને કોઠારી શ્રી વિવેકસાગર સ્વામિના માર્ગદર્શનથી દાદાને વિશેષ શ્રીનાથજીની થીમવાળા વાઘા પહેરાવ્યા છે અને સિંહાસને શણગાર કરાયો છે. આજે સવારે મંગળા અને શણગાર આરતી શાસ્ત્રી હરિપ્રકાશ સ્વામી દ્વારા કરવામાં આવી હતી. આજે મોટી સંખ્યામાં ભક્તોએ દાદાના વિશેષ દર્શનનો લ્હાવો લીધો હતો. આજે દાદાને ૪૦૦ કિલો કેળાનો અન્નકુટ પણ ધરાવાયો છે. આજે દાદાને કરાયેલાં શણગાર વિશે પૂજારી સ્વામીએ જણાવ્યું હતું કે, આજે હનુમાનજીને શ્રીનાથજીની થીમવાળા વાઘા અને સિંહાસને શણગાર કરાયો છે. આ વાઘા અને શણગાર બનાવવા માટે ચાર લોકોને એક અઠવાડિયા જેટલો સમય લાગ્યો છે. આ શણગાર અહીં કરતાં ૬ સંત, પાર્ષદ અને ભક્તોને ૩ કલાકનો સમય લાગ્યો હતો. તો આજે ૪૦૦ કિલો કેળાનો અન્નકુટ ધરાવાયો છે.

### જૂનાગઢના પુરાણ પ્રસિદ્ધ શિવાલય એટલે ઈન્દ્રેશ્વર મહાદેવ

# ઈન્દ્રદેવે ૧૦૦૦૦ વર્ષ સુધી તપ કરી શ્રી ઈન્દ્રેશ્વર મહાદેવના શિવલિંગની સ્થાપના કરી

## ઈન્દ્ર દેવએ ૧૦ ડગલા દૂર બાણ જમીનમાં મારી બાણ ગંગા પ્રગટ કરી તેના ચમત્કારિક પાણીમાં સ્નાન કરતા તેનો કોઢ દૂર થયો

**અબતક ચિરાગ રાજયગુરુ જુનાગઢ**

શ્રાવણ માસનો આરામ થઈ ગયો છે શિવજીની આરતી પ્રિય માં એટલે શ્રાવણમાસ . જૂનાગઢના અનેક શિવાલયોમાં વહેલી સવારથી જ ભક્તોની ભારે ભીડ જોવા મળી હતી.

જયાં જુઓ ત્યાં 'હર હર મહાદેવ'ના નાદ સાથે ભગવાન શિવની પૂજા અર્ચના કરવામાં આવી હતી.

જૂનાગઢ ગીર અને ગિરનારની ભૂમિ કહેવાય છે. તેથી જૂનાગઢની ભૂમિ શિવ માટે ખૂબ મહત્વની ગણાય છે. અહીં ભગવાને અનેક સાક્ષાત્કાર આપ્યા છે. આ સિવાય અહીં જૂનાગઢનું ભવનાથ મંદિર પણ સ્વયંભૂ છે.

અહીં જે શિવાલયો આવેલા છે.

તે કોઈ ૧૦ કે ૧૦ વર્ષ જુના નથી પરંતુ હજારો વર્ષ જૂના છે. આ શિવાલયો વર્ષોથી પૂજાતા આવ્યા છે. અહીં પૂજા કરવા આવતા દરેક ભક્તોની મનોકામના પૂર્ણ થતી હોવાની પણ વિશ્વાસ વ્યક્ત કરે છે.







જેથી શ્રાવણ માસમાં શિવજીની પૂજા માટે જૂનાગઢના આ શિવાલયોમાં ભક્તોની ભારે ભીડ ઊમટી હતી.

જૂનાગઢના પુરાણ પ્રસિદ્ધ શિવાલયમાંનું એક શિવાલય એટલે ગિરનારની પર્વતમાળાની તળેટીમાં બિરાજમાન થયેલાં ઈન્દ્રેશ્વર મહાદેવ જેની સાથે અનેક રોચક કથાઓ જોડાયેલી છે

ગિરનાર પર્વતમાળાની તળેટીમાં આવેલું ઈન્દ્રેશ્વર મહાદેવનું મંદિર પુરાણ પ્રસિધ્ધ શિવાલય તરીકે જાણીતું છે. સતયુગમાં જ્યારે ઈન્દ્રદેવને ગૌતમ ઋષિએ તેમના પત્ની દેવી અહલ્યા પર કપટ કરવાના પરિણામે ક્ષણભંગ(કોઢ) થવાનો શ્રાપ આપેલો. જેના નિરાકરણ માટે નારદમુનિની પ્રેરણાથી ઈન્દ્રદેવે આ અતિ પૌરાણિક જગ્યા જોગણિયા ડુંગર (ગિરનાર પર્વતમાળાનો એક પર્વત) પાસે શ્રી ઈન્દ્રેશ્વર મહાદેવના શિવલિંગની સ્થાપના કરી. અહીં ૧૦૦૦૦ વર્ષ સુધી તપ કરી ૧૦ ડગલા દૂર બાણ જમીનમાં મારી બાણ ગંગા પ્રગટ કરી તેના ચમત્કારિક પાણીમાં સ્નાન કરતા તેનો કોડ દૂર થતા તે દેવલોક પરત થયા હતા ઈન્દ્ર દેવે અહીં અન્નપૂર્ણા માતાજીની મૂર્તિની પણ સ્થાપના કરી હતી ચંદ્રમાએ સોમનાથ મહાદેવની સ્થાપના


### ઈન્દ્રેશ્વર મહાદેવની સ્થાપનાનો ઈતિહાસ

સોમનાથ વેરાવળ ખાતે કરી અને અહલ્યાસતીએ ભગવાનની શ્રી રામના ચરણસ્પર્શથી ગૌતમ ઋષિના શ્રાપ માંથી મુકિત મેળવી હતી કળિયુગમાં આદિજાત આદિ ભક્ત કવિ શ્રી નરસિંહ મહેતા અહીં ગાયો ચરાવવા આવતા આ સ્થળે ૩૨ ગણી ગાયોના આચળ માંથી દૂધની ધારા વાળી થતી તેવો ભાવવિભોર થઈ લિંગ અને બાદ ભરી સાત દિવસની તપસ્યા અંતે રાત્રે આકાશવાણી થઈ કે નરસિંહ તું આ લિંગને છોડી દે હું તારા પર પ્રસન્ન છું.

વરદાનમાં ત્યારે નરસિંહ તેમની નાગર જ્ઞાતિમાં કોઈ વ્યકિત દુઃખી ન રહે તે માટે અને કૃષ્ણ ભગવાનની રાસલીલા નિહાળવા વરદાન પામતા તે લિંગ છૂટી જતા તેને શંકર ભગવાનના દિવ્ય દર્શન થયા ત્યારબાદ ભગવાન શંકરે ભકત નરસિંહ મહેતાને છ મહિના સુધી કૈલાશ પર્વત ઉપર ૧૬૦૦૦ ગોપીઓ અને ૧૬૦૦૦ કૃષ્ણ સ્વરૂપની રાસલીલાના દર્શન કરાવ્યા હતા નરસિંહ મહેતા બાળપણમાં બોલી શકતા ન હતા ત્યારે એક સંતે તેને પ્રથમવાર રાધાકૃષ્ણ બોલાવ્યો ત્યાર બાદ તેઓ બોલતા થયા તે સાથે કહ્યું હતું કે બાણગંગા ના અતિ પૌરાણિક ચમત્કારિક પાણી આજે પણ કોઢ મટાડે છે અને તેમનું પાણી દુષ્કાળ સમયે પણ કયારેય ખૂટતું નથી આ જગ્યાના ઉપરના ભાગે જોગણીયા ડુંગર ખાતે આજે પણ નવનાથ પર સીધો અને ચોસઠ જોગણીઓનો વાસ કરે છે

# મોરબીમાં સામુહિક આપઘાત : હાર્ડવેરના વેપારીએ પત્ની-પુત્ર સાથે મોત વ્હાલું કર્યું

## વસંત પ્લોટમાં આખા પરિવારે ઘરમાં અલગ અલગ જગ્યાએ ગળાફાંસો ખાઈ લીધો : જિલ્લા પોલીસવડા સહિતના અધિકારીઓ ઘટના સ્થળે દોડી ગયા







**અબતક, મોરબી**

મોરબીમાંથી એક અત્યંત કરુણ ઘટના સામે આવી છે. જેમાં હાર્ડવેરના ધંધાર્થી પરિવારના ત્રણ સભ્યોએ એકસાથે મોત વ્હાલું કરી લેતા ચકચાર મચી જવા પામ્યો છે. સામુહિક આપઘાતના બનાવને પગલે સમગ્ર પંથકમાં અરેરાટી મચી છે.

મોરબી શહેરના રવાપર રોડ ઉપર ચકિયા હનુમાન મંદિર સામે આવેલ વસંત પ્લોટમાં રહેતા હાર્ડવેરના વેપારીએ પત્નિ અને પુત્ર સાથે મળી ઘરના બેડરૂમ, હોલ અને કિચનમાં અલગ અલગ જગ્યાએ સામુહિક રીતે ગળાફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતા સનસનાટી મચી ગઈ છે. બનાવને પગલે મોરબી જિલ્લા પોલીસવડા સહિતના અધિકારીઓ બનાવ સ્થળે દોડી આવ્યા હતા.

જાણવા મળતી વિગતો મુજબ મોરબીના રવાપર રોડ ઉપર ચકિયા હનુમાન મંદિર સામે વસંતપ્લોટમા આવેલ રોયલ પેલેસ નામના ફલેટમાં ચોથા માળે રહેતા હરેશભાઈ દેવચંદભાઈ કાનાબાર (ઉ.વ. ૫૭) તેમના પત્ની વર્ષાબેન હરેશભાઈ કાનાબાર (ઉ.વ.૫૫) અને પુત્ર હર્ષ હરેશભાઈ કાનાબાર (ઉ.વ.૧૯)એ કોઈ અગમ્ય કારણોસર પોતાના ફ્લેટમાં ગળાફાંસો ખાઈ સામુહિક આત્મહત્યા કરી લીધી હોવાનું મૃતકના ભાઈ પંકજભાઈ કાનાબારે પોલીસને જાણ કરતા ગંભીર બનાવ મામલે મોરબી જિલ્લા પોલીસવડા સહિતનો કાફલો વસંતપ્લોટ ખાતે બનાવ સ્થળે દોડી આવ્યો હતો.

ઉલ્લેખનિય છે કે, મૃતક હરેશભાઈને હાર્ડવેરની દુકાન હોવાનું તેમજ બે દિવસ પહેલા જ પુત્ર હર્ષનો જન્મ દિવસ હોવાનું નજીકના પરિવારજનો જણાવી રહ્યા છે. બીજી તરફ પોલીસને બનાવ સ્થળેથી સ્યુસાઈડ નોટ પણ મળી આવી હોવાનું અને સ્યુસાઈડ નોટમાં પરિવારના આ પગલાં માટે કોઈ જવાબદાર ન હોવાનું જણાવ્યું હોવાનું સૂત્રો ઉમેરી રહ્યા છે, હાલમાં પોલીસે સ્યુસાઈડ નોટ કબ્જે કરી છે.

ચોકવાનારી બાબત એ છે કે, સામુહિક આપઘાત કરી લેનાર દંપતીએ કઠણ કાળજે આ અંતિમ પગલું ભરવા માટે ત્રણેય વ્યક્તિએ ફ્લેટમાં અલગ અલગ જગ્યાએ ગળેફાંસો ખાધો હતો જેમા એક વ્યક્તિ બેડરૂમમાં, એક વ્યક્તિ હોલમાં અને એક વ્યકિતએ રસોડામાં ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું હતું. હાલમાં પોલીસે આ ગંભીર બનાવમાં ઝીણવટભરી તપાસ શરૂ કરી છે.

### સુસાઈડ નોટ પણ મળી આવી

મૃતકોએ જે ફ્લેટમાં અંતિમ પગલું ભર્યું છે ત્યાંથી પોલીસને એક સુસાઈડ નોટ પણ મળી આવ્યાનુ સૂત્રો જણાવી રહ્યા છે. સુસાઈડ નોટમાં આ પગલાં પાછળ કોઈ જ જવાબદાર નહિ હોવાનો ઉલ્લેખ કરવામાં આવ્યો હોય તેવું પણ સૂત્રો જણાવી રહ્યા છે. જો એવી સુસાઈડ નોટ મળી હોય તો પછી સામુહિક આપઘાત કરવા પાછળનું કારણ શું? તે એક મોટો સવાલ છે.

# પ્રગટ ચેરી. ટ્રસ્ટના સમુહલગ્નમાં અનાથ દીકરીઓને સાસરે વળાવાશે

## ‘અબતક’ મીડિયા હાઉસની મુલાકાતમાં ટ્રસ્ટના આગેવાઓએ આપી વિગતો



તસ્વીરઃ શૈલેષ વાડોલીયા

**અબતક, રાજકોટ**

પ્રગટ ચેરી. ટ્રસ્ટ દ્વારા સમુહલગ્નનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં અનાથ ગરીબ દીકરીઓના લગ્ન માટે આ ટ્રસ્ટ છત્રછાયા પુરી પાડે છે.

‘અબતક’ મીડીયા હાઉસની મુલાકાતમાં પ્રગટ ચેરી. ટ્રસ્ટના આગેવાનો જગદીશ ભટ્ટ, જૈમિલ પંડયા, દેવાંગ ભટ્ટ, પાર્થ દવે અને શ્રયાંશ ગોહેલએ વધુ વિગતો આપતા જણાવ્યું હતું કે, નિઃસ્વાર્થ ભાવે વિવિધ માનવ સેવાકીય પ્રવૃતિ કરતી સંસ્થા પ્રગટ ચેરી. ટ્રસ્ટ દ્વારા સતત ૨૪માં વર્ષે અગીયાર કન્યાઓના સર્વજ્ઞાતિ સમુહ લગ્ન તા. ૧-૧૨ ને રવિવારના રોજ રાખવામાં આવેલ છે. આ સમુહ લગ્નમાં સામેલ દીકરી તથા દીકરા બન્ને પક્ષોને સંસ્થા તરફથી ભોજનના ૨૫ પાસ આપવામાં આવશે. તેમજ કરિયાવરમાં કન્યાઓને ૧૦૧ આઈટમ ભેટ આપવામાં આવશે. આ ફોર્મનું વિતરણ વહેલા તે પહેલાના ધોરણે સવારે ૧૦ થી ૧૨ કલાકે તથા સાંજે ૫ થી ૮ કલાકે સંસ્થાના કાર્યાલય પ્રગટ ચેરી. ટ્રસ્ટ પ્રગટ હનુમાનજી મંદિર, લક્ષ્મીવાડી શેરી નં. ૯/અ મિલપરા મેઈન રોડ, રાજકોટ ઉપર વહેલા તે પહેલાના ધોરણે ઈચ્છુક વ્યકિતએ મેળવી લેવા જાણ કરવામાં આવેલ છે.

આ માનવ સેવા કાર્યમાં સંસ્થાના પુજાબેન ભટ્ટ, જયાબેન વાઘેલા, કશ્યપભાઈ ભટ્ટ, દેવાંગભાઈ જયમીલ પંડયા, પરેશ ગોહેલ, બીપીન ગોહેલ, બીપીન ગોહેલ, કિશનભાઈ સુચક, પંકજભાઈ વ્યાસ, બકુલભાઈ સરવૈયા, ચિંતન રાચ્છ, ધર્મેશભાઈ રાઠોડ, સવજીબાપા, પાવન શિશાંગીયા, પ્રિયાંશ ગોહેલ, બચુભાઈ માખેલા તથા અન્ય કાર્યકરો સેવા આપી રહ્યા છે. વધુ માહીતી માટે સંસ્થાના પ્રમુખ જગદીશભાઈ ભટ્ટ મો. નં. ૯૯૨૫૦ ૧૭૮૮૮ નો સંપર્ક કરવા અનુરોધ કરવામાં આવ્યો છે.

# કડવીબાઈ વીરાણી કન્યા વિદ્યાલયમાં પારિવારિક માહોલમાં યોજાઈ વાલી મીટીંગ



**અબતક, રાજકોટ**

શાળાના ધોરણ ૯ અને ૧૧ના વિદ્યાર્થીનીઓ ના વાલી મીટીંગનું આયોજન કરવામાં આવેલ, આ વાલી મીટીંગનો મુખ્ય હેતુ શાળા પરિવારમાં વિદ્યાર્થીઓના પરિવાર સાથે આત્મિય સંબંધ બંધાય તેની સાથે શાળાના વર્ષ ૨૦૨૪-૨૫ ના શિક્ષણ કાર્યનું પ્લાનીંગ, પરિક્ષા પદધતિ અને ગુણ પદધતિની જાણકારી સાથે શાળાના નિયમો, શિસ્ત, કાર્ય અને સાંસ્કૃતિક વારસાની જાળવણી અને સંવર્ધન અંગે નિયામક હીરાબેન માંજરીયા અને આચાર્યા વર્ષાબેન ડવએ વાલીઓને પરિચિત કર્યા. શિક્ષકોના પરિચય અને શિક્ષણ અંગેની અપેક્ષાની જાણકારી શિક્ષકો દ્વારા જાણ કરવામાં આવી હતી. ધોરણ ૯ ના ૩૨૭ અને ધોરણ ૧૧ ના ૩૫૦ દિકરીઓના ઉજજવળ ભવિષ્ય માટે વાલી મીટીંગમાં હાજર રહી મીટીંગને સફળ બનાવવા અમુલ્ય યોગદાન આપવા બદલ શાળા પરિવાર હ્રદયપૂર્વક આભાર વ્યકત કરે છે.

# રાજયભરની સરકારી કચેરીઓ લાંચિયા અને ભ્રષ્ટ અધિકારીઓનાં અડ્ડા બની ગઈ: કોંગ્રેસ

## ભ્રષ્ટાચારીઓને સસ્પેન્ડની બરતરફ કરવાની શહેર કોંગ્રેસ પ્રમુખ અતુલ રાજાણી, વિપક્ષ નેતા સાગઠીયાની મુખ્યમંત્રીને રજૂઆત

**અબતક,રાજકોટ**

રાજકોટ શહેર કોંગ્રેસ પ્રમુખ અતુલ રાજાણી અને રાજકોટ મહાનગરપાલિકાના વિપક્ષી નેતા વશરામભાઈ સાગઠીયા દ્વારા સંયુક્ત રીતે જણાવવું છે કે રાજ્યમાં તોસ્તાન તોડબાજી ચાલી રહી છે. રાજ્યની મહાનગરપાલિકાઓ, રાજ્ય સરકારની કચેરીઓ પોલીસ સ્ટેશનો, પોલીસ ચોકીઓ, કેન્દ્ર સરકારની કચેરીઓમાં ‘ગાંધીછાપ’ વગર કામ થતા નથી એ જગ જાહેર છે. લોકોને સામાન્ય રેશનકાર્ડના કામો માટે બે થી ત્રણ ત્રણ હજાર રૂપિયા ભાજપના દલાલોને આપવા પડે છે.

રાજ્યમાં ભય,ભૂખ અને ભ્રષ્ટાચાર મુક્ત શાસનનો કોલ આપી શાસનની ધુરા સંભાળનાર ભાજપના રાજમાં ભ્રષ્ટાચાર એ શિષ્ટાચાર બની ગયો છે. ભ્રષ્ટાચારને જળમૂળ માંથી નાબૂદ કરવા માટે ગુજરાતમાં ૭ ડિવિઝન હેઠળ ૩૭ પોલીસ સ્ટેશન લાંચ રૂશ્વત બ્યુરોની કચેરી (ACB) કાર્યરત છે પરંતુ એસીબી કચેરી પણ ભ્રષ્ટાચારના ભોરિંગ ભરડા સપળાયું હોય એવું સ્પષ્ટ જણાય છે. કારણ કે અગાઉ જૂનાગઢના ACB ના પોલીસ ઈન્સ્પેક્ટર અમદાવાદ ખાતે ૧૮ લાખની લાંચ લેતા ઝડપાયા હતા. વડોદરામાં નાયબ મામલતદાર જશવંતસિંહ હજુરી છઠ્ઠા માળે ૯૪૦૦૦ ની લાંચ લેતા સપડાયા હતા જ્યારે સાતમા માળે એસીબી ની ઓફિસ કાર્યરત છે એટલે કે એસીબી ની અને રાજ્ય સરકારની છત્રછાયામાં જ આવા લાંચિયા અને ભ્રષ્ટ અધિકારીઓ બેકાબુ બન્યા છે.

રાજકોટમાં ગઈકાલે કોન્સ્ટેબલ વિપુલ ઓળકિયા અને કહેવાતા વકીલ યુનિવર્સિટી પોલીસ સ્ટેશન તાબા હેઠળના આવતા સાધુ વાસવાણી રોડ પરના પંચાયત ચોકીમાં ₹૨૫,૦૦૦ ની લાંચ લેતા રંગે હાથ ઝડપાયા છે. રાજકોટમાં પોલીસ ચોકીઓમાં અલીગઢી તાળાઓ જોવા મળે છે અથવા જે ચોકીઓ ચાલુ છે તે ચોકીઓમાં વહીવટો થતા હોય તેવું સ્પષ્ટ જણાય છે રાજકોટમાં અગાઉ પણ પોલીસ સ્ટેશનો અને પોલીસ ચોકીઓમાં પોલીસ અમલદારો અને કોન્સ્ટેબલ ઝડપાયા છે ત્યારે રાજ્ય સરકારનો ભ્રષ્ટાચાર મુક્ત શાસનનો પરપોટો ફૂટી ગયો છે. ત્યારે રાજ્ય સરકાર જો ખરેખર ભ્રષ્ટાચાર નાબૂદ કરવા માગતી હોય તો અન્ય રાજ્યોની જેમ આવા ભ્રષ્ટાચારી સરકારી કર્મચારીઓ કે અમલદારોને સસ્પેન્ડ નહીં પરંતુ બરતરફ (ઘરભેગા) કરી દેવા માટે કોંગ્રેસે માંગ ઉઠાવી મુખ્યમંત્રીને તાકીદના પત્રથી રજૂઆત કરી છે.ત્યારે રાજકોટ મહાનગરપાલિકા ના કરોડોના ખર્ચે લગાયેલા શહેરભરના કેમેરામાં સામાન્ય વ્યક્તિ ને થુંકનારાને દંડનીય કાર્યવાહી કરતી રાજકોટ મહાનગરપાલિકા આઈવે પ્રોજેક્ટના સીસી ફૂટેજ જોઈ લાંચિયા અને ભ્રષ્ટાચારી અધિકારીઓને પણ ઝબ્બે કરે એવી માંગ રાજાણી અને સાગઠીયા એ ઉઠાવી છે.

# એઈમ્સ રોડ પર અજવાળા પથરાયાઃ લાખેણી લાઈટોનું શહેર ભાજપ પ્રમુખે કર્યું લોકાર્પણ





## રૂ. ૩૭૮ લાખના ખર્ચે સેન્ટ્રલ લાઈટ નખાશે

**અબતક,રાજકોટ**

વોર્ડ નં.૩ રાજકોટ મહાનગરપાલિકાની હદમાં એઈમ્સ રોડ પર અંદાજીત રૂ.૩૮ લાખના ખર્ચે સેન્ટ્રલ લાઈટનું લોકાર્પણ રાજકોટ શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી અને ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજાના વરદ હસ્તે કરવામાં આવેલ.

આ લોકાર્પણ કાર્યક્રમમાં રાજકોટ શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, શાસક પક્ષ નેતા લીલુબેન જાદવ, શાસક પક્ષ દંડક મનિષભાઈ રાડીયા, વોર્ડ નં.૩ના કોર્પોરેટર કુસુમબેન ટેકવાણી, અલ્પાબેન દવે, શિક્ષણ સમિતિ સભ્ય હિતેશભાઈ રાવલ, મહિલા મોરચા પ્રમુખ કિરણબેન માંકડીયા, વોર્ડનં.૩ના મહામંત્રી અભયભાઈ નાંઢા, ડો. હેમંતભાઈ અમૃતિયા, દીપકભાઈ દવે, હિનાબા ગોહિલ, ભરતભાઈ વેકરીયા, અશોકભાઈ સોજીત્રા, અશોકભાઈ ઝાલાવડીયા, દિલીપભાઈ મોલીયા તથા લતાવાસીઓ ઉપસ્થિત રહેલ.

# રાષ્ટ્રીય શાળા ખાતે રવિવારે મોટીવેશન સ્પીચનું આયોજન

## ‘અબતક’ની શુભેચ્છા મુલાકાતમાં મોટીવેશન સ્પીકર વંદના ગોસ્વામી દેસાઈએ આપી માહીતી



તસ્વીરઃ કરન વાડોલીયા

**અબતક, રાજકોટ**

વંદના ગોસ્વામી દેસાઈ મોટીવેશનલ સ્પીકર દ્વારા ૧૧ ઓગષ્ટને રવિવારે સાંજે ૪ થી ૭ દરમિયાન રાષ્ટ્રીય શાળા ખાતે મોટીવેશન સ્પીચનું આયોજન કરવામાં આવ્યું છે.

‘અબતક’ ની શુભેચ્છા મુલાકાતમાં વંદના ગોસ્વામી દેસાઈએ જણાવ્યું હતું કે, દરેક માતા-પિતાની એક જ મુંઝવણહોય છે. અમારુ બાળક આવુ કેમ છે. પરંતુ દરેક માતા-પિતા બાળકમાં રહેલા સારા ગુણ જોવા બદલે તે હરહમેશા તેમના રહેલા નરસા ગુણને જોતા હોય છે. ત્યારે માતા-પિતાની ફરજના ભાગરુપે તેમજ બાળકોની અમુકે અંશે નકારાત્મક વર્તુણકમાં બદલાવ લાવવા માટે ખાસ રાષ્ટ્રીય શાળા ખાતે વંદના ગોસ્વામી દેસાઈ મોટીવેશન સ્પીકરનું મોટીવેશન સ્પીચનું આયોજન કરવામાં આવ્યું છે. જેના દ્વારા ભાવિ ભવિષ્યના બાળકોનું યોગ્ય દિશા તરફ ઘડતર કરી શકાય એ માટે યોગ્ય માર્ગદર્શન મળી રહેશે. તેમની સાથે પગભર ટીમ દ્વારા માસિકસ્રાવ નિમિતે શું તકેદારી રાખવી તેમના માટે યોગ્ય માર્ગદર્શન આપવામાં આવશે.

‘અબતક’ની શુભેચ્છા મુલાકાતે વંદના ગોસ્વામી દેસાઈ, રીંકુ ગુપ્તા, હેત્વી દેસાઈ અને વરુણ દેસાઈ ઉપસ્થિત રહ્યા હતા.

# જંગલેશ્વરમાં ધોળા દિવસે સરાજાહેર લૂંટનો પ્રયાસ કરનાર હનીફશા શાહમદાર ઝડપાયો

## લૂંટારૂ અગાઉ ૧૧ જેટલી ચોરીની ઘટનામાં પોલીસ ચોપડે ચડી ચુક્યાનો અહેવાલ



**અબતક, રાજકોટ**

શહેરના જંગલેશ્વર વિસ્તારમાં ગત માસાંતે એક લૂંટની કોશિશનો બનાવ બનવા પામ્યો હતો. જેમાં રીક્ષાચાલક યુવાન પ્રણામી ચોક નજીક આવેલ આર કે એજન્સીમાં માલની ડિલિવરી કરવા ગયો ત્યારે પૈસા ભરેલો થેલો લઈ લૂંટારુ બાઈક પર ભાગ્યો હતો. જો કે, યુવાન પાછળ દોડતા પૈસાનો થેલો પડી જતાં લૂંટની કોશિશ નાકામ રહી હતી. મામલામાં ભક્તિનગર પોલીસે ગુનો નોંધી લૂંટારુની શોધખોળ હાથ ધરતા ચુનારાવાડનો હનીફશા ઈકબાલશા શાહમદાર ઝડપાયો હતો.

પ્રાપ્ત વિગત અનુસાર ગોંડલ રોડ પર મોહમ્મદી બાગ સોસાયટીમાં રહેતા સાહિલભાઈ મુલતાની નામનો યુવાન ગત તા. ૩૦ જુલાઈના રોજ બપોરના લગભગ સારા ૧૨ વાગ્યા આસપાસ જંગલેશ્વરના પ્રણામી ચોક ખાતે આવેલ આર કે એજન્સીમાં માલની ડીલેવરી કરવા ગયો હતો. ત્યારે કલેક્શનના પૈસાનો થેલો તેણે પોતાની રીક્ષામાં રાખ્યો હતો અને પોતે માલની ડીલીવરી કરી રહ્યો હતો. તે જ અરસામાં એક અજાણ્યો મોટર સાયકલ ચાલક આવ્યો હતો અને ચાલુ મોટર સાયકલએ રિક્ષામાં પડેલો પૈસાનો થયેલો ઉપાડી નાસી છૂટવા પ્રયત્ન કર્યો હતો.

પૈસાનો થેલો લઈ ભાગવા જતા લુંટારૂની પાછળ યુવાન દોડ્યો હતો અને બાઈકને રોકવાનો પ્રયત્ન કર્યો હતો. બાઈક રોકવા જતાં યુવાન નીચે પછડાયો હતો. દરમિયાન બાઈકનું બેલેન્સ ગુમાવતા આગળ રાખેલો પૈસાનો થેલો નીચે પડી ગયો હતો પરંતુ લૂંટારૂ ત્યાંથી નાસી છૂટ્યો હતો. સમગ્ર ઘટના સીસીટીવી ફૂટેજમાં કેદ થઈ હતી. ઘટના બાદ રીક્ષાચાલક યુવાને હુડકો પોલીસ ચોકી ખાતે મામલા અંગે લેખિત અરજીરૂપી ફરિયાદ કરી હતી. અરજદારે આપેલી અરજી અને સીસીટીવી ફૂટેજ કબ્જે કરી ભકિતનગર પોલીસ મથકના સર્વેલન્સ પીએસઆઈ વસાવાએ તપાસ શરૂ કરી હતી. દરમિયાન ભક્તિનગર પોલીસે ચુનારાવાડના હનીફશા ઈકબાલશા શાહમદારની ધરપકડ કરી છે. ઉલ્લેખનીય બાબત છે કે, લૂંટારુ વિરુદ્ધ અગાઉ ૧૧ જેટલાં ચોરીના ગુના નોંધાઈ ચુક્યા છે.

# કડવીબાઈ વિરાણી કન્યા વિદ્યાલયમાં વિદ્યાર્થીનીઓએ સૈનિકો માટે બનાવી રાખડી



**અબતક, રાજકોટ**

વલ્લભ કન્યા કેળવણી મંડળ સંચાલીત કડવીબાઈ વીરાણી કન્યા વિદ્યાલયમાં ઈન્વિન્સિબલ સંસ્થા મારફત સ્વનિર્મિત રાખડી દેશના ગૌરવશાળી સશસ્ત્ર સૈનિકો માટે તૈયાર કરવાનું આયોજન કરવામાં આવ્યું હતું. શાળાના શિક્ષીકા નલીનીબેન બુધ્ધભટ્ટીના માર્ગદર્શન હેઠળ સુંદર રાખડીઓ, શાળાના નામ, લોગો સાથે તેમજ રક્ષાબંધન નીમીતે શુભેચ્છા પાઠવતા પત્ર તૈયાર કરાવવામાં આવેલ. શાળાના નિયામક હિરાબેન માંજરીયા અને આચાર્યા વર્ષાબેન ડવ મારફત બાળાઓને શુભ કાર્ય માટે અભિનંદન પાઠવ્યા હતા.

# બોમ્બે હાઉસીંગના સભ્યો માટે સોમવારે નેત્રનિદાન કેમ્પ



**અબતક, રાજકોટ**

શ્રી શબરી આશ્રમ મંદિર નિયર બોમ્બે હાઉસિંગ સોસાયટીના સભ્યો માટે આંખના તમામ રોગ માટે સૌરાષ્ટ્રની પ્રખ્યાત સાપોવાડીયાની નેત્રદીપ મેકઝી વિઝન આઈ હોસ્પિટલ દ્વારા ફ્રી નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે જેમાં મોતિયો ,જામર , વેલ , નંબરની વધઘટ તેમજ આંખના તમામ રોગ માટે નિદાન કરી આપવામાં આવશે તો વધુમાં વધુ સભ્યો તેમ જ બાળકોએ લાભ લેવા માટે વિનંતી છે. તારીખ ૧૨-૮-૨૪ સોમવાર સમય.- સવારના ૯ થી ૧૨ બિલકુલ ફ્રી નિદાન કેમ છે સર્વ મંડળના બહેનોને કહેવાનું કે વધારે ને વધારે લોકો લાભ લે તેમાં સાથ અને સહકાર આપશો .અખિલ ગુજરાત મહિલા ઉત્કર્ષ મંડળ પ્રેસિડેન્ટ ભાવેશ્વર શબરી મંડળના પ્રેસિડેન્ટ રંજનબેન ચૌહાણ એ લાભ લેવા અનુરોધ કરેલ છે.

# કાલે ફુલકાજળીનું વ્રતઃ ફુલને સુંઘીને શિવ સ્મરણ કરવાનો અવસર

**અબતક,રાજકોટ**

કાલે બુધવારે નાની બાળાઓ નુ ફુલકાજળી વ્રતઃ રાત્રીના ૧૨ વાગ્યા સુધી નુ જાગરણ ભગવાન શિવજીનો પ્રિય માસ શ્રાવણમાં અનેક વ્રત-તહેવારો ઉજવાશે.

આવતીકાલ તા. ૭ ઓગસ્ટ બુધવારે નાની બાળાઓ નુ ફુલકાજળી વ્રત છે. આ દિવસે નાની બાળાઓ સારા પતિની પ્રાપ્તિ માટે તથા સ્વસ્થ આરોગ્ય માટે ફુલકાજળીનું વ્રત કરે છે. ફુલકાજળી વ્રતમાં નાની બાળાઓ આખો દિવસ ફુલની સુગંધ લેતી હોય છે. કાલે સવારના નાની બાળાઓ ભગવાન શંકર તથા પાર્વતીનુ હૈયાના હેતથી પૂજન- અર્ચન કરશે અને ઉપવાસનું પણ વિધાન છે. કાલે નાની બાળાઓ રાત્રીના ૧૨ વાગ્યા સુધીનું જાગરણ કરશે. આમ પાંચ વર્ષ સુધી વ્રત રહેને પાંચમા વર્ષે પાંચ કે સાત નાની બાળાઓને જમાડીને વ્રતનું ઉજવણું કરે છે.

**-શાસ્ત્રી રાજદીપ જોશી**

### કોર્પોરેશનના નિવૃત સિટી એન્જિનિયર

# અલ્પના મિત્રા નિર્દોષઃ કંઈ ખોટુ થયું નથીઃ વિજીલન્સ રિપોર્ટમાં કલીન ચીટ

## અલ્પના મિત્રાના ઘરેથી ૩૭ ફાઈલ, પર રજીસ્ટર અને ૬ મેજરમેન્ટ બુક મળી આવી!







**અબતક,રાજકોટ**

કોર્પોરેશનના સીટી એન્જિનિયર અલ્પના મિત્રોના ઘરેથી મળી આવેલી ફાઈલો અને રજીસ્ટર કેસમાં કશું જ ખોટું થયું ન હોવાનું વિજિલન્સ તપાસના પ્રાથમિક રિપોર્ટ દર્શાવવામાં આવ્યું હોવાનું જાણવા મળી રહ્યું છે.કારણ કે કોર્પોરેશનના જે કર્મચારીઓ ફાઈલ લઈને ગયા હતા તે સર્ટિફાઈડ સાઈન માટે ગયા હતા.

પોતાના ફરજકાળ દરમિયાન અનેક વિવાદોથી ઘેરાયેલા અને પાંચ દિવસ પૂર્વે જ સ્વૈચ્છીક રાજીનામું મંજૂર કરવામાં આવતા નિવૃત થયેલા કોર્પોરેશનના પૂર્વ સ્પે. સિટી એન્જિનિયર અલ્પના મિત્રાના નિવાસ સ્થાને કોર્પોરેશનની વિજીલન્સ શાખાની ટીમ દ્વારા ગઈકાલે સાંજે દરોડો પાડવામાં આવ્યો હતો.જેમાં અલ્પના મિત્રાના નિવાસ સ્થાનેથી વોટર વર્કસ અને ડ્રેનેજ શાખાને લગતી ૩૭ ફાઈલ પર રજીસ્ટર અને ૬ મેનેજમેન્ટ બુક મળી આવી હતી.

દરોડા દરમિયાન કોર્પોરેશનના ૯ કર્મચારીઓ પણ તેઓના નિવાસ સ્થાને હાજર હતા.

આ અંગે વધુ માહિતી આપતા કોર્પોરેશનના ઈન્ચાર્જ ચીફ વિજીલન્સ ઓફિસર ભરત કાથરોટિયાએ જણાવ્યું હતુ કે,

(અનુ. આઠમા પાને)

### આ ૯ અધિકારીઓ ફાઈલ લઈ મિત્રાના ઘેર ગયા હતા

- કપીલ જોશી (ડીઈઈ વોટર વર્કસ પ્રોજેક્ટ)
- દિવ્યેશ ત્રિવેદી (ડીઈઈ વોટર વર્કસ પ્રોજેક્ટ)
- વ્રજેશ ઉંમટ (ડીઈઈ વોટર વર્કસ પ્રોજેક્ટ)
- એચ.એમ. ખખ્ખર (ડીઈઈ વોટર વર્કસ પ્રોજેક્ટ)
- અશ્વિન કણઝારિયા (એએઈ વોટર વર્કસ પ્રોજેક્ટ)
- રાજેશ રાઠોડ (એઈ ડ્રેનેજ પ્રોજેક્ટ)
- હિરેન્દ્રસિંહ જાડેજા (એએઈ વોટર વર્કસ પ્રોજેક્ટ)
- દેવરાજ મોરી (એએઈ વોટર વર્કસ પ્રોજેક્ટ)
- અંકિત તળાવીયા (વર્ક આસિસ્ટન્ટ વોટર વર્કસ પ્રોજેક્ટ)

### મેં કોઈને બોલાવ્યા નથી કે એકપણ ફાઈલમાં સહી કરી નથીઃ અલ્પના મિત્રા

કોર્પોરેશનના નિવૃત સ્પે. સિટી એન્જિનીયર અલ્પના મિત્રાએ 'અબતક' સાથેની વાતચિત દરમિયાન જણાવ્યું હતુ કે, નિવૃતી બાદ વોટરવર્કસ અને ડ્રેનેજ શાખાના કર્મચારીઓ છેલ્લા બે દિવસથી મને ફાઈલમાં સર્ટિફાઈડ સાઈન કરવા માટે ફોન કરતા હતા મેં તેમને હવે હું ફરજ પર ન હોય તેવું સ્પષ્ટ જણાવ્યું હતુ. તેઓએ કહ્યું હતુ કે તમારા સમયમાં થયેલા કામોમાં તમારે જ સર્ટિફાઈડ સાઈન કરવી પડે તેવો નિયમ હોય છે. મે તેઓને કહ્યું પહેલા તમે મને ફાઈલ બતાવો અને સમજાવો કે મારે કયાં અને કેમ સહી કરવાની રહે છે. ત્યારે કર્મચારીઓએ કહ્યું કે એવું હોય તો અમે તમારા ઘરે આવી ફાઈલોમાં સહી કરાવી જઈએ ગઈકાલે સાંજે હું ઘરે નહતી ત્યારે વોટર વર્કસ અને ડ્રેનેજ શાખાના કર્મચારીઓ ફાઈલો મૂકી ગયા હતા ત્યારે મારા સાસુ અને કામવાળી ઘરે હતા. જયારે હું ઘરે પહોચી ત્યારે વિજીલન્સની ટીમ ત્યાં હાજર હતી મેં એકપણ અધિકારી કે કર્મચારીને મારા ઘરે બોલાવ્યા નથી કે નિવૃતી બાદ એકપણ ફાઈલમાં સહી કરી નથી. જેટલી ફાઈલો જે રિતે મૂકી ગયા હતા તેજ હાલતમાં ભૂમીબેન પરમાર પરત લઈ ગયા છે. હું તમામ તપાસ અને સાથ આપવા તૈયાર છું.

### એવી તે કંઈ ફાઈલો રહી ગઈ જેમાં સહી કરવા પોટલા ઘેર મંગાવવા પડયા?

કોર્પોરેશન કે અન્ય કોઈપણ સરકારી વિભાગના કર્મચારીઓકે અધિકારીઓ વય નિવૃત કે સ્વૈચ્છીક રાજીનામું આપી નિવૃત થાય અને તેઓએ કોઈ કામગીરી બાકી રહેલી હોય તો આવી કામગીરી પૂર્ણ કરવા માટે કચેરીએ આવવું પડે છે. નિવૃત બાદ તેઓ કોઈ ફાઈલ પોતાના નિવાસ સ્થાને મંગાવી શકતા નથી. વોટર વર્કસ અને ડ્રેનેજ શાખાની એવી તે કઈ ફાઈલમાં સહી કરવાની બાકી રહી ગઈ હતી જેના માટે પૂર્વ સિટી એન્જિનીયર અલ્પના મિત્રાએ એક નહી પરંતુ કોર્પોરેશનના ૯-૯ કર્મચારીઓને પોતાના નિવાસ સ્થાને બોલાવવા પડયા હતા ઉંડી તપાસ કરવામાં આવે તો અનેક ભોપાળા ખૂલે તેમ છે.

### મોટાભાગનું સાહિત્ય સર્ટિફાઇડ સાઇન માટેનું હોય ઉંડી તપાસ નહીં થાય!

પૂર્વ સ્પે. સિટી એન્જીનીયર અલ્પના મિત્રાના નિવાસ સ્થાને વિજીલન્સ શાખા દ્વારા હાથ ધરવામાં આવેલી તપાસ દરમિયાન ૩૭ ફાઈલ, પર રજીસ્ટર અને ૬ મેજરમેન્ટ બુક મળી આવી હતી. જે કર્મચારીઓ અને અધિકારીઓ મિત્રાના નિવાસ સ્થાને હતા તેઓએ સાહિત્ય કબ્જે કર્યા બાદ વિજીલન્સ ઓફીસ અને મ્યુનિસિપલ કમિશ્નર સમક્ષ આવીને એવું નિવેદન આપ્યું હતું કે, દરેક કામમાં સર્ટિફાઈડ સાઈનીંગ ઓથોરીટી અધિકારીની હોય છે. નિવૃત થયા બાદ પણ તેઓના ફરજ કાળમાં થયેલા કામોમાં તેઓ જ સાઈન કરવાની હોય. અલ્પના મિત્રાના નિવાસ સ્થાનેથી મળી આવેલું મોટાભાગની ફાઈલો, રજીસ્ટર કે મેજરમેન્ટ બુક સર્ટિફાઈડ સાઈન માટે જ આવ્યું હતું. જેમાં હવે ઉંડી તપાસ થવાની સંભાવના નહિવત છે.

કોઈપણ શાખામાં બાંધકામ સહિતના કામોમાં ૧૦ ટકા બીલ સર્ટિફાઈડ કરવાના હોય છે. આ બીલ જે તે સમયના ઉચ્ચ અધિકારી જ કરી શકે છે. રેન્ડમ વેરિફિકેશનના આધારે સર્ટીફાઈડ કરવાનું રહે છે. અલ્પના મિત્રાના નિવૃતી પહેલાના સમયમાં જે ફાઈલોમાં સહી કરવાની બાકી રહી ગયું હતુ તે ફાઈલોમાં સર્ટિફાઈહ સહી કરાવવા માટે કોર્પોરેશનના ૯ જેટલા અધિકારીઓ તેઓના નિવાસ સ્થાને ગયા હતા દરમિયાન પ્રાથમિક રિપોર્ટમાં ફાઈલ અને રજીસ્ટરની તપાસ કરવામાં આવતા તેઓની વાતમાં તથ્ય હોય તેવું લાગી રહ્યું છે. છતાં મ્યુનીસિપલ કમિશનર દેવાંગ દેસાઈ સમક્ષ રિપોર્ટ મૂકયા બાદ આગળની કાર્યવાહી અંગે નિર્ણય લેવામાં આવશે.


### કોર્પોરેશનની આબરૂનું ધોવાણ

પૂર્વ ટાઉન પ્લાનીંગ ઓફિસર એમ.ડી. સાગઠીયાના કારનામાથી માત્ર ગુજરાત જ નહી દેશભરમાં રાજકોટ મહાનગરપાલિકાની આબરૂનુય ધોવાણ થયું છે. પૂર્વ સ્પે. સિટી એન્જિનીયર અલ્પના મિત્રા અનેક વિવાદોમાં રહી ચૂકયા છે. તાજેતરમાં સાગરનગર આવાસ યોજનામાં કવાર્ટર ફાળવણી કૌભાંડમાં પણ તેઓને ચાર્જશીટ આપવામાં આવી છે. દરમિયાન નિવૃતીના પાંચ દિવસ બાદ તેઓએ સાઈન કરવા માટે ૩૭ ફાઈલ, પર રજીસ્ટર અને ૬ મેનેજમેન્ટ બૂક સાથે કોર્પોરેશનના ૯ કર્મચારીઓને પોતાના ઘેર બોલાવતા કોર્પોરેશનની રહી સહી આબરૂનું પણ ધોવાણ થઈ ગયું છે. કોર્પોરેશન ભ્રષ્ટાચારની ગંગોત્રી બની ગયું હોય તેવું લાગી રહ્યું છે. એકબાદ એક ઉચ્ચ અધિકારીના તોસ્તાન કૌભાંડો સામે આવી રહ્યા છે. અલ્પના મિત્રાના કેસમાં જો પ્રામાણીકતા પૂર્વક ઉંડી તપાસ હાથ ધરવામાં આવે તો હજી કેટલાક નવા ઘટસ્ફોટ થવાની સંભાવના રહેલી છે.

### વિજીલન્સ શાખાની તપાસ દરમિયાન મળી આવેલા સાહિત્યનું રોજકામ મોડીરાત સુધી ચાલ્યુંઃ સાંજે મ્યુની. કમિશનર સમક્ષ રિપોર્ટ રજૂ કરી દેવાશે

# પખવાડીયામાં પ્રાથમિક તપાસ અહેવાલ આવી જશેઃ મ્યુનિ.કમિશનર

## તથ્ય સુધી પહોંચવા માટે ફાઇલ લઇ જનાર તમામ ૯ કર્મચારીઓ અને પૂર્વ સિટી એન્જિનિયરના નિવેદન પણ લેવાશે, હાલ પોલીસ ફરિયાદની આવશ્યકતા જણાતી નથીઃ દેવાંગ દેસાઇ



**અબતક, રાજકોટ**

કોર્પોરેશનના પૂર્વ સ્પેશિયલ સિટી એન્જીનીંયર અલ્પના મિત્રાના ઘરેથી ૩૭ ફાઇલ, બાવન રજીસ્ટ્રર અને ૬ મેજરમેન્ટ બુક મળી આવ્યા બાદ આજે મ્યુનિ.કમિશનર દેવાંગ દેસાઇએ પત્રકારો સાથેની વાતચિત દરમિયાન જણાવ્યું હતું કે હાલ આ કેસમાં પોલીસ તપાસની કોઇ જ આવશ્યકતા જણાતી નથી. એક પખવાડીયામાં વિજીલન્સ તપાસનો પ્રાથમિક અહેવાલ આવ્યા બાદ આગળની કાર્યવાહી કરવામાં આવશે.

તેઓએ ઉમેર્યું હતું કે હાલ એ તપાસ કરવી જરૂરી છે કે પૂર્વ સિટી એન્જીનીંયરે પોતાના ઘરે સાઇન કરવા માટે ફાઇલ મંગાવી હતી કે વોટર વર્ક્સ અને ડ્રેનેજ શાખાના અધિકારીઓ તેઓના ઘરે સામેથી ફાઇલ લઇને ગયા હતા. કોઇપણ કામમાં સર્ટિફાઇડ સહી કરવાની સત્તા શાખા અધિકારી પાસે હોય છે. નિવૃત્ત થઇ જાય કે સ્વૈચ્છિક રાજીનામું આપે તેવા કિસ્સામાં પણ તેઓએ આ જવાબદારી નિભાવવાની રહે છે. તથ્ય સુધી પહોંચવા માટે વિજીલન્સ દ્વારા તપાસ કરવામાં આવી રહી છે. એક-એક ફાઇલ અંગે વિસ્તૃત તપાસ કરવામાં આવશે. આટલું જ નહીં જે ૯ કર્મચારીઓ ફાઇલ લઇને પૂર્વ સિટી એન્જીનીંયરના ઘરે ગયા હતા. તેઓના પણ નિવેદન નોંધવામાં આવશે. આટલું જ નહીં અલ્પના મિત્રાનો પણ નિવેદન લેવામાં આવશે. રાજીનામું આપ્યાના ત્રણ માસ સુધી કેમ ફાઇલોમાં રજીસ્ટ્રરમાં કે મેજરમેન્ટ બુકમાં સહી કરવાનું રહી ગયું તે અંગે પણ વિસ્તૃત તપાસ કરવામાં આવશે. હાલ વિજીલન્સ શાખાના તદ્ન પ્રાથમિક તપાસ અને એકપણ ફાઇલમાં સહી કરેલી ન હોય પોલીસ ફરિયાદ કરવાની આવશ્યકતા નથી. ૧૦ થી ૧૫ દિવસમાં તપાસનો પ્રાથમિક અહેવાલ આવ્યા બાદ આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેમાં જરૂર જણાશે તો તમામને શોકોઝ નોટિસ ફટકારવામાં આવશે.

સામાન્ય રીતે કોઇપણ કર્મચારી કે અધિકારી નિવૃત્ત થયા બાદ પોતાના ઘરે સહી કરવા માટે ફાઇલ લઇ જઇ શકતા નથી કે અન્ય નીચલા કર્મચારીઓને ફાઇલ લઇ સહી કરવા આવવા માટે ફરજ પણ પાડી શકતા નથી. આ કેસમાં ક્યા આધારે ફાઇલો ઘર સુધી પહોંચી તેનું મૂળ શોધવામાં આવશે. ત્યારબાદ જરૂર જણાશે તો શિક્ષાત્મક કાર્યવાહી પણ કરવામાં આવશે. તેઓએ ઉમેર્યું હતું કે પૂર્વ સિટી એન્જીનીંયર અલ્પના મિત્રા સામે આવાસ યોજનાના ક્વાટર ફાળવણીમાં બેદરકારી સબબ ચાર્જશીટ આપવામાં આવી છે. આ કેસમાં પણ વિસ્તૃત તપાસ બાદ ઘટનાના મૂળ સુધી પહોંચવામાં આવશે. ફાઇલ જઇ જનારા તમામના નિવેદન પણ લેવાશે. જેના આધારે આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

# બદલીનો બીજો રાઉન્ડઃ ૧૦ આઈએએસ અધિકારીઓની બદલી

## એસ. ડી. ધાનાણીને પોરબંદર, એક. કે. મોદીને નર્મદા, એન. એન. દવેને વલસાડ અને રતનકંવર ગઢવીને સાબરકાંઠા કલેક્ટર બનાવાયા : સુજીત કુમારને ભાવનગર મનપાના મ્યુનિ. કમિશનર તો શ્વેતા તિઓટિયાને જીયુવીએનએલના ડાયરેક્ટરની જવાબદારી

**અબતક, રાજકોટ**

ગુજરાતમાં બદલીઓની મૌસમ ચાલી રહી છે. ગત અઠવાડિયે જ સિનિયર આઈએએસ અને આઈપીએસની બદલીના ઓર્ડર કરવામાં આવ્યા હતા. જેમાં ૧૮ આઈએએસ અધિકારીઓની જવાબદારી બદલવામાં આવી હતી. આ સિવાય આઠ આઈપીએસ અધિકારીઓની પણ બદલી કરવામાં કરવામાં આવી હતી. ત્યારે હવે બીજા રાઉન્ડમાં ૧૦ આઇએએસ અધિકારીઓની બદલી કરવામાં આવી છે, જેમાં કલેક્ટરોનો સમાવેશ થાય છે.

બી. જે. પટેલને ગાંધીનગરના ડીડીઓ તરીકે નિમણૂક કરવામાં આવી છે. કે. ડી. લાખાણીને શ્રમ વિભાગના ડાયરેક્ટર તરીકે નિમણૂક કરવામાં આવી છે. એસ. ડી. ધાનાણીને પોરબંદરના કલેક્ટર તરીકે નિમણૂક કરવામાં આવી છે. એક. કે. મોદીને નર્મદાના કલેક્ટર તરીકે નિમણૂક કરવામાં આવી છે. એન. એન. દવેને વલસાડના કલેક્ટર તરીકે નિમણૂક કરવામાં આવી છે. રતનકંવર ગઢવીચારણની બદલી સાબરકાંઠા કલેક્ટર તરીકે નિમણૂક કરવામાં આવી છે. સુજીત કુમારને ભાવનગર મનપાના મ્યુનિ. કમિશનર તરીકે નિમણૂક કરવામાં આવી છે. શ્વેતા તિઓટિયાને જીયુવીએનએલના ડાયરેક્ટર તરીકે નિમણૂક કરવામાં આવી છે. એન. વી. ઉપાધ્યાયને કોઓપરેટિવ સોસાયટીના રજિસ્ટ્રાર તરીકે નિમણૂક કરવામાં આવી છે. લલિત નારાયણ સિંહ સંધુને સમગ્ર શિક્ષા અભિયાનમાં પોસ્ટિંગ કરવામાં આવ્યું છે.

ઉલ્લેખનીય છે કે સૂત્રો જણાવી રહ્યા છે કે હજુ રાજ્યના મહેસુલ વિભાગમાં થોડા સમય બાદ મોટા ફેરફારો થવાના છે. આઈએએસ કક્ષાના અધિકારીઓની બદલી કરવામાં આવનાર છે. આ સાથે જીએએસ અધિકારીઓની પણ મોટા પાયે ફેરબદલ કરવામાં આવનાર છે. આ સાથે પ્રમોશનોના રાઉન્ડ પણ આવશે તેવું જાણવા મળી રહ્યું છે.